
ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર
# નિરીક્ષક
સ્થાપના : ૧૯૬૮

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every Month. Publish on 1st & 16th of every Month.

૧ ફેબ્રુઆરી ૨૦૨૧
અંક : ૦૩
પૃષ્ઠ : ૨૪
કિં. રૂ. : ૬/-

અનુક્રમ


- **એમન્ડા ગોર્મન** ૩
  કપરાં ચઢાણ
- **જૉ. બાઇડન** ૪
  ઇતિહાસ અને આશાનો દિવસ
- **રાજેન્દ્ર દવે** ૬
  વીસમી જાન્યુઆરી,
  લોકતંત્રનો વિજયદિવસ
- **કૃષ્ણાદિત્ય** ૭
  માણસ થઈને
- **નોમ ચૉમ્સ્કી** ૮
  'ફિલ ગૂડ' અથવા
  'ડુ ગૂડ' : પસંદગી તમારે
  કરવાની છે
- **ગણેશ દેવી** ૧૬
  ઇતિહાસનું ભાવિ
- **દક્ષા વ્યાસ** ૧૮
  'બિહાર પછી દિલ્હી'
- **પ્રો. હેમન્તકુમાર શાહ** ૨૦
  ચોથી ઔદ્યોગિક ક્રાંતિ અને
  ગિગ ઇકોનૉમી
- **નટુભાઈ પરમાર** ૨૨
  દલિતજીવનનો અધિકૃત દસ્તાવેજ :
  'જ્યોં કી ત્યોં ધર દીની ચદરિયાં'
- **ઉર્વીશ કોઠારી** ૨૪
  સ્ત્રીયાર્થ : વાંધાવિરોધથી
  વધામણી સુધી

**એમન્ડા ગોર્મન**
**જુઓ પૃષ્ઠ ૩**

## રાજધાનીમાં ૨૬મી જાન્યુઆરી, એક રિપોર્તાજ

**કુમાર પ્રશાંત**

આઝાદી પછી આ પહેલો ગણતંત્ર દિવસ હતો જ્યારે રાજધાની દિલ્હીમાં બે પરેડ થઈ - એક હરહંમેશ થતી સરકારી પરેડ, બીજી કિસાનોની ટ્રેક્ટર પરેડ. કોણે ધાર્યું 'તું કે ૭૨મા ગણતંત્ર દિવસ સુધી પહોંચતાં પહોંચતાં દેશ આ રીતે વહેંચાયેલો માલૂમ પડશે? આજે તે કિસાનો અને બિનકિસાનોમાં જ નહીં, પક્ષ અને વિપક્ષમાં જ નહીં, લોક અને તંત્ર વચ્ચે જ નહીં, તનમનથી એટએટલે ઠેકાણે વહેંચાયેલ છે કે તમે એનો વિચાર કરતાં ગભરામણ અનુભવવા લાગો. તિરંગો પણ એક નથી રહ્યો. જો એ એક રહ્યો હોય તો કોઈ બીજા ઝંડા લઈ લાલ કિલ્લા પર ચડવાની જરૂરત જ કેમ પડી?

આઈટીઓ ચાર રસ્તે ઉત્તર પ્રદેશના ભાવાવેશથી કાંપતા કિસાન સતનામસિંહે આ સ્તો કહેવાની કોશિશ કરી હતી : "તમે જ કહો, જો આ ગણતંત્ર કહેવાતું હોય તો ક્યાં છે ગણ? અમને અમારી રાજધાનીમાં રોકનારા કોણ છો તમે? અમે જ તમને બનાવ્યા છે, આવતી કાલે અમે જ કોઈ બીજાને બનાવીશું તો તમે તો નહીં રહો, પણ અમે તો હોઈશું જ. તમે અમારા અસ્તિત્વને જ નકારવા ચાહો છો?... તમે અમને બેરોકટોક આવવા દીધા હોત તો આવો ઉત્પાત થાત જ શેનો. અમે જો અહીં બેરોકટોક પહોંચી ગયા હોત તો વિમાસણમાં જ પડી ગયા હોત કે અહીં આવીને કરવું શું ? અહીં પહોંચીને અમે કરીકરીને એવું તો શું કરી લેવાના હતા? પણ તમે તો અમને રોકીને, અમારાં ટ્રેક્ટર તોડીને, અમારી ગાડીઓના કાચ ચૂરચૂર કરીને, અમારા પર લાઠીઓ વરસાવીને, અમને વળતાં એવાં કામ ઝલાવી દીધાં જેને માટે હવે તમે અમારી વિરુદ્ધ પ્રચાર કરાવી રહ્યા છો!" ભાવુક થઈ સતનામસિંહ બોલતા રહ્યા : "ઉત્તર પ્રદેશમાં હિંદુઓ અને શીખો વચ્ચે ફાટ પાડવામાં તમે કશું બાકી નથી રાખ્યું. હિંદુઓના મનમાં એવું ઝેર રેડવાની કોશિશ કરી કે કિસાન આંદોલનનું ઓઠું લઈ અમે ખાલીસ્તાન બનાવીશું. અમે તો હિંદુ ભાઈઓને લાખ લાખ ધન્યવાદ દઈએ છીએ કે એમણે આ ઝેરને ચિત્તમાં સ્થાન નથી આપ્યું. ખરેખર તો આંદોલનની સૌથી મોટી તાકાત જ એ છે કે હિંદુ-શીખ-મુસ્લિમ-પારસી-દલિત સૌને એણે જોડ્યા છે અને એક મંચ પર આણ્યા છે. ભૈસાબ, હું કહું છું કે અમારાં મક્કા-મદીના, કાબા-કૈલાસ, ખાલીસ્તાન બધું આ હિંદુસ્તાન છે. અમે ન તો એ સિવાય કશું ઈચ્છીએ છીએ, ન તો કશું માંગીએ છીએ."

કિસાન સંગઠનોએ સમાંતર ટ્રેક્ટર રેલીની જાહેરાત કરી હતી અને ભારે સાવધાનીપૂર્વક એ માટેની તૈયારી પણ કરી હતી. પણ એમનેય એવો અંદાજ નહોતો કે કેટલા કિસાન, કેટલાં ટ્રેક્ટર સાથે આવી લાગશે. સરકારને પણ અંદાજ નહોતો કે કિસાન આંદોલનનાં મૂળિયાં કઈ હદે ઊંડે ગયેલાં છે. એટલે આંદોલન અને સરકાર બેઉ ગણતંત્ર દિવસની સવારે આંખો ચોળતાં ઊઠ્યાં તો સૂરજ માથે ચડી ગયો હતો. દિલ્હી-ગાઝીપુર સીમાએ એકત્ર થયેલ કિસાન જમાવડો દિલ્હી

પોલીસ સાથેની સમજૂતી તોડીને નીકળી પડ્યો હતો. એણે ન તો નિર્ધારિત સમયનું પાલન કર્યું, ન તો નિર્ધારિત રસ્તાનું. ને સીધો દિલ્હી ભણી વળી ગયો. એક ટોળી આમ વળી ગઈ તો બીજી ટોળીઓએ પણ વગર વિચાર્યે એમ કર્યું... આનેસ્તો ભીડ કહે છે ને!

જેને ટ્રેક્ટરોનો કાફલો કહેવાય છે તે શું ને કેવો હશે એનો કોઈ પૂર્વાનુભવ ન તો કિસાનોને હતો, ન તો પોલીસોને. કિસાનોએ બે-ચાર-દસ ટ્રેક્ટરોને ખેતરમાં જતાં જોયાં હોય તો હોય; અને પોલીસ બચાડી મહાનુભાવોના કાર કાફલાને જાણતી હોય. એટલે જ્યારે કિસાનોની ટ્રેક્ટર રેલી દિલ્હીની સીમમાં દાખલ થઈ તો પોલીસ અધિકારીઓના ચહેરા પર અચરજ અને અવિશ્વાસ સિવાય કોઈ ખાસ ભાવ પણ નહોતો. ટ્રેક્ટર તો શું, માનસિકતાની રીતે મીની ટૅંક જ કહોને, રસ્તા પર ચાલી રહ્યાં હતાં. રસ્તા પરનાં બેરિકેડ એવી રીતે ખડી રહ્યાં હતાં, જાણે કે પત્તાં. પોલીસે ખડા કરેલ અવરોધની આવી અવમાનના મીડિયાબંધુઓને બહુ વાગી અને એમણે એના પર એક સંદર્ભહીન પણ તીખી ટિપ્પણી કરી. મને તો રાજધાનીમાં આવી હર કોઈ ઘેરાબંધી હંમેશ કઠતી રહી છે, અને ગોબરી લાગતી રહી છે. આ વખતે કિસાનોએ તે તોડી પાડી એટલું જ નહીં પોલીસ ખાતાનો એ ભ્રમ પણ તોડી નાખ્યો કે પોલીસે ઊભો કરેલ અવરોધ અનુલ્લંઘ્ય જ હોય. લોખંડી રૂકાવટ હો કે કાનૂની, કોઈ પણ અવરોધ ત્યાં લગી જ મજબૂત રહી શકે છે અને એટલા જ મજબૂત હોય છે જ્યાં લગી લોક એને સ્વીકારે છે. એકવાર અવરોધ નકારી દીધો તો લોક એવરેસ્ટ પણ સર કરી શકે છે. સરકાર અને સંબંધિત સૌ  આ સંદેશ યાદ રાખી શકે તો ગણ અને તંત્ર બેઉનું હિત થશે.

જોકે દિલ્હીના હૃદયસ્થળ રૂપ આઈટીઓ લગી પહોંચ્યા પછી રાજપથ અને લાલ કિલ્લે પૂગવા સારુ ખેડૂતોએ અને એમના ટ્રેક્ટરોએ આંખ મીંચીને જે દોટ મેલી તે શરમજનક જ નહીં બેહદ ખતરનાક પણ હતી. કાયદો ને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેમના પર હતી તે પોલીસવાળાનું સંખ્યાબળ ને મનોબળ બેઉ ઓછાં હતાં. વળી નોકરિયાત અને આંદોલનકાર વચ્ચે મનોબળનો ફરક તો સાફ દેખાઈ આવતો હતો. સાચા આંકડા તો પોલીસ ખાતું જ આપી શકે પણ નાખી નજરે ૫૦૦-૭૦૦ આંદોલનકારોએ સરાસરી એક પોલીસ પણ કદાચ નહોતો.

સંખ્યા વચ્ચેની આ વિષમતા જોતાં પોલીસ કારવાઈ બેઅસર રહેવાનો સંભવ સાફ હતો. તેમ છતાં, અહીં એટલું પણ ઉમેરવું જોઈએ કે પોલીસ અધિકારીઓએ સંયમ જાળવીએ સમજદારીભર્યો ફેંસલો લીધો અને ઉન્મત્ત કિસાનોને ઠીકઠીક મનમાની કરવા દીધી. નહીં તો, આઈટીઓ ચોક ખાતે ગણતંત્ર દિવસ ૪ જૂન ૧૯૮૯ના રોજ બૈજિંગના ટાઈનામેન ચોકની યાદ આપતો બની રહ્યો હોત.

આનો અર્થ એ નથી કે જે હાલત રાજધાનીમાં પેદા થવા દેવાઈ તેની આપણે પ્રશંસા કરવી. ૨૦૨૦ના જૂન મહિનાથી કિસાન આંદોલન ઊંડા શ્વાસ ભરતું હતું અને છેલ્લા સાઠ દિવસથી એનું તાપમાન ગર્જનવત્ અનુભવાતું હતું. દિલ્હી પ્રવેશના સઘળા રસ્તા પર કિસાનોએ કિસાનનગરી વસાવી દીધી હતી : એક કિલ્લેબંધી સરકારી નિર્દેશ મુજબ પોલીસોએ કરી રાખી હતી તો બીજી કિસાનોએ. કોઈપણ રાજધાની આ રીતે પ્રભાવહીન શાસકો અને નાસમજ વહીવટકારોને ભરોસે કેવી રીતે છોડી શકાય ? સર્વોચ્ચ અદાલતે પણ, કેવી રીતે કામ લેવું તે પોલીસે નક્કી કરવાનું છે કહીને હાથ ઊંચા કરી દીધા હતા. ખબરદાર, તમે બંધારણીય મર્યાદા તોડી તો એટલું તો કમસેકમ કહેવું જ જોઈતું હતું. ગમે તેમ પણ, કિસાનો કોઈપણ નિર્ણય લેવાની સરકારની અક્ષમતા સમજી ગયા હતા. વાતચીતનાં દસ રાઉન્ડ દરમિયાન એમણે જોઈ લીધું કે સરકાર પાસે કશી સૂઝ નથી. કોણે કોનું ખાધું, ન ખાધું, શું ખાધું, હવે આગલી બેઠક ક્યારે, એ સિવાય કશું આગળ ચાલ્યું નહીં. કિસાનોએ પહેલેથી છેલ્લે સુધી એક જ વાત કહી કે ત્રણે કાયદા પાછા લો અને અમને ઘરભેગા થવા દો. કાયદા પાછા નહીં ખેંચવા સબબ સરકાર પાસે કોઈ તર્ક નહોતો. વળી નકલી સંગઠનો આગળ કરવાની અને વડાપ્રધાન જાણે અલાદીનના જાદુઈ ચિરાગનો

*અનુ. પૃ. ૧૭*


**✳ 'નિરીક્ષક' દર માસની ૧ અને ૧૬ તારીખે પ્રકાશિત થાય છે.**

✳ લવાજમ : (દેશમાં) વાર્ષિક રૂ.૨૦૦/-
(વિદેશમાં) વાર્ષિક રૂ.૨૫૦૦/-

**✳ વાર્ષિક લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામે ડ્રાફ્ટથી અથવા ચેક કે મ.ઓ.થી શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદના સરનામે (પાન નં.૨૪) મોકલવામાં આવે તે અપેક્ષિત છે. આજીવન સભ્યપદની રકમ 'નિરીક્ષક ફાઉન્ડેશન'ના નામે અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી મોકલવા.**

✳ સંપાદકીય પત્રવ્યવહાર : 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઑફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯. (ફોન : ૨૬૫૬૨૮૦૬)

✳ બ્લોગ : nirikshakgujaratipakshik.wordpress.com

**તંત્રી : પ્રકાશ ન. શાહ -** E-mail : editor.nireekshak@gmail.com

**સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી**
E-mail : vipoolkalyani.opinion@btinternet.com

**સંપાદક : કેતન રુપેરા -** E-mail : ketan.nireekshak@gmail.com



**લવાજમ ભરવા માટે સરનામાં**

| | |
|---|---|
| અમદાવાદ | ● **વિજય મેગેઝિન વર્લ્ડ** : ૬૨, કલ્યાણ ભવન, બીજા માળે, રૂપમ સિનેમા પાસે, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧ |
| | ● **અદીત એજન્સી (એસ.બી. શાહ)** : ૭૨/૮૬૨, અંબિકા એપાર્ટમેન્ટ, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩ |
| | ● **સૌરભ પુસ્તક ભંડાર** : બી/૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨ |
| | ● **નવકાર મેગેઝિન એજન્સી** : એ, ૭૦૨, ચિન્મય ટાવર, વિશ્રામનગર, સુભાષચોક, મેમનગર, અમદાવાદ-૫૨ |
| | ● **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧-૨, પહેલા માળે, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦૦૦૬ |
| આણંદ | ● **મેગેઝિન વર્લ્ડ** : ગોપાલ ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧ |
| પાટણ | ● **એજ્યુકેશનલ એમ્પોરિયમ** : ૩૬, ઉમિયાનગર, પાટણ-૩૮૪૨૬૫ |
| ભાવનગર | ● **શિવમ એન્ટરપ્રાઇઝ** : બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ, વનિતા વિશ્રામ સામે, ડોન રોડ, ભાવનગર-૦૧ |
| મહેસાણા | ● **નવનીત મેગેઝિન એજન્સી** : એસ-૬, શ્રદ્ધા કોમ્પ્લેક્સ, બીજા માળે, નગરપાલિકા સામે, મહેસાણા-૦૧ |
| | ● **પીયૂષ મેગેઝિન એજન્સી** : એસ/૨૧, એ, મુલ્કીભવન, વર્ધમાન વિદ્યાલય પાસે, બસ સ્ટેન્ડ પાસે, મહેસાણા-૦૧ |
| મુંબઈ | ● **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.** : ૧૯૯/૧, ગોપાલભુવન, કલબાદેવી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ |
| સુરત | ● **કીમ એજ્યુકેશન સોસાયટી સ્ટુડન્ટ કન્ઝ્યુમર સ્ટોર્સ** : કીમ, જિ. સુરત-૩૯૪૧૧૦ |

**જા.ખ.ના દર**

| | |
|---|---|
| આવરણ-૪ | રૂ. ૪૦૦૦/- |
| આવરણ-૩ | રૂ. ૩૦૦૦/- |
| અંદરનું આખું પાનું | રૂ. ૨૦૦૦/- |
| અંદરનું અડધું પાનું | રૂ. ૧૦૦૦/- |
| સેન્ટર સ્પ્રેડ | રૂ. ૪૦૦૦/- |
| પુસ્તકોની જા.ખ. | અડધા દરે |

## કપરાં ચઢાણ / એમન્ડા ગોર્મન

*(જો બાઇડનના પદારોહણ અવસરે)*

દિવસ એ આવી ચઢે, પૂછીએ જાતને જ્યાં
અનંત આ અંધકારમાં, પ્રકાશ શોધવો ક્યાં?
નુકસાન વેઠતાં, નવયુગી ઉદધિ વલોવતાં,
જાણે વિકરાળ કેસરિયાળને પંપાળતાં
અમો શીખ્યા, જે શાંત દેખાય તે સદૈવ શાંતિપૂર્ણ ના
મૂલ્યો ને ધોરણો ને ચાલી આવતી પરંપરાઓ, ન્યાય તે ન્યાયના

એ છતાં, આવનારી પરોઢ આપણી
અજાણતાં જ, અગમ્ય ઢબે
ઝંઝાવાતોને સામી છાતીએ ઝીલનાર
એ રાષ્ટ્ર, અપૂર્ણ છતાં ય અતૂટ
એ દેશના અમે વારસ,
જ્યાં ગુલામોની આ વંશજ
એકલ માતાથી ઉછેરેલ
એક દૂબળીપાતળી કાળી છોકરી પણ
ન માત્ર રાષ્ટ્રપતિ થવાનું સ્વપ્ન સેવી શકે
એના રાષ્ટ્રપતિને પોતાના આ વિચાર પ્રત્યક્ષ કહી શકે

ન આપણે બેદાગ, ન આપણે પવિત્ર
સંઘર્ષ એ ન કે બને ગણસંઘ સંપૂર્ણ
સંઘર્ષ એ જ કે બને ગણસંઘ સઉદ્દેશ્ય
સર્વ સંસ્કૃતિ, ધરમ, વરણ સમાવિષ્ટ
દેશ આખો માણસમાત્રને પ્રતિબદ્ધ
ઉઠો, જાગો અને મંડ્યા રહો
માંહેના કલહ નહીં, સામેના પડકાર ઝીલો
ભેદ ભગાવી ભવિષ્ય બનાવો
હથિયાર ફગાવી હાથ મિલાવો
હાનિ હટાવી હામ બંધાવો

દુનિયા આખીને આ હકીકત માલૂમ થજો
કે વિષાદમાં પણ આપણે વિકાસ સાધ્યો છે
કે યાતના છતાં આપણે યત્ન જરૂર આદર્યો છે
કે આઘાતમાં ય આપણે આશ જાળવી છે
કે વૈવિધ્ય છતાં એકતા આપણી કાયમ છે
વિજયી ભવ
એટલે નહીં કે આપણે ફરીથી કદી હાર જાણશું નહીં
પરંતુ એટલે કે આપણે ફરીથી કદી ભાગલા વાવશું નહીં

ધર્મગ્રંથ પરિકલ્પે
ખેડે તેની જમીન ને વાવે તેનું વૃક્ષ
રહે ન તેમને કોઈનો ડર
જો રહેવું સમયના પ્રવાહની સાથ
તો ફતેહ નથી તલવારની ધાર સંગ
તું સંબંધોના સેતુ બાંધતો ચાલ
વચન તને, ગાઢ વગડામાં ય ઉમંગ
કપરાં ચઢાણ
હિંમત દેખાડ
'અમેરિકન હોવું' એ આપણી પરંપરાઓમાં
ગૌરવ લેવા પૂરતું સીમિત નથ્ય
કાળના વહેણમાં ડગ માંડ
એમાં સુધાર કરવાની ફરજ પણ સામેલ

આપણે એ તાકાતો રૂબરૂ ભાળી ખરે
દેશની અસ્મિતાને જે વહેંચે નહીં, વિભાજિત કરે
લોકના શાસનને વિલંબિત કરવા જે રાષ્ટ્રનો જ વિનાશ ચહે
એ પ્રયાસ થયો માંડ વિફળ અરેરે!
લોકશાહીને કાળાંતરે કોઈ હડદોલી ય કાઢે
પણ કાયમી હરાવી કદાપિ ના શકે
આ સત્યમાં
આ આસ્થામાં, અમને વિશ્વાસ
મીટ ભલે માંડીયે આપણે ભાવિ તરફે
સ્વયં ઇતિહાસની નજર આપણા પરે
યુગ નૂતન, બન મુક્તિ ભાણ
આરંભ પ્રચંડ, શંકા નવ આણ
ભયાવહ કાળ, મ્હોમાં પ્રાણ
અંદર જ શક્તિ, એટલું જાણ
કાગળ પર નવ અધ્યાય તાણ
આસ ને હાસ ખુલીને માણ

ના પૂછ પંથ શી આફત ખડી છે
ઉત્પાત ઉથાપ, હાકલ પડી છે

કદમ કદમ બઢે ચલો
પાછાજોણું નહીં, આગળ વધો
દેશ આ અઘાત નહીં, પણ અખંડ ખસૂસ
પરોપકાર તથાપિ સાહસયુક્ત
પ્રખર જોમ અને હૈયા મુક્ત
રોક્યા અમે રોકાશું ના
ડરાવ્યા અમે ડરશું ના

જાણજો કે આપણાં અકર્મણ્યતા ને આળસ
બનશે આવનાર પેઢીના અનિવાર્ય ભારણ
બાંધો મનમાં એક ગાંઠ :
જો ભેળવીએ કરુણામાં કૌવત
મિલાવીએ અનુકંપા અને અધિકાર
તો વ્હાલપના બનશે સૌ વારસદાર
ને પરિવર્તન હશે જન્માધિકાર

તો ચાલો, એક બહેતર દેશ બનાવીએ
મારી તામ્રવર્ણી છાતીમાંથી ઉફળતો દરેક શ્વાસ કહે
ઘવાયેલ આ વિશ્વમાં, સારપના દ્યોતક બનીએ
ઉઠો સૌ બિરાદર

આથમણે સ્વર્ણલિપ્ત કરાડો માંહેથી ઉઠો
ક્રાંતિની જ્વાળા જગવતાં ઓતરાદા વાયરામાંથી ઉઠો
મધ્યપશ્ચિમના તાલનગરોમાંથી ઉઠો,
સૂર્યતપ્ત દખ્ખણમાંથી ઉઠો
પુનર્નિર્માણ, પુનર્વિચાર અને પુનર્વિકાસ
આ દેશના ખૂણેખૂણાનો, છેવાડેછેવાડાનો
દેશબંધુ ઉઠો, લોક ભિન્ન છતાં સુભગ
દેશબંધુ ઉઠો, લોક ભગ્ન તોયે સુભગ
ઊંડા અંધારેથી, બંધુ! પરમ તેજે તું લઈ જા
ભયમુક્ત, આઝાદ નવે પ્રભાતે તું લઈ જા
પ્રકાશ છે જ, બસ શોધતો જા
પ્રકાશ છે જ, તું સ્વયં થઈ જા

ભાવાનુવાદ : **દુર્ગેશ મોદી**

## ઇતિહાસ અને આશાનો દિવસ / જો. બાઇડન

*(અમેરિકાના ૪૬મા રાષ્ટ્રપતિ જૉસફ આર. બાઈડન જુનિયરનું ૨૦ જાન્યુઆરીના શપથ-સમારોહ પ્રસંગનું અભિભાષણ)*

ચીફ જસ્ટીસ રૉબર્ટ્સ, વાઈસ પ્રેસિડન્ટ હૅરિસ, સ્પીકર પલોઝી, લીડર સ્ક્યુમર, લીડર મૅકોનેલ, વાઈસ પ્રેસિડન્ટ પૅન્સ, વિશિષ્ટ મહેમાનો તથા મારા સાથી અમેરિકનો :

આજે અમેરિકાનો દિવસ છે.

આજે લોકશાહીનો દિવસ છે.

ઇતિહાસ અને આશાનો દિવસ.

નવીનીકરણ અને નિશ્ચયનો દિવસ.

યુગો સુધી યાદ રહેશે એવી આકરી કસોટી દરમિયાન અમેરિકાની નવી કસોટી થઈ છે અને અમેરિકાએ પડકાર ઝીલી બતાવ્યો છે.

આજે, આપણે એક ઉમેદવારનો નહીં બલકે એક માન્યતાનો, લોકશાહીની માન્યતાનો વિજય મનાવી રહ્યાં છીએ.

લોકોની મરજી સાંભળવામાં આવી છે અને લોકોની મરજીને લક્ષમાં લેવામાં આવી છે.

આપણે શીખ્યાં છીએ કે લોકશાહી મૂલ્યવાન છે.

લોકશાહી નાજુક છે.

અને આ ક્ષણે, મારા દોસ્તો, લોકશાહીનું પ્રભુત્વ જળવાયું છે.

તેથી હવે, આ પાવનસ્થળ ઉપર જ્યાં થોડાક જ દિવસો અગાઉ હિંસાએ આ કૅપિટલનો પાયો હચમચાવી કાઢવા ધાર્યો હતો, આપણે ઈશ્વર હેઠળ, એક રાષ્ટ્ર તરીકે એકઠાં મળ્યાં છીએ, અવિભાજ્ય, બે સદીથી વધુ કરતા આવ્યાં છીએ, એમ સત્તાની શાંતિપૂર્ણ ફેરબદલી પાર પાડવા માટે.

આપણે આગળ જોઈએ છીએ, આપણા આગવા અમેરિકી અંદાજમાં — બેચેન, સાહસિક અને આશાવાદી — અને એ રાષ્ટ્ર ભણી મીટ માંડીને જે આપણે જાણીએ છીએ કે બની શકીએ છીએ અને બનવું પડશે.

અત્રે હાજર બન્ને પક્ષોના મારા પૂર્વગામીઓનો હું આભાર માનું છું.

મારા હૃદયના ઊંડાણથી હું એમનો આભાર માનું છું.

આપણા બંધારણની સ્થિતિસ્થાપકતા અને આપણા રાષ્ટ્રની શક્તિ તમે જાણો છો.

જેમ પ્રેસિડન્ટ કાર્ટર પણ જાણે છે, જેમની સાથે મેં ગઈ કાલે રાત્રે વાત કરી, પરંતુ તેઓ હાજર રહી શક્યા નથી, એમની જીવનભરની સેવા માટે આપણે એમને સલામ કરીએ છીએ.

સૌપ્રથમ જ્યૉર્જ વૉશિંગ્ટને લીધા પછી, આ તમામ રાષ્ટ્રભક્તોએ લીધેલા પવિત્ર સોગંદ મેં હમણાં જ લીધા.

પરંતુ અમેરિકાની કહાણી અમારામાંનાં કોઈ એક પર નહીં, અમારામાંનાં અમુક પર નહીં, બલકે આપણા સૌ પર આધાર રાખે છે.

વધુ પરિપૂર્ણ સંમિલનની ખેવના રાખનાર 'વી ધ પીપલ' ઉપર આધાર રાખે છે.

આ મહાન રાષ્ટ્ર છે અને આપણે ભલા લોકો છીએ.

સદીઓ પર્યંત તોફાન અને સંઘર્ષ, શાંતિ અને યુદ્ધ વટાવી આટલે દૂર આવ્યાં છીએ. પરંતુ હજુ આપણે વધુ દૂર જવાનું છે.

આપણે ઝડપ અને ઉતાવળથી આગળ ધપીશું, કારણ કે સંકટ અને શક્યતાના આ શિયાળામાં આપણે ઘણું કરવાનું છે.

ઘણું સમારકામ કરવાનું છે.

ઘણું પુનઃસ્થાપિત કરવાનું છે.

ઘણા ઘા ભરવાના છે.

ઘણું બાંધવાનું છે

અને ઘણું મેળવવાનું છે.

હાલ આપણો જે કાળ ચાલી રહ્યો છે, એનાથી વધુ પડકારરૂપ કાળ આપણા રાષ્ટ્રના ઇતિહાસમાં ઓછા આવ્યા છે.

સદીમાં એક વાર આવે એવો વાઇરસ ચૂપચાપ આપણા દેશમાં શિકાર પર નીકળ્યો છે.

સમગ્ર બીજા વિશ્વયુદ્ધમાં જેટલી જાનહાનિ નહોતી થઈ, એટલી એક વર્ષમાં અમેરિકામાં થઈ છે.

લાખો નોકરીઓ જતી રહી છે.

હજારો વેપારો બંધ થઈ ગયા છે.

૪૦૦ વર્ષથી સંભળાતો આવતો વંશીય ન્યાય માટેનો પોકાર આપણને ઝકઝોરે છે. ન્યાયનું સ્વપ્ન સાકાર કરવામાં હવે વિલંબ નહીં થાય.

આપણો ગ્રહ જ અસ્તિત્વ માટે પોકારી રહ્યો છે. એના પોકારને હવે વધુ મરણિયો કે વધુ સ્ફુટ થવા દેવામાં નહીં આવે.

ને હવે, રાજકીય ઉગ્રવાદ, શ્વેત સર્વોપરિતા, ઘરેલુ આતંકવાદે માથું ઊંચક્યું છે, જેને આપણે પડકારવાનાં છે અને જેને આપણે પરાજિત કરીને જંપીશું.

આ પડકારોને પહોંચી વળવા — અમેરિકાના આત્માને પુનઃસ્થાપિત કરવા અને અમેરિકાના ભાવિને સુરક્ષિત બનાવવા — શબ્દો કરતાં વધુનો ખપ પડશે.

એના માટે લોકશાહીમાં હાથમાં આવવી સૌથી મુશ્કેલ ચીજનો ખપ પડશે :

એકતા.

એકતા.

વૉશિંગ્ટનમાં અન્ય એક જાન્યુઆરીમાં, ૧૮૬૩ના નવા વર્ષના દિવસે અબ્રાહમ્ લિંકને ઇમેન્સિપેશન પ્રોક્લમેશન પર હસ્તાક્ષર કર્યા હતા.

જ્યારે એમણે કાગળ પર કલમ મૂકી, એમણે કહ્યું, “જો મારું નામ ઇતિહાસમાં યાદ રખાશે, તો એ આ કાર્ય માટે હશે અને આમાં મારો સમગ્ર આત્મા પરોવાયેલો છે.”

મારો સમગ્ર આત્મા પરોવાયેલો છે.

આજે, આ જાન્યુઆરીએ, મારો સમગ્ર આત્મા આમાં પરોવાયેલો છે :

અમેરિકાને એકઠું લાવવું.

આપણાં લોકોને એક કરવાં.

આપણા રાષ્ટ્રમાં એકતા સ્થાપવી.

આ કાર્યમાં પ્રત્યેક અમેરિકનને મારો સાથ આપવા આહ્વાન કરું છું.

આપણી સમક્ષ ઊભા થયેલા દુશ્મનો સામે એક થઈને લડવું.

આક્રોશ, નારાજગી, ઘૃણા,

ઉગ્રવાદ, અરાજકતા, હિંસા,

રોગચાળો, બેરોજગારી, નિરાશા.

એકતા રાખીને આપણે મહાન કાર્યો કરી શકીશું, મહત્ત્વનાં કાર્યો કરી શકીશું.

ખોટાને ખરામાં ફેરવી શકીશું.

લોકોને સારી નોકરીઓ અપાવી શકીશું.

આપણાં સંતાનોને સુરક્ષિત શાળાઓમાં ભણાવી શકીશું.

આ ખતરનાક વાઇરસને માત આપી શકીશું.

આપણે કાર્યને પુરસ્કૃત કરી શકીશું, મધ્યમવર્ગને બેઠો કરી શકીશું અને આરોગ્યસેવાઓ બધાંને મળે એની ખાતરી કરી શકીશું.

વંશીય ન્યાયનો અમલ કરી શકીશું.

એક વાર ફરી સારા અર્થે અમેરિકાને આપણે વિશ્વને દોરનારું બનાવી શકીશું.

હું જાણું છું કે એકતાની વાત અમુકને મૂર્ખ તુક્કા જેવી લાગતી હશે.

હું જાણું છું કે આપણું વિભાજન કરનારાં પરિબળો ઊંડાં અને વાસ્તવિક છે.

પરંતુ હું એ પણ જાણું છું કે એ નવાં નથી.

આપણે સર્વ સમાન બનાવાયા છીએ એ અમેરિકન આદર્શ અને આપણને લાંબા સમયથી વિભાજિત કરનાર વંશવાદ, દેશીયતાવાદ, ભય અને રાક્ષસીકરણની વરવી અને અધમ વાસ્તવિકતા વચ્ચેનો અવિરત સંઘર્ષ આપણા ઇતિહાસમાં નોંધાયેલો છે.

યુદ્ધ સાર્વકાલિક છે.

વિજય ક્યારેય નિશ્ચિત હોતો નથી.

આંતરવિગ્રહ, મહામંદી, વિશ્વયુદ્ધ, ૯/૧૧ દરમિયાન, સંઘર્ષ, બલિદાન અને અડચણો દરમિયાન આપણા ‘સારા દૂતો’ હંમેશાં પ્રવર્ત્યા છે.

આ દરેક પળમાં આપણે પર્યાપ્ત સંખ્યામાં ભેગાં મળીને આપણને આગળ લઈ જઈ શક્યાં છીએ.

અને, આપણે આજે પણ એવું કરી જ શકીશું.

ઇતિહાસ, વિશ્વાસ અને વિચારશક્તિ માર્ગ ચીંધતાં હોય છે, એકતાનો માર્ગ.

આપણે એકબીજાંને શત્રુ તરીકે નહીં, પરંતુ પાડોશી તરીકે જોવા જોઈએ.

આપણે એકબીજાં સાથે માનસંમાનથી વર્તવું જોઈએ.

આપણે સહિયારી શક્તિથી બૂમાબૂમ બંધ કરીને આવેશને ઠંડા પાડવા જોઈએ.

એનું કારણ એ કે એકતા વિના શાંતિ ન હોઈ શકે, માત્ર કડવાશ અને આક્રોશ હોઈ શકે.

પ્રગતિ નહીં, માત્ર થકવી નાખતો આક્રોશ.

રાષ્ટ્રને સ્થાને અંધાધૂંધીનું વાતાવરણ.

કટોકટી અને પડકારની આ આપણી ઐતિહાસિક ક્ષણ છે અને આગળ વધવાનો માર્ગ કેવળ એકતા છે.

અને આ ક્ષણને આપણે યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા તરીકે વધાવવાની છે.

જો આપણે એમ કરીશું તો હું તમને ખાતરી આપું છું કે આપણે નિષ્ફળ નહીં જઈએ.

જ્યારે ક્યારે પણ આપણે અમેરિકામાં સાથે મળીને કર્મ કર્યું છે, આપણે ક્યારેય પણ નિષ્ફળ ગયાં નથી.

અને માટે આ ક્ષણે, આ સ્થળે, ચાલો નવી શરૂઆત કરીએ.

આપણે સૌ,

ચાલો એકબીજાંને સાંભળીએ.

એકબીજાંને કાન ધરીએ.

એકબીજાંને જોઈએ.

એકબીજાંને સંમાન આપીએ.

રાજકારણ પોતાના માર્ગમાં આવતી દરેક ચીજને નષ્ટ કરનારી ભભૂકતી આગ ન હોવી જોઈએ.

દરેક અસંમતિ સંપૂર્ણ યુદ્ધ માટેનું કારણ ન હોવી જોઈએ.

અને આપણે એવી સંસ્કૃતિને નકારવી પડશે, જેમાં હકીકતોને જ તોડીમરોડીને અને ઉપજાવીને પણ રજૂ કરવામાં આવે છે.

મારાં સાથી અમેરિકનો, આપણે આનાથી જુદાં બનવું પડશે.

અમેરિકાએ આના કરતાં વધુ સારું હોવું પડશે.

ને હું માનું છું કે અમેરિકા આના કરતાં સારું છે.

તમારી આસપાસ નજર ફેરવો.

આપણે અહીં ઊભાં છીએ કૅપિટલ ડોમના પડછાયા તળે, જેનું બાંધકામ આંતરવિગ્રહ દરમિયાન પૂરું કરવામાં આવેલું, જ્યારે સંમિલનની શક્યતા જ ધૂંધળી હતી.

તેમ છતાં આપણે યાતનામાંથી હેમખેમ પાર ઊતર્યાં.

આપણે અહીં

અનુ. **રૂપાલી બર્ક**

## વીસમી જાન્યુઆરી, લોકતંત્રનો વિજયદિવસ / રાજેન્દ્ર દવે

૨૦૧૭ના ઑગસ્ટના બીજા અઠવાડિયામાં વર્જિનિયાના શાર્લોટ્સવિલ શહેરમાં સ્વઘોષિત નવ-ફાસીવાદી, નવ-નાઝીવાદી શ્વેત રાષ્ટ્રવાદી ને ઉદ્દામ જમણેરીઓએ એક કૉન્ફેડરેટ જનરલના બાવલાને હટાવવાના વિરોધમાં રેલી કાઢી. રેલીના વિરોધમાં પણ મોટી સંખ્યામાં લોકો ભેગા થયા ને બંને વચ્ચે ઘર્ષણ થયું. એક શ્વેતરાષ્ટ્રવાદીએ વિરોધી દેખાવકારો પર પોતાનું વાહન હંકારી દીધું. એક વ્યક્તિ મૃત્યુ પામી ને અનેક ઘાયલ થયા. અમેરિકાની બંને રાજકીય પાર્ટીઓના નેતાઓએ તેનો વિરોધ કર્યો. ટ્રમ્પે હિંસાની ટીકા કરી પણ ભેગું-ભેગું ઉમેર્યું કે ‘બંને બાજુઓ આ ઘર્ષણ માટે જવાબદાર છે : કેટલાક લોકો એક મહાન (!) જનરલનું બાવલું હટાવવા સામે સખત વિરોધ કરતા હતા.’ ટ્રમ્પના નિવેદન સામે બંને પક્ષોમાં ટીકા થઈ પણ ટ્રમ્પનું ખરું સ્વરૂપ આ ઘટનાથી છતું થયું. આ બનાવના થોડા દિવસ પછી બાઇડને પ્રમુખપદ માટેની પોતાની ઉમેદવારી જાહેર કરતાં કહ્યું કે આપણાં દેશનાં મૂલ્યો, વિશ્વમાં આપણી પ્રતિષ્ઠા અને આપણું લોકતંત્ર, જે અમેરિકાને ‘અમેરિકા’ બનાવે છે તે જ જોખમમાં છે, હવે આપણો સંઘર્ષ આપણા અંતરાત્માને જીવતો રાખવાનો છે. ટ્રમ્પનાં ઉચ્ચારણોનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે દેશનો પ્રમુખ પોતે ધિક્કાર અને નફરત ફેલાવનારાઓની પડખે ઊભો રહે તે સમાજ સમક્ષ મોટો ભય છે. મારા જાહેરજીવનમાં મેં અમેરિકા પર આટલું મોટું સંકટ નથી જોયું, જો ટ્રમ્પ વ્હાઇટહાઉસમાં બીજાં ચાર વર્ષ રહેશે, તો આપણો દેશ કાયમ માટે બરબાદ થઈ જશે. હું આ બરબાદી ઊભો ઊભો જોઈ રહું તે શક્ય નથી. બાઇડનના ટ્રમ્પ સામેના ચૂંટણીપ્રચારનો આ પાયો હતો.

વીસમી જાન્યુઆરીએ શપથ પ્રવચનમાં ના તે પૂર્વે અને પછી બાઇડને “દેશના અંતરાત્મા”ને બચાવવાની વાત કર્યા કરી છે. બાઇડન એક એવી પેઢી માંયલા રાજકારણી છે, જે ધીમે-ધીમે અમેરિકાના રાજકારણમાંથી લુપ્ત થતી જાય છે. એટલે એ અમેરિકાના રાજકારણમાં લોકતાંત્રિક મૂલ્યોની જાળવણી અને સંવર્ધનની વાત કરે તે તેમના વિરોધીઓ પણ સાંભળે છે. વીસમી જાન્યુઆરીએ શપથવિધિપ્રસંગનું પ્રવચન આ સંદર્ભમાં જોવું રહ્યું.

બાઇડનપૂર્વના અમેરિકી પ્રમુખોમાં કેટલાયે વાક્પટુતા માટે જાણીતા છે. ઓબામા ઉત્તમ વક્તા છે. શબ્દોની પસંદગી ને વાતને રજૂ કરવાની ઢબ એવી કે વિષયનો ફકરો ફકરો જુદો પાડી શકાય. ક્લિન્ટન નીતિવિષયક આંકડાઓ સાથે વકીલની જેમ દલીલ કરીને સમજાવે. બાઇડનના પ્રવચનના લેખક ભારતીય મૂળના વિનય રેડ્ડીએ બાઇડનને ભારે ભારે શબ્દોને બદલે સીધાં સાદાં ને સચોટ વાક્યો લખી આપ્યાં. વિનયે વિશેષ ખ્યાલ રાખ્યો કે સામાન્યપણે બોલતાં બોલતા થોથવાતા બાઇડન સીધીસાદી ભાષામાં પણ અસરકારક રીતે પોતાની વાત કહી શકે. સીધાં સાદાં વાક્યો— “કાન્ટ વી જસ્ટ ગેટ અલોન્ગ?” - શું આપણે હળીમળીને કામ ના કરી શકીએ? - “વિલ વી રાઇઝ ટુ ધ ઓકેઝન?; વિલ વી મીટ અવર ઑબ્લિગેશસન્સ ઍન્ડ પાસ અલોન્ગ અ ન્યૂ ઍન્ડ બેટર વર્લ્ડ ફૉર અવર ચિલ્ડ્રન્સ? વિલ વી માસ્ટર ધીસ રેર ઍન્ડ ડિફિકલ્ટ અવર?” સીધાં, અસરકારક વાક્યો, ભાષણના લખાણનો સૂર ભાષણકર્તાને અનુરૂપ રહ્યો. તેમાં સચ્ચાઈનો રણકો હતો. સીધી ભાષામાં પણ તેમણે મહત્ત્વની વાતો કરી, ભેગા મળીને પેન્ડેમિક, આર્થિક મુશ્કેલીઓ ને રંગભેદની સમસ્યાને ઉકેલવાની વાત કરી.

એટલાન્ટિક સામયિકના જેમ્ફ ફેલાસે અમેરિકાના રાજકારણીઓના પ્રવચનોની શૈલી ને ઢબનો અભ્યાસ કર્યો છે. તે લખે છે કે કોઈ પણ કટોકટી સમયે અપાતાં પ્રવચનોના ત્રણ મુખ્ય ભાગ હોય છે. એક સહાનુભૂતિ, પ્રજાનાં દુઃખો ને વ્યથાઓને વર્ણવવી, સંવેદના વ્યક્ત કરવી. મહામંદી, નાઇન ઇલેવન, પર્લ હાર્બર, આવી ઘટનાઓ પછી વ્યક્ત થતી સંવેદનાઓ. બીજું, આત્મવિશ્વાસ, પ્રજાને વિશ્વાસ આપવો કે આ કટોકટીમાંથી આપણે બહાર આવીશું અને ત્રીજું, કટોકટીમાંથી બહાર નીકળવાની યોજના. વિકટ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવવો. બાઇડને પેન્ડેમિક અને આર્થિક મુશ્કેલીઓ વિશે ચર્ચા કરતાં આ ત્રણેય પાસાંઓ તો જરૂર વણી લીધાં પણ તેમણે એક નવું પાસું ઉમેર્યું. બિકમિંગ હવે આપણે કેવા બનીશું? હવેનો સમાજ કેવો હશે? આપણે એક ઉત્તમ આદર્શ પ્રજા કેવી રીતે બની શકીએ તે.

હવે આ વાતને જરા ટ્રમ્પ સાથે સરખાવી જુઓ ને વિરોધાભાસ સીધો દેખાશે. ટ્રમ્પમાં આ ત્રણેય પાસાંઓની ઊણપ હતી. તેમને પેન્ડેમિક એક બનાવટ કે ‘ચાઇનીઝ રોગ’ લાગતો હતો. સંવેદના તો લગીરેય નહોતી ને વિશ્વાસ ને યોજનાના નામે મીંડું હતું.

બાઇડનની વાતમાં સચ્ચાઈ ને પ્રામાણિકતાની સાથે-સાથે પ્રતિબદ્ધતા હતી. બાઇડનના પ્રવચનના અંતનું એક વાક્ય મને વિશેષ અસર કરી ગયું, જ્યારે તેમણે વિશ્વને કહ્યું કે “અમે શક્તિના ઉદાહરણથી નહિ પરંતુ (સારા) ઉદાહરણની શક્તિથી નેતાગીરી પૂરી પાડીશું.” ટ્રમ્પીઝમની આનાથી વિરોધાભાસી વાત શું હોઈ શકે?

બાઇડનના પ્રવચનનો મુખ્ય સૂર એકતાનો રહ્યો. ચૂંટાયા પછીના લગભગ દરેક પ્રવચનમાં તેમણે દેશમાં એકતા રહે તેવી વાત કરી છે. પ્રવચનમાં તેમણે કહ્યું કે આજની સ્થિતિમાં એકતાની વાત મૂર્ખામી ગણાય. હું જાણું છું કે આપણા મતભેદોનાં મૂળ ઊંડાં છે. પણ અમેરિકામાં મતભેદ હોવા તે નવું નથી. આપણા ઇતિહાસમાં મતભેદો પહેલાંથી રહ્યા છે. એક બાજુ સમાનતાનો અમેરિકી આદર્શ છે, તો બીજી બાજુ રંગભેદ અને

એવાં રાક્ષસી બળો છે. બાઇડને શ્વેત સર્વોપરી બળોનું નામ દઈને તે લોકો દ્વારા ઊભા થયેલા ભયની વાત કરી. સ્પષ્ટ કર્યું કે ઐક્ય આ બળો સાથે નથી. તેમની સામે લડવાનું છે. અમેરિકાનો ઇતિહાસ અહીં સંભારવા જેવો છે. ૧૮૬૩માં અમેરિકન ઍન્ટી સ્લેવરી સોસાયટી સમક્ષ બોલતા ફ્રેડરિક ડગ્લાસે એકતાની વાત કરતાં શરત મૂકેલી કે દરેક ગુલામ મુક્ત થવો જોઈએ ને દરેક મુક્ત વ્યક્તિને મતાધિકાર હોવો જોઈએ. ડગ્લાસની એકતાની શરતોને કારણે અમેરિકી બંધારણમાં તેરમો, ચૌદમો ને પંદરમો સુધારા થયેલા.

બાઇડનની શપથવિધિ પછી ત્રણ પૂર્વપ્રમુખો ડેમોક્રેટ્સ, ક્લિન્ટન અને ઓબામા અને એક રિપબ્લિકન જ્યૉર્જ બુશે-સંયુક્ત રીતે ટેલિવિઝન પરના એક કાર્યક્રમમાં ઐતિહાસિક આર્લિંગ્ટન સેનેટરી પરથી સંદેશો આપ્યો કે દેશનાં લોકતાંત્રિક મૂલ્યોને જાળવવા માટે એકતાની જરૂર છે. ત્રણેય પ્રમુખોએ કહ્યું કે તેમણે ચૂંટણીનાં જે પરિણામો આવ્યાં તે સ્વીકાર્યાં છે અને પોતાના અનુગામી પ્રમુખને મદદ પણ કરી છે. આશ્ચર્ય નથી કે આ ત્રણેય પ્રમુખો વચ્ચે અત્યારે ગાઢ મૈત્રી છે. સિનિયર બુશને એક સત્ર બાદ હરાવનાર ક્લિન્ટનને તો પાછલાં વર્ષોમાં બુશ પોતાના પરિવારનો એક ભાગ ગણાવતા.

ખેર, બાઇડનની વાત હવે અમેરિકી પ્રજા સ્વીકારતી થઈ છે. આ લખી રહ્યો છું ત્યારે જ એબીસી ન્યૂઝ અને વૉશિંગ્ટન પોસ્ટે કરેલી એક મોજણી પ્રમાણે અમેરિકાની ૫૭ ટકા પ્રજા માને છે કે બાઇડન દેશમાં એકતા લાવશે.

સવાલ એ છે કે બાઇડનની એકતાની હાકલનો સામે છેડેથી પ્રતિસાદ કેવો છે? રિપબ્લિકન પાર્ટીમાં એકાદ-બે સેનેટર્સને બાદ કરતાં અન્ય નેતાઓ કાં તો મૌન છે યા તો ટ્રમ્પની સાથે રહી લડી લેવાના મૂડમાં છે. ચૂંટણી પછી ને ખાસ તો છઠ્ઠી જાન્યુઆરીના વિદ્રોહ પછી રિપબ્લિકન પાર્ટીમાં એક નાનકડો વર્ગ ટ્રમ્પ વિરુદ્ધ બોલતો થયો છે તે છતાં પણ હજુ ટ્રમ્પ તરફી સાંસદો વધુ છે. મંગળવારે (૨૬મીએ) નીચલું ગૃહ મહાભિયોગનો પ્રસ્તાવ સેનેટને વિધિસર મોકલશે ને સેનેટ આઠમી ફેબ્રુઆરીએ પ્રક્રિયા શરૂ કરશે. આ લખી રહ્યો છું ત્યારે એવું લાગે છે કે મહાભિયોગ માટે ડેમોક્રેટિક પાર્ટીને ૧૭ રિપબ્લિકન સેનેટર્સની જરૂર પડશે, જે મળવા મુશ્કેલ છે. બાઇડન પોતે એ મતના છે કે સેનેટે પહેલાં તો તેમની કૅબિનેટને મંજૂરી આપવાનું કાર્ય પતાવી લેવું જોઈએ પછી મહાભિયોગનું કામ કરવું જોઈએ.

નીચલા ગૃહમાં અને પ્રાદેશિક સ્તરે ટ્રમ્પનું રિપબ્લિકન પાર્ટી પરનું વર્ચસ્વ હજુ રહ્યું છે. ખાનગીમાં ટ્રમ્પનો વિરોધ કરતા સાંસદો ને ગવર્નર્સને ડર છે કે તેના સમર્થકોના મતો ગુમાવશે. હારવા છતાં પણ ટ્રમ્પ ૭૪૦ લાખ મત મેળવી શકેલા, જે બાઇડન સિવાયના અન્ય કોઈ ઉમેદવાર કરતા વધારે હતા. રિપબ્લિકન પાર્ટીમાં ટ્રમ્પ સિવાય અન્ય કોઈ એવો નેતા નથી જે આટલા મત મેળવી શકે. કેટલાક એવા છે જે ૨૦૨૪ની પ્રમુખની ચૂંટણીની તૈયારીમાં પડ્યા છે. તે અત્યારે ટ્રમ્પ સમર્થકોને ગુમાવી શકે તેમ નથી. આવતા વર્ષે ૨૦૨૨માં મધ્યસત્ર ચૂંટણી આવશે. ગૃહના સભ્યો તેને કારણે ટ્રમ્પ-સમર્થકોને નારાજ કરવા નથી માંગતા.

અત્યારની સ્થિતિ જોતાં લાગે છે કે આવતા વર્ષની મધ્યસત્ર ચૂંટણી પૂર્વે રિપબ્લિકન પાર્ટીનું ભવિષ્ય વધુ સ્પષ્ટ બનશે. અત્યારે તો કન્ઝર્વેટિવ મીડિયા ટ્રમ્પની પડખે છે. ટ્રમ્પ પોતે પણ એક નવો પક્ષ સ્થાપવાનું વિચારી રહ્યાં છે. અખબારોમાં પેટ્રિયટ પાર્ટી કે મેઈક અમેરિકા ગ્રેટ અગેઈન (માગા) પાર્ટી જેવાં બે નામ તરતાં થયાં છે. પક્ષનાં ટ્રમ્પ તરફી બળો પોતપોતાના રાજ્યમાં શક્તિપ્રદર્શન કરી રહ્યાં છે. બે ઉદાહરણો જોઈએ. એરિઝોના રાજ્યના રિપબ્લિકન પાર્ટીના એકમે જહૉન મેકઇનનાં વિધવાને અને એક પૂર્વસેનેટરને બાઇડનને સમર્થન આપવા બદલ ઠપકો આપતો પ્રસ્તાવ પસાર કર્યો છે. એટલું જ નહિ રાજ્યના રિપબ્લિકન ગવર્નરને પણ ઠપકો આપ્યો છે કે ચૂંટણી હારવા છતાં પણ તેમણે ટ્રમ્પને વિજયી કેમ ઘોષિત ના કર્યા! કેટલાંક રાજ્યોમાં નીચલાગૃહના જે સભ્યોએ ટ્રમ્પ સામેના બીજી વારના મહાભિયોગને સમર્થન આપ્યું, તેમની સામે પાર્ટીમાં કાર્યવાહી શરૂ કરી છે.

એવું નથી કે અમેરિકાના ઇતિહાસમાં રાજકીય પક્ષો ભંગાણના આરે આ પૂર્વે પહોંચ્યા નથી. હજુ ચાર વર્ષ પહેલાં જ રિપબ્લિકન પાર્ટીની નેતાગીરીનો મોટો ભાગ માનતો હતો કે તેમનો ઉમેદવાર પ્રમુખ બનવાને લાયક નથી, પરંતુ પક્ષ ખાતર ને પોતાના સ્વાર્થ ખાતર તે સૌ પક્ષને વળગી રહ્યાં ને ટ્રમ્પને સ્વીકારી લીધાં વીસમી સદીના મધ્ય ભાગમાં અલગતાવાદી અને નાગરિક-અધિકારોના સમર્થકો વચ્ચે ભાગલા પડેલા. ૧૯૪૮માં દક્ષિણનાં રાજ્યોના અલગતાવાદીઓ ડેમોક્રેટિક પાર્ટીથી છૂટાં પડેલાં ને ૧૯૬૦માં પક્ષમાં પાછા જોડાયેલા.

ટ્રમ્પવાદી બળો બાઇડનની એક્તાની વાત સ્વીકારવા તૈયાર નથી. એ લોકો તો હજુ બાઈડનને પ્રમુખ તરીકે જ સ્વીકારવા તૈયાર નથી!

ટ્રમ્પની વિદાયથી હાલ તો અમેરિકાની લોકશાહીના દુઃસ્વપ્નનો અંત આવ્યો છે. અભદ્રતાને સ્થાને વ્હાઈટહાઉસમાં ફરી શાલીનતા ને ભદ્રતા આવી છે. એક પત્રકારે કહ્યું તેમ હવે સવારે ત્રણ વાગે અચાનક આવેલી ટ્વિટથી શાસન નથી ચાલતું. હવે અભિપ્રાયોથી નહિ, પરંતુ વિજ્ઞાનના આધારે અમે કોવિડ સામે લડીશું.

બાઇડનનું સંપૂર્ણ ધ્યાન અત્યારે પેન્ડેમિક અને પેન્ડેમિકને કારણે સર્જાયેલી આર્થિક મુશ્કેલીઓને ઉકેલવા પર છે. બાઇડન જાણે છે કે જુનિયર બુશને બાદ કરતાં મોટા ભાગના પ્રમુખોનો પક્ષ મધ્યસત્ર ચૂંટણી હાર્યો છે. ક્લિન્ટન, ઓબામા ને ટ્રમ્પ ત્રણેય મધ્યસત્ર ચૂંટણીમાં નીચલાગૃહમાં બહુમતી ગુમાવી બેઠેલા. રિપબ્લિકન પાર્ટી ડેમોક્રેટિક પાર્ટી કરતાં વધુ રાજ્યોમાં વિધાનસભાઓમાં બહુમતી ધરાવે છે. તેઓ મતવિસ્તારોને ફરીથી એવી રીતે વેતરશે કે તેમને બહુમતી મળે. આવતા વર્ષની મધ્યસત્ર ચૂંટણીઓ બંને રાજકીય પક્ષો માટે મહત્ત્વની છે. આવતા મહિનાઓમાં બાઇડનની સફળતા-નિષ્ફળતા અને રિપબ્લિકન પાર્ટીની સ્થિતિ બાકીનાં બે વર્ષ નક્કી કરશે.

જાન્યુ. ૨૫, ૨૦૨૧ (ફ્લોરિડા)

---

## માણસ થઈને

### કૃષ્ણાદિત્ય

**કીટાણુએ કેર કર્યો છે વિષાણુ થઈને**
**પ્રતિકાર કરીએ સંપીને પૂરા માણસ થઈને.**
**ના ભેદભાવ હાનિમાં વિષમય કીટાણુને**
**ભેદભાવની રેખા ભૂંસીને માણસ થઈને.**

# ‘ફિલ ગૂડ’ અથવા ‘ડુ ગૂડ’ : પસંદગી તમારે કરવાની છે / નોમ ચોમ્સ્કી

*આ યુગના અસામાન્ય ચિંતક પ્રોફેસર નોમ ચૉમ્સ્કીએ ૨૦ નવેમ્બર, ૨૦૨૦ના રોજ, હાર્વર્ડ લૉ સ્કૂલના (HLS) પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ સાથે, સારી આવતી કાલ માટેની અપેક્ષાઓ અંગે વાર્તાલાપ કર્યો. માઇકલ લહાવીએ પ્રોફેસર ચોમ્સ્કીના વાર્તાલાપનું સંચાલન કર્યું.*

*આ વક્તવ્યમાં પ્રોફેસર ચોમ્સ્કીએ વ્યક્ત કરેલી ચિંતાઓ ના કેવળ અમેરિકાને સ્પર્શે છે, પરંતુ બીજા દેશો માટે પણ પ્રસ્તુત છે. ભાષાશાસ્ત્ર, રાજનીતિ, મૂડીવાદ, કર્મશીલતા અને હવામાન પરિવર્તન જેવા વિષયો પર એમનાં અત્યંત રસપ્રદ અને બોધક જ્ઞાનસભર લખાણો-વક્તવ્યો અને અંતર્દષ્ટિએ આપણને વિચારતા કરે છે. તેઓ ઉચ્ચ કોટિના ચિંતક છે એ સાબિતી એમના વિચારો અને એમનું દર્શન આપણને ચોક્કસપણે આપે છે.*

*૭ ડિસેમ્બર, ૧૯૨૮ના રોજ જન્મેલા ૯૨ વર્ષીય પ્રોફેસર ચોમ્સ્કીની વૈચારિક ચુસ્તતા ચકિત કરનારી છે. ચહેરા પર થાકની લકીર વિના ધીમું ધીમું ઝાકળ ઝરતું હોય એવા ધીમા સ્વરમાં એક કલાક સુધી એમની અસ્ખલિત વાણી ને વિચારોની તાર્કિક અભિવ્યક્તિ પ્રેરણાદાયક છે. તાત્કાલિક પુછાયેલા પ્રશ્નોના આટલા વિસ્તારથી અને આટલી સુયોજિત સ્પષ્ટતાથી જવાબ તેઓ આ ઉંમરે પણ આપી શકે છે, એ જોઈ દંગ થઈ જવાય છે. આખા વાર્તાલાપ દરમિયાન, ના અવાજમાં આરોહ-અવરોહના ફેરફાર કે નાટ્યાત્મક્તા કે ના હાવભાવમાં નોંધપાત્ર બદલાવ ને તોય શ્રોતા ગંભીરતા, વ્યંગ, રમૂજ, આશાવાદનો અનુભવ બરાબર કરી શકે એ પ્રોફેસર ચૉમ્સ્કીનું આગવું લક્ષણ છે. માત્ર અંતમાં મીઠું સ્મિત ફરકાવી વાત પૂરી કરી. વાર્તાલાપનો અનુવાદ કરતી વખતે એક ક્ષણ માટે પણ કંટાળો કે થાક અનુભવાયો નથી. મનને વિચારોનું ભાથું આપીને તાજગીનો અનુભવ કરાવતું વક્તવ્ય વાચકો સમક્ષ મૂકતાં ખૂબ આનંદ અનુભવું છું.*

*અનુ.*

**લહાવી :** આપણને સમય આપવા બદલ પ્રોફેસર ચૉમ્સ્કીનો આભાર માનું છું. પ્રોફેસર ચૉમ્સ્કીનો પર્યાપ્ત પરિચય આપવો અશક્ય છે. એમ.આઇ.ટી. ખાતે ભાષાવિજ્ઞાનના ઇન્સ્ટિટ્યૂટ પ્રોફેસર અને પ્રોફેસર ઍમેરિટ્સ તથા એ.એસ.યુ. ખાતે ભાષાવિજ્ઞાનના લૉરિયેટ પ્રોફેસર અને ઍગનીસ નેમ્ઝ હાઉરી ચૅર છે. એમનાં માટે અગાધ શબ્દ ઓછો પડે, સાંપ્રતસમયના સૌથી વધુ ટંકાતા હયાત લેખક છે. ૪૦ના દશકમાં એમણે ભાષાવિજ્ઞાનમાં ક્રાંતિ સર્જી અને પૃથ્વી પરના સૌથી મહાન ભાષાવિજ્ઞાનીનો મોભો ધરાવે છે. બુદ્ધિવાદના પ્રકાંડ હિમાયતી, સાંપ્રત કૉગ્નિટિવ સાયન્સના પ્રણેતા છે અને વિશ્લેષણાત્મક તત્ત્વજ્ઞાનની કેન્દ્રીય હસ્તી છે. સાયન્સીસ અને હ્યુમેનિટીઝમાં અતુલ્ય યોગદાનની સાથે પ્રોફેસર ચૉમ્સ્કી જીવનપર્યંત કર્મશીલ રહ્યાં છે અને કદાચ, સાયન્સીસમાં એમનાં યોગદાન માટે નહીં એટલા એમની કર્મશીલતા માટે જાણીતા છે. પ્રોફેસર ચૉમ્સ્કી માટે લોકો જે ઊંચો ખ્યાલ ધરાવે છે એના નાનકડા અંશ સમો એક પ્રચલિત જોક એવો છે કે બર્ટ્રેન્ડ રસલ અને ઍલ્ફ્રેડ વ્હાઇટહેડનું પુસ્તક ‘પ્રિન્કિપિયા મેથેમેટિકા’ એક પૂંઠાથી બીજા પૂંઠા સુધી ક્યારે ય વાંચ્યું હોય એવા પાંચમાંના એક પ્રોફેસર ચૉમ્સ્કી છે. પ્રોફેસર ચોમ્સ્કી, અહીં અમારી પાસે આવવા બદલ આપનો આભાર.

**પ્રો. ચૉમ્સ્કી :** મને તમારી સાથે હોવાનો આનંદ છે.

લહાવી : આપણે શરૂ કરીએ. આ વર્ષના આરંભમાં તમે કબૂલ્યું હતું કે આપણે હાલ જે પ્રકારની ચર્ચાઓ કરી રહ્યા છીએ એવી ચર્ચામાં વ્યસ્ત હો તે દરમિયાન તમારા મગજનો એક ભાગ બૌદ્ધિક સ્તરે પ્રદીપક હોય એવી સમસ્યાઓમાં પરોવાયેલું રહે છે. જે શ્રોતાઓ તમારા પારિભાષિક કાર્યથી પરિચિત નથી, એમને થોડો ખ્યાલ આપવા માટે જણાવશો, એ સમસ્યાઓ કઈ છે?

**પ્રો. ચોમ્સ્કી :** માફ કરજો, મને છેલ્લો ભાગ પકડાયો નહીં. ફરીથી બોલશો? (લહાવી પ્રશ્ન ફરીથી વાંચે છે.) ઓહ! એનું વર્ણન કરવા માટે થોડાક કલાકો થાય, જેને મિનિમલિસ્ટ પ્રોગ્રામ કહેવાય છે, જેનો પ્રયાસ ભાષાશાસ્ત્રને લગતી ઘટનાઓના અસલી ખુલાસા પૂરા પાડવાનો છે - એમને ઘટાડીને એટલાં પ્રાથમિક મૂળ તત્ત્વો સુધી લઈ જવા જેથી વિકસિત થવાની ક્ષમતા અને શીખવાની ક્ષમતા સંબંધી પરિસ્થિતિઓને, જે ખૂબ સંકીર્ણ અને પ્રયોગમૂલક પરિસ્થિતિઓ છે, એમને એ સંતોષે. મિનિમલિસ્ટ પ્રોગ્રામની સીમાઓનો વિસ્તાર કરવા અંગેના મારા નવા પારિભાષિક કાર્ય પરના એક દીર્ઘ લેખની વચ્ચે તમે મને આ વાર્તાલાપ માટે કહ્યું છે. એટલે મૂળભૂત રીતે, જો તરંગી ઢબે કહું તો, મા પ્રકૃતિએ વિચારની અભિવ્યક્તિ માટેની સંપૂર્ણ પદ્ધતિ તરીકે ભાષાની રચના કરી છે. સંદેશાવ્યવહાર માટે એ સારી નથી, એ એનો હેતુ હતો જ નહીં. પરંતુ વિચારની અભિવ્યક્તિ માટે ખૂબ જ સરસ રીતે એની રચના કરવામાં આવી છે. કદાચ એમાં વિચાર-પારંપરિક મત સમાવિષ્ટ હોઈ શકે, એ અસંભવિત નથી. જો એ સાચું હોય તો એનો અર્થ એ થાય કે જીવનના સમગ્ર ઇતિહાસમાં ને કદાચ આખા બ્રહ્માંડમાં માત્ર તમારા જેવા લોકો જ વિચાર ધરાવતાં જીવ છે.

**લહાવી :** બરાબર. એ બદલ આભાર. સમયની મોકળાશ હોવાને લીધે મને થયું આપણે સામાજિક પ્રશ્નો તરફ વળીએ. સામાજિક, પર્યાવરણીય અને લશ્કરી ધોરણે આપણે ‘બ્રિન્કમૅનશિપ’ના (ખાસ કરીને જોઈતું પરિણામ મેળવવા માટે જોખમી પરિસ્થિતિ કે સંઘર્ષને સુરક્ષાની હદ સુધી ધકેલવાની કળા કે વ્યવહાર) સમયમાં જીવી રહ્યાં છીએ. આજના વિશ્વ માટે તમને આશા દેખાય છે?

**પ્રો. ચોમ્સ્કી :** જુઓ, વિશ્વ માટેની આશા ખરેખર તમારા જેવાં લોકોના હાથમાં છે. આપણે ઇતિહાસની ખૂબ અસામાન્ય ક્ષણમાં જીવી રહ્યાં છીએ, આમ તો ઇતિહાસની ખૂબ અનોખી ક્ષણમાં. આપણે સંકટોના સંગમ મધ્યે છીએ, જે આ પૂર્વે ક્યારેય બન્યું નથી અને એમનું સમાધાન નહીં લાવીએ તો એનું પુનરાવર્તન થશે. જો એમનો સામનો ઝડપથી અને અસરકારતાથી નહીં કરવામાં આવે, તો ભવિષ્યમાં માનવ-ઇતિહાસની સંભાવના જ રહેશે નહીં. કદાચ, આ અંત આવી રહ્યો છે. આ તમામ સંકટોનો નિર્ણાયક મુદ્દો છે, પછી તે પર્યાવરણીય આપત્તિ હોય, અણુયુદ્ધનું વધતું જતું જોખમ, લોકતાંત્રિક કાર્ય અને લોકતાંત્રિક સામાજિક જૂથો, દેખીતાં લોકતાંત્રિક સામાજિક જૂથો, મહામારીઓ - બીજી સંભવિત આવવામાં છે; આ તમામ અને અન્ય સમસ્યાઓનાં સમાધાન છે. આપણને એ સમાધાનોની જાણકારી છે. એ સમાધાનો કારગત છે પરંતુ માત્ર જ્ઞાન ધરાવવું પર્યાપ્ત નથી, એમને વ્યવહારમાં, મૂકવા જરૂરી છે. આવું કરવામાં આવે ને એ પણ ઝડપથી તો જ આપણે કોળિયો થતાં અટકી શકીશું.

**લહાવી :** વર્તમાન સમયમાં આપણે જે ગંભીર સમસ્યાઓનો સામનો

કરી રહ્યાં છીએ એ સમસ્યાઓનું સમાધાન લાવવાની આપણી નિષ્ફળતા અંગેની તીક્ષ્ણ સભાનતા તમે ધરાવો છો. આમ છતાં, સાચા માર્ગે વળવાની માનવજાતની ક્ષમતા અંગે તમે સતત આશાવાદ વ્યક્ત કરતા આવ્યા છો. સાચા માર્ગે વળવા માટે આપણે જે ભયંકર સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છીએ એની ઓળખ હોવી આવશ્યક છે. સ્વકેન્દ્રી લોકો શાસ્ત્રોક્ત ફ્રૅન્કફર્ટના અર્થમાં જે બકવાસને (મૂળ અંગ્રેજીમાં પ્રોફેસર ચૉમ્સ્કીએ bullshit શબ્દ વાપર્યો છે. ૧૯૮૬માં હેરી ફ્રૅન્કફર્ટે On Bullshit શીર્ષકવાળો નિબંધ લખેલો, જે ૨૦૦૫માં પુસ્તક સ્વરૂપે પ્રિન્સટન યુનિવર્સિટીએ પ્રકાશિત કર્યો.) ટેકો આપે છે. તેનાં અને વિચારશક્તિ વચ્ચેના યુદ્ધમાં બકવાસનો વિજય થશે, એવું તમને લાગે છે?

**પ્રો. ચૉમ્સ્કી :** મને છેલ્લો ભાગ સંભળાયો નહીં. છેલ્લો ભાગ ફરીથી બોલશો? (લહાવી ફરીથી પૂછે છે.) આની પણ એ જ કહાની છે. પ્રશ્ન તમારા હાથમાં છે. આ બાબતે ભવિષ્ય ભાખી શકાય એમ નથી. આ પસંદગીની બાબતો છે. તમે એના તાબે થઈ જાવ અથવા એની સામે સંઘર્ષ કરો. જે પરિણામ આવે તે. આગાહી કરવી શક્ય જ નથી, પણ હા, આ વિનાશક વલણોને પહોંચી વળવાના રસ્તા છે. પછી પ્રશ્ન આવે છે કે આ રસ્તા શીઘ્રતાથી એવી રીતે અમલમાં મુકાય કે માનવપ્રયોગ ચાલતો રહે અને ખતમ ન થઈ જાય એવી અપેક્ષા ઊભી થાય એની ખાતરી કરવામાં સંકળાવવા તૈયાર છો તમે? અહીં ભાર મૂકવો અત્યંત જરૂરી છે કે માનવ-ઇતિહાસમાં તમે પ્રથમ પેઢી છો જેને આ પ્રશ્નનો સામનો કરવાનો આવ્યો છે અને કદાચ છેલ્લી પણ, કારણ કે જો તમારા આયુષ્ય દરમિયાન આનું નિરાકરણ લાવવામાં નહીં આવે તો ભવિષ્ય ખૂબ જ ધૂંધળું છે.

**લહાવી :** 'મૅન્યુફૅક્ચરિંગ કન્સેન્ટ'માં તમે સમજાવો છો કે ભદ્રવર્ગ જનતાને ખરાબ નેતૃત્વ અને વિનાશક વિદેશ નીતિ સ્વીકારાવવા માટે કેવી રીતે સમૂહમાધ્યમોનો ઉપયોગ કરે છે. આજે અમુક ભદ્રવર્ગની વ્યક્તિઓ એ જ સત્તાના સ્રોતો વિરુદ્ધ અસહમતી, એટલે કે ગેરવાજબી અવિશ્વાસ અને દુશ્મનાવટ ઉપજાવવાના હેતુથી એવાં જ ઓજારોનો ઉપયોગ કરે છે, દા.ત., બુદ્ધિના સ્રોતો, જેના વિશે તમે અમને ચેતવ્યાં હતાં. સંસ્થાઓમાં વધુ પડતો વિશ્વાસ કેળવવા માટે મીડિયાના દુરુપયોગથી લઈ સંસ્થાઓમાં વધુ પડતો અવિશ્વાસ કેળવવા માટે મીડિયાના દુરુપયોગ સુધી શું આપણે ગોળ ફરીને પાછા ત્યાં જ આવી ગયા છીએ?

**પ્રો. ચૉમ્સ્કી :** ખરેખર તો, સંસ્થાઓમાં અવિશ્વાસ બહુ ઊંડો છે. એનો છેડો ભૂતકાળમાં બહુ દૂર સુધી જાય છે ને ઘણી વાર ઉચિત ઠરાવવામાં આવે છે. પાછલાં ૪૦ વર્ષોમાં જે બનતું આવ્યું છે, એના લીધે એમાં ખૂબ વધારો થયો છે. યાદ રહે કે આપણે જાહેર વસ્તી પર નવઉદાર હુમલાનાં ૪૦ વર્ષ જોયાં છે. '૭૦ના દાયકાના ઉત્તરાર્ધમાં એની શરૂઆત થઈ, રિગન અને થેચરના વખતમાં ક્રમશઃ વધારો થયો અને યુ.એસ.-બ્રિટિશપ્રભાવને કારણે આખા વિશ્વમાં ફેલાઈ ગયો. આની બહુ ચોક્કસ અસરો થઈ. એમાંની એક અસર, નક્કર રીતે કહું તો, રેન્ડ કૉર્પોરેશન દ્વારા તાજેતરમાં એક અભ્યાસ કરવામાં આવ્યો જેનો હેતુ એ અંદાજ મેળવવાનો હતો કે પાછલાં ૪૦ વર્ષોમાં કામદારવર્ગ અને મધ્યમવર્ગ, જેનું પ્રમાણ વસ્તીનો નીચલો ૯૦% હિસ્સો છે, એમની પાસેથી કેટલું ધન અત્યંત ધનિકો પાસે ગયું? એમનો અંદાજ લગભગ ૫૦ ટ્રિલિયન ડૉલર છે અને લોકોના જીવનમાં એનું પ્રતિબિંબ દેખાય છે. દા. ત., લેબર સ્ટેટિસ્ટિક્સ બ્યુરોના ઉત્પાદનના આંકડા જોશો તો ખ્યાલ આવશે કે ઉત્પાદન રોજગાર ૧૯૭૯થી અત્યાર સુધી વધ્યો છે. કહેવાતા મુક્તવેપારના કરારો — જેને ફ્રીટ્રેડ સાથે તો નહીં પણ ટ્રેડ સાથે જ લેવાદેવા નથી, ખાસ કરીને એની અસરો બાદ એ ઘટ્યો છે. પરંતુ આજના રોકાણકારોના હકના કરારોનું આયોજન વિશ્વભરના કામદારવર્ગને એકબીજા સાથે સ્પર્ધામાં ઉતારવાનું છે. હવે રોકાણ (investment) આ પૂર્વે ક્યારેય અસ્તિત્વમાં નહોતા એવાં ખૂબ જ રક્ષક કાયદાઓથી સુરક્ષિત બનાવાયું છે. આની ચોક્કસ અસર થાય છે, દેખીતી અસર. પરિણામે ૧૯૮૦થી અત્યાર સુધી વસ્તીના ૦.૧% લોકો દેશના ધનમાં પોતાનો હિસ્સો ૧૦% થી ૨૦%, એટલે કે, બેવડો કરી ચૂક્યાં છે. વસ્તીના મોટા હિસ્સા માટે, મોટી બહુમતીના હિસ્સામાં ગતિરોધ અને પતન આવ્યાં છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં આ ચરમસીમાએ પહોંચ્યું છે.

હવે અપેક્ષિત આયુષ્યમાં ઘટાડો થયો છે, જે વિકસિત સમાજોમાં અપૂર્વ છે સિવાય કે યુદ્ધ કે મહામારીના સંજોગો હોય. અર્થશાસ્ત્રીઓ જેને 'ડેથ્સ ઑફ ડિસ્પેર' (નાઉમેદીનાં મૃત્યુ) કહે છે, ખાસ કરીને શ્વેત કામદારવર્ગ જેમણે ઉમેદ છોડી દીધી છે, એ લોકોનો આ આંકડામાં સમાવેશ નથી, એ આમ જ મૃત્યુ પામે છે. એમના માટે કોઈ જોગવાઈ નથી. આવું માત્ર યુનાઇટેડ સ્ટેટ્સમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ, યુરોપ અને બીજે ઠેકાણે બન્યું છે, જેથી સ્વાભાવિક નારાજગી, ગુસ્સો, સંસ્થાઓ માટે તિરસ્કાર જન્મ્યાં છે. પશ્ચિમી વિશ્વ આખામાં મધ્યમસરના વિચાર ધરાવનાર પક્ષોનો અર્થપૂર્ણ રીતે હ્રાસ થયો છે. અહીં પણ એવું બન્યું છે. અહીં નામ એ જ રાખે છે, યુરોપમાં નામ બદલી નાખે છે. વિશ્વભરમાં કંઈક આવું જ બની રહ્યું છે. આ બાબતનું એ પાસું એ છે કે જેને નિત્શે 'રિઝોન્તોમોં' કહેતા હતા, માત્ર ગુસ્સો, કેન્દ્રિત ન થયેલી નારાજગી રાજકીય ચળવળિયાઓ માટે ખૂબ અનુકૂળ ભૂપ્રદેશ સાબિત થાય છે. એ આવીને તમને કહી શકે, "હું તમારો મસિહા છું, મારો ભરોસો કરો, મને અનુસરો", એમ બોલતાં જાય ને તમારી પીઠમાં ખંજર મારતા જાય. છેલ્લાં ચાર વર્ષથી આપણે આ જ માહોલમાં જીવી રહ્યાં છે ને આવતાં ચાર વર્ષ દરમિયાન પણ આમ જ રહેશે, ભલેને જે પણ ઓવલ ઑફિસમાં સ્થાન ગ્રહણ કરે.

મારા મત મુજબ પ્રેસિડન્ટ ટ્રમ્પ માનવ-ઇતિહાસના સૌથી જઘન્ય ગુનેગાર છે, કેવળ એમની પર્યાવરણીય નીતિઓને લીધે નહીં, બીજું ઘણું બધું છે ચર્ચા કરવા માટે, પરંતુ એમનાથી છુટકારો મેળવવાનો કોઈ રસ્તો નથી. અમેરિકન જીવનની સપાટીની નીચે રહેલા ઝેરીલા પ્રવાહોનો ગેરફાયદો બહુ ચબરાકીથી લીધો છે અને એમને સપાટી પર લઈ આવ્યા છે. નારાજગી અને ગુસ્સાના વાતાવરણમાં એ બંધબેસતા સાબિત થાય છે. વળી, બહુ જોખમી ધોરણે વાસ્તવિક હોય એવા પ્રવાહોનો પણ ગેરફાયદો એમણે લીધો છે ને એ પણ બહુ સફળતાપૂર્વક. પરંતુ એવા લોકો છે જેમને ભાન થવા લાગ્યું છે કે પાછલાં ૪૦ વર્ષોમાં અમલમાં મુકાયેલ નીતિઓ એમનો વિનાશ કરી રહી છે. ગ્રામીણ અમૅરિકાને ઉજ્જડ બનાવાઈ રહ્યું છે. કામદારવર્ગના વિસ્તારોની ગંભીર ઉપેક્ષા કરાઈ રહી છે. આ બધું વાસ્તવિક છે. વળી, ટ્રમ્પ ઊભા થઈને "હું તમારો મસિહા છું" એવું કહી શક્યા છે. જ્યારે કે સમાંતરે એમને હાનિ પહોંચાડવા ને એ એમનો નાશ કરવાના કલ્પના થઈ શકે એવા તમામ પ્રયાસો એમણે કર્યા છે. વળી, બન્ને બાબતો એમણે શાનદાર રીતે આત્મવિશ્વાસ અને પરિપૂર્તિ સાથે પાર ઉતારી છે. પરંતુ વાસ્તવ પર થોડા અંશે આધારિત. કબૂલ કરવું પડે કે એમની સામેના રાજકીય વિરોધમાં એમનો પર્યાય પૂરો પાડવાની ક્ષમતા નહોતી. ડેમોક્રેટિક પાર્ટીએ તો ૭૦ના દાયકાથી કામદાર વર્ગને

તરછોડી દીધેલો છે. કામદારવર્ગ પ્રત્યેના ટેકાનો જો કોઈ અણસાર હોય તો એ ૧૯૭૮નો હમ્ફ્રી-હોકિન્સ ફુલ ઍમ્પલૉયમૅન્ટ કાયદો છે, જેને કાર્ટરે નામંજૂર ના કર્યો, પરંતુ એને એટલો પાતળો બનાવી દીધો કે મૂળભૂત રીતે અર્થહીન બની ગયો, માત્ર શબ્દોમાં રહી ગયો. ત્યારથી ડેમોક્રેટસે કામદારવર્ગ અને ઘણાખરા મધ્યમવર્ગ સામે યુદ્ધ જ માંડ્યું છે.

ઓબામાનો કિસ્સો રસપ્રદ રહ્યો છે, એમનાં આત્મચરિત્રો હવે વાંચો તો જણાશે કે જે બન્યું હતું એનું બહુ રૂપાળું ચિત્ર આપેલું છે. પરંતુ જે વાસ્તવમાં બન્યું હતું, મૅસેચ્યુસેટ્સમાં કામદારવર્ગે તુરત જ પકડી લીધું. હું તે વખતે મૅસેચ્યુસેટ્સમાં રહેતો હતો. ઓબામાએ એ જ ઘડીએ કામદારવર્ગને દગો દીધો હતો. ૨૦૦૮માં એ ચૂંટાયા, બહુ ઉત્સાહ હતો, અજાયબ વ્યક્તિ આવ્યા છે, આપણે એમના પર વિશ્વાસ કરી શકીએ. કામદારવર્ગે એમને મત આપ્યા. પરિવર્તન આવશે. બધું સરસ થઈ જશે. પ્રથમ ચીજ જે એમણે કરી તે એમને પીઠમાં ખંજર માર્યું. એમની પાસે કૉંગ્રેસ હતી, બન્ને સેનેટ અને હાઉસ ડેમોક્રેટ્સ ચલાવતા હતા પરંતુ બે વર્ષમાં એમણે ટ્રમ્પ માટે સરળતાથી તખ્તો તૈયાર કરી દીધો હતો. એ વખતે દેશ, તમે યાદ કરો તો અથવા તમારી ઉંમરે સાંભળ્યું હોય, હાઉસિંગનો પરપોટો ફૂટી ગયો હતો, પરિણામે નાણાકીય કટોકટી સર્જાઈ. બુશ બીજા નીચે એની શરૂઆત થયેલી, ઓબામા આવ્યા ત્યારે વકરેલી હતી. ઓબામાએ બુશનો ટી.એ.આર.પી. પ્રોગ્રામ ચાલુ રાખેલો. એમાં બે તત્ત્વો હતાં. પ્રથમ, કટોકટી સર્જનારા ગુનેગારોને, એ બૅંકોને જામીન અપાવવાની કે જેમણે શિકારી ધિરાણ, ઉપ-પ્રાથમિક ગીરો, જટિલ નાણાંકીય સાધનો, વ્યુત્પન્નોનો ઉપયોગ કર્યો, જેથી કોઈને ખબર ન પડે કે કોની માલિકીમાં શું છે. મોટો પરપોટો બનાવ્યો એ ફૂટી ગયો એ એમનો ગુનો હતો, એમને જામીન પર છોડાવવાના છે, એટલો ભાગ ગૃહિત માની લેવામાં આવેલો. એટલે એમના ગુનાઓ માટે એમને પર્યાપ્ત રીતે નુકસાન ભરપાઈ કરી આપવામાં આવ્યું. ટી.એ.આર.પી. વિધાન સંબંધી બીજો ભાગ પણ હતો. એના વાંકે જે દંડાયા છે, એ પીડિતો માટે કંઈક કરો, લોન ભરપાઈ ન કરી શકવાને લીધે જેમનાં ઘર ટાંચમાં લીધાં હતાં, જેમનાં જીવન રોળાઈ ગયાં છે, એના માટે કશું કરો. એનો ક્યારેય અમલ કરવામાં આવ્યો નહીં અને બીજાં જીવનચરિત્રો જે બહાર પડવા લાગ્યાં છે એમાં આ મુદ્દાની થોડી ચર્ચાઓ દર્શાવે છે કે આની માત્ર મજાક ઉડાડવામાં આવી છે, પરંતુ વ્હાઇટહાઉસમાં શું બની રહ્યું છે, એ જાણ્યા વગર શું થઈ રહ્યું છે એ કામદારવર્ગ જોઈ શકતો હતો.

૨૦૧૦માં મૅસેચ્યુસેટ્સમાં તાજેતરમાં મૃત્યુ પામેલા ટેડ કૅનેડીની ખાલી પડેલી સીટ માટે પેટાચૂંટણી હતી. એક જાણીતા રિપબ્લિકન સ્કૉટ બ્રાઉન જીત્યાં. મતદાનના આંકડા જુઓ તો થોકબંધ યુનિયનના કામદારોએ કાં તો મતદાન કરવાની દરકાર ન કરી અથવા રિપબ્લિકનને મત આપ્યાં. જે થતું હતું એ એમણે જોયું હતું. એવું નથી કે ટ્રમ્પે કામદાર વર્ગની પસંદગી કરી છે. ડેમોક્રેટ્સે સામે ચાલી ને આપી દીધાં. એમને એ ખોઈ બેઠા. ત્યારબાદ પરિસ્થિતિ બદલવા માટે એમણે કંઈ કર્યું નથી. આવા સંજોગો વચ્ચે છીએ આપણે. હા, વિપુલ પ્રમાણમાં ગુસ્સો છે, સંસ્થાઓ પ્રત્યેની નારાજગી છે જે ૪૦ વર્ષોની નીતિઓને કારણે ઊભી થઈ છે, એમાં કોઈ જ નવાઈ નથી. તમે ૧૯૮૦માં પાછા ફરો તો ત્યારે બહુ સ્પષ્ટ હતું શું બનવા જઈ રહ્યું છે. એ મિનિટ માટે એનો વિચાર કરો. જ્યારે રોનલ્ડ રિગન આવ્યા અને એમના પ્રારંભિક વ્યાખ્યાનમાં એમને જે લીટીઓ બોલવા માટે આપેલી એ હતી, 'સરકાર પોતે સમસ્યા છે, ઉકેલ નથી.' રાષ્ટ્રિય ધોરણે નિર્ણયો લેવાતા હોય છે, જે સરકાર નથી લેતી, એ જતાં નથી રહેતા. એ બીજા કોઈ દ્વારા લેવાયા હોય છે. ખાનગી સત્તાના, સત્તાના બિનહિસાબી કેન્દ્રીકરણના, કૉર્પોરેટ સૅક્ટરના હાથમાં એ આપી દેવામાં આવે છે. નિર્ણયો ત્યાં ચાલ્યા જાય છે.

નવ્યઉદાર ચળવળના અર્થશાસ્ત્રના ગુરુ મિલ્ટન ફ્રિડમૅન પાસેથી એમને આદેશો મળતા હતા. એમણે ૧૯૮૧માં એક પ્રખ્યાત લેખ લખ્યો હતો, મારા ખ્યાલ મુજબ એ ખૂબ પ્રભાવશાળી લેખ હતો. એમાં એમણે સમજાવેલું કે કૉર્પોરેશનની એક માત્ર જવાબદારી એની સ્વ-સમૃદ્ધિ છે. ભાગીદારો પ્રત્યે એમની કોઈ ફરજ નથી. કરદાતા અને જાહેરજનતા કૉર્પોરેશનોને વિશિષ્ટ હક્કો આપે છે. એટલે તો લોકો ભાગીદારી કરવાને બદલે એકીકરણ કરે છે. એમને જાહેરજનતા દ્વારા વિશિષ્ટ હક્કો આપવામાં આવે છે. પરંતુ ફ્રિડમૅનના નવ્યઉદાર સિદ્ધાન્ત મુજબ એમની કોઈ જવાબદારીઓ નથી. હવે આ બધું ભેગું કરીને જુઓ. નિર્ણયો પબ્લિક ડોમેનમાં લેવાય છે, ખાનગી હાથોમાં મુકાય છે, એ ખાનગી હાથોની એક માત્ર જવાબદારી એમની પોતાની સ્વ-સમૃદ્ધિ છે. જે થવાનું છે એની આગાહી કરવા નિષ્ણાતની જરૂર થોડી પડે? સહેજ પણ નહીં. હવે ૪૦ વર્ષ પછી આપણે એની અસરો જોઈ શકીએ છીએ.

મારે કહેવું પડશે કે આ ૫૦-૪૭ પણ ચોક્કસ કહું તો સામાન્ય જનતા પાસેથી ૪૭ ટ્રિલિયન ડૉલર શ્રીમંતોને આપી દેવાયા એવું કહેવું વિશાળ અલ્પોક્તિ હશે. તમે વધુ નજીકથી જોશો તો ખ્યાલ આવશે કે બહુ ઝડપથી રિગનના અનુયાયીઓએ વહીવટી પ્રક્રિયાઓ, કાયદાઓ પણ જેના પરિણામે વ્યાપક ચોરી માટે ડાટા ખૂલી ગયા. ૧૯૮૦ સુધી ટૅક્સ હેવનો અને શેલકંપનીઓ ગેરકાયદેસર હતાં. તિજોરી વિભાગે કાનૂન લાગુ પાડ્યા, એ લેખે લાગ્યું. આઈ.આર.એસ. અસ્તિત્વમાં હતું. એણે કાનૂન લાગુ પાડ્યા. રિગને બધું ખુલ્લું મૂકી દીધું. એનો શો અર્થ થાય? એનો એ અર્થ થાય કે વિશ્વના સૌથી મોટા કૉર્પોરેશન ઍપલને કર ભરવાની ફિકર કરવાની રહેતી નથી. હવે એમની આયરલૅન્ડમાં ક્યાંક ઑફિસ છે, હું જે રૂમમાંથી વાત કરી રહ્યો છું લગભગ એ કદની, જ્યાં સેક્રેટરી થોડી વારે કાગળિયા મૂકવાલેવા આવજા કરે, પરંતુ, રિગનને આભારી, આયરીશ કૉર્પોરેશન હોવાને કારણે એમણે કર ભરવાનો આવતો નથી. આ તો જનતાની ઉઘાડી લૂંટ છે. ને આ પાછું કેટલાંય ટ્રિલિયન ડૉલરની વાત છે. કોઈ અંદાજ લગાવી ના શકે સિવાય કે પનામાપેપર્સની માફક દસ્તાવેજો લીક થાય. કૉંગ્રેસ તપાસ કરી શકતી હતી પણ કરવાની ઇચ્છા હોય તોને. એ લોકો એક જ પગારપત્રક પર હોય છે, એટલે એ તપાસ કરતા નથી. હવે તો સર્ચકમિટી જેવું પણ કંઈ નથી રહ્યું. દુનિયામાં શું બની રહ્યું છે, એ અંગેની સાદી માહિતી પણ કૉંગ્રેસ જાણવા નથી માંગતી. કૉંગ્રેસની ટેક્નોલૉજી અસેસમેન્ટની એક ઑફિસ હતી. જે મોટા મુદ્દાઓ પરની સ્વતંત્ર વૈજ્ઞાનિક વિશ્લેષણ પૂરી પાડતી હતી, દા. ત., નાફ્ટા (NAFTA). જે બંધબેસતાં કારણો એમણે વિકસાવ્યાં હતાં, એથી કૉંગ્રેસ આ વિભાગના વિરોધમાં હતી અને છેવટે એને બંધ કરી દીધો. હવે આ ૧૯૯૦ની વાત છે. ત્યારે ટ્રમ્પ નહોતા. એ જુદી વાત છે કે ટ્રમ્પે વિજ્ઞાનને ફગાવી દીધું છે, સરકારના ક્ષેત્રમાંથી બધું જ વિજ્ઞાન ફગાવી દીધું છે. આવા ઘણા મુદ્દાઓ છે. તમારા પ્રશ્નની પશ્ચાદ્દભૂમાં આ છે. કશું પણ હવામાંથી નથી આવતું. હા, સંસ્થાઓ માટે તિરસ્કાર છે અને એના માટે યોગ્ય કારણો છે.

**લહાવી :** આ સમયમાં આપણે જે માળખાગત સમસ્યાઓનો સામનો

કરી રહ્યા છીએ એ અંગેના શાનદાર ખુલાસા માટે આભાર. સમસ્યાઓથી આગળ વધીને બહેતર આવતી કાલ માટેના ઉપાયો તરફ પ્રયાણ કરીએ. અનેક મુલાકાતોમાં તમે કહ્યું છે કે સમાજ પ્રત્યેની જવાબદારી એ તકનું કાર્ય છે. જેટલી વધુ તક એટલી વધુ જવાબદારી. હાલ, આ ઝૂમ પર જોડાયેલા લોકો પાસે બહુ તક છે, પરંતુ એમનું ધ્યાન જુદી દિશામાં દોરી જતા અને એમને પરાવૃત્ત કરતાં વિપરીત ઉત્તેજનોનો સામનો કરવો પડે છે, જે સામાજિક જવાબદારીઓ સ્વીકારવાથી એમને રોકે છે. આ ઝૂમ કૉલમાં જોડાયેલાં અને આવી જ વિડંબણામાં ફસાયેલા લોકોને આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો કયો ઉપાય સૂચવશો?

**પ્રો. ચૉમ્સ્કી :** એમાં કશું નવું નથી. એક સફળ ગુનેગાર, શોષક, ગુલામનો માલિક, બીજા લોકોનાં સંસાધનો લૂંટે એવો આક્રમણખોર બનવા માટેનાં શક્તિશાળી ઉત્તેજનો કાયમનાં રહ્યાં છે. એ રીતે ઘણું મેળવી શકાય એમ છે, સત્તાનાં પદ પણ મેળવી શકાય છે. પરંતુ એવાંય લોકો હતા જેમણે કહ્યું કે અમને આવું જોઈતું નથી. અમને બધાંનાં કલ્યાણની દરકાર છે, અમને અન્ય લોકોની પણ દરકાર છે, અમે એમના માટે કાર્ય કરીશું. ઇતિહાસમાં સતત એ સંઘર્ષ રહ્યો છે, જે એક યા બીજી રીતે એ વિવાદ દર્શાવે છે. એટલે આપણા સૌથી પ્રાચીન નોંધવહીઓમાં જોઈએ, દા. ત. બાઇબલમાં જોઈએ. બાઇબલમાં લોકોનો એક વર્ગ હતો જે પયગંબર કહેવાતા. સન્ડેસ્કૂલમાં એમના વિશે વાંચવા મળે છે. તમે કહો કેટલું સરસ. પરંતુ જોવા જાવ તો એ પયગંબરોને તમે વર્તમાન સમયના સંદર્ભમાં વિરોધ કરતાં બુદ્ધિજીવીઓ જેવા કહી શકો. એ લોકો દુષ્ટ રાજાના ગુનાઓને વખોડતા હતાં, એમના ભૌગોલિક-રાજકીય વિશ્લેષણ વિશે, એમની નીતિઓનાં પરિણામો વિશે, વિનાશકારી નીતિઓ વિશે ચેતવણી ઉચ્ચારતા, વિધવાઓ અને અનાથ બાળકો માટે દયાની માંગ કરતાં. પયગંબરોનો મૂળભૂત સંદેશો આ હતો, સંપૂર્ણપણે નહીં, પરંતુ સાર આ હતો. એ લોકો સાથે કેવો વ્યવહાર કરવામાં આવેલો? કારાવાસમાં નાખી દેવામાં આવેલા, રણમાં તગેડી મૂકવામાં આવેલા, એમને દોષિત ઠેરવવામાં આવેલા, એમનો ઉપહાસ કરવામાં આવેલો. વળી, એવા પણ લોકો હતાં, જેમને સદીઓ બાદ ઢોંગી પયગંબરો કહેવામાં આવેલા. એ લોકો દરબારના ખુશામતિયા હતા. એમને કોઈ તકલીફ નહોતી. તમે અનેક સદીઓ પાછા જઈને જુઓ તો મૂલ્યોનું ઉથાપન થઈ ગયેલું જોવા મળે.

પયગંબરોનો આદર કરવાનો હોય ને ઢોંગી પયગંબરોને દોષિત ઠેરવવાના હોય, એ ઢાંચો ઇતિહાસમાં સળંગ જોવા મળે છે, આજ સુધી. સાંપ્રતસમયમાં એના માટે જુદા શબ્દો વપરાય છે. ઢોંગી પયગંબરો પોતાને technocratic (તક્નિકતંત્ર સંબંધી) અને meritocratic (લાયકાત જોઈને ચૂંટી કાઢેલા લોકોનું શાસન) બુદ્ધિજીવીઓ કહેવડાવે છે અથવા એવા કોઈ નામથી પોતાને ઓળખાવે છે. આ લોકો, જેમ કિસિંજરે એક વખત કહ્યું હતું, સત્તા ધરાવતા લોકોનાં મત અને વિચારો રજૂ કરે છે ને એમનું સારું ચાલે છે. તો બીજી તરફ, ટીકાકારો ને વિરોધીઓ છે, જેમને તકલીફ પડે છે. કેવો સમાજ છે એની પર નિર્ભર છે, પરંતુ એક યા બીજી રીતે લગભગ દરેક સમાજ પાસે કાં તો એમને હાંસિયાકૃત કરવાનો અથવા એમની હત્યા કરવાનો અથવા એમનો કેદ કરવાનો અથવા એમની પર યાતના ગુજારવાનો કોઈ ને કોઈ રસ્તો હોય જ છે, સમજ્યા. પ્રોત્સાહનનાં માળખાં જે તમે વર્ણવ્યાં એના આધારે તમે આ અપેક્ષા કરો એ સ્વાભાવિક છે. ઇતિહાસમાં સતત આપણે આ જોઈ શકીએ છીએ. એટલે દા. ત. તરીકે તમે 'બુદ્ધિજીવી' શબ્દ લો. એનો આધુનિક ઉપયોગ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ફ્રાંસમાં ડ્રાયફસ ટ્રાયલ વખતથી શરૂ થયો હતો. આધુનિક અર્થમાં ડ્રાયફ સાડ્‌ર્સને બુદ્ધિજીવીઓ કહેવામાં આવ્યા હતા, એમાંના સૌથી જાણીતા એવા ઍમિલ ઝોલા અને બીજા હતા. આજે આપણે ડ્રાયફ સાડ્‌ર્સને માન અને આદરથી જોઈએ છીએ. એમના સમયમાં એવું નહોતું. એમની પર આકરા પ્રહારો થયા હતા. ઍમિલ ઝોલાને જીવ બચાવવા ફ્રાંસથી ઇંગ્લૅન્ડ નાસી જવાની ફરજ પડી હતી. ધી ઇમોર્ટલ્સ, ધી એકેડેમી ફ્રૅન્સેસ - મહત્ત્વનું બુદ્ધિજીવી કેન્દ્રએ આપણી અદ્‌ભુત સંસ્થાઓ, ન્યાયાલયો, સેના, વગેરેની નિંદા કરવાની હિંમત કરવા સારુ ડ્રાયફ સાડ્‌ર્સની સખત ટીકા કરી હતી. ૧૯૬૮માં હાવર્ડ ભૂતપૂર્વ ડીન, મકજ્યૉર્જ બંડીએ જેમને 'wild men in the wings' (રંગમંચના પડખાના બેકાબૂ માણસો) કહેલાં એવાં હતાં ડ્રાયફ સાડ્‌ર્સ. જૉનસન, કેનેડીના રાષ્ટ્રિય સુરક્ષા-સલાહકાર રહી ચૂકેલા હતા બંડી. ૧૯૬૮માં વિદેશનીતિ પર એમણે એક મહત્ત્વનો લેખ લખેલો. તે સમયે શાંતિચળવળ ટોચે હતી. એ લેખમાં એમણે જવાબદાર, ગંભીર બુદ્ધિજીવીઓને તારવી બતાવેલા કે જેઓ આપણી યુક્તિપ્રયુક્તિઓની ટીકા કરે પણ એથી વિશેષ કશું નહીં. બીજી તરફ wild men in the wings હતા મારા જેવા જે એમની નીતિઓની ટીકા કરવાની હિંમત કરતા હતા, એમનાં આયોજનનો તાગ મેળવવા એમની નીતિઓનાં લક્ષ્યો, હેતુઓ અને આંતરિક દસ્તાવેજો તપાસતાં. એ હતાં wild men in the wings. જેવું ઇતિહાસમાં સતત બનતું આવ્યું છે એવું આજ પણ બને છે, બરાબર છે? તો તમે શું કરશો? પસંદગી તમારી છે. (લહાવીને સંબોધે છે માટે man - એકવચનનો પ્રયોગ કર્યો છે) તમે wild man in the wings બનીને બધાંના સારા માટે કાર્ય કરી શકો છો અથવા પ્રલોભન સ્વીકારીને ધનવાન કૉર્પોરેટ વકીલ બની શકો છો. ઠીક છે? પસંદગી તમારે કરવાની છે.

**લહાવી :** ખૂબ આભાર. આગળ વધીએ. શ્રોતાઓને યાદ કરાવું કે ટૂંકસમયમાં શરૂ થનાર સવાલ-જવાબ માટે હાથ ઊંચો કરશો. ચર્ચા આગળ ધપાવીએ. તમારા મતે રાજકીય બાબતો અને વૈજ્ઞાનિક મહત્ત્વની બાબતોના સંદર્ભમાં તમે જ્ઞાનગત વિવેકની ખરી માત્રા શું છે? શું તમને સહેજ પણ ચિંતા છે કે ક્ષતિક્ષમતા અંગેના અજ્ઞાનમાંથી ઉદ્‌ભવતા તર્કઅસંગત જ્ઞાનગત આત્મવિશ્વાસ જે સમજાવટ કે અસરકારક વાક્છટા જેવી ગેરવાજબી બાબતોનો ફાયદો ઉઠાવે છે? હું જાણું છું કે વિશ્વના પ્રશ્નો અંગે ચિંતન કરવાના આ તમારા પસંદગીના માર્ગો નથી.

**પ્રો. ચૉમ્સ્કી :** મને લાગે છે કે સૈદ્ધાંતિક રીતે આપણે બધા જવાબના સંદર્ભે સંમત છીએ. આપણે તર્કસંગત ચર્ચાવિચારણા, પુરાવા પ્રત્યે ધ્યાન, તાર્કિક વાર્તાલાપ, અસંમતિના કાયદેસરપણાનો સ્વીકાર દ્વારા સહિયારું કાર્ય કરીને એને પહોંચી વળવું જોઈએ. વિજ્ઞાનોનો આજ કિસ્સો છે, ખાસ કરીને જે નક્કર વિજ્ઞાનો છે તે. કોઈ દૃષ્ટિથી પરિપૂર્ણ નથી. એમાં ગંભીર દોષો મળશે, પરંતુ મૂળભૂત રીતે વિજ્ઞાનોનો માર્ગદર્શક નૈતિક સિદ્ધાંત મહત્ત્વ ધરાવે છે. જ્યારે-જ્યારે એનાથી અંતર કેળવાય છે, ત્યારે ટીકા થાય છે. તે ભારપૂર્વક વળગી રહે છે. તમને વૈજ્ઞાનિક દુરાચારનાં દૃષ્ટાંતો, પ્રયોગોમાં બનાવટ, અનુચિત ટીકા, વગેરે. પરંતુ મોટા ભાગે હાંસિયાની વાત હોય છે. મુખ્ય વિજ્ઞાનોને મૂળભૂત દબાણ એ વાતનું હોય છે કે પુરાવા પર અને તર્કસંગત દલીલો પર ધ્યાન આપવું. હવે વિજ્ઞાનમાં આમ ન કરવાથી તમે બહુ લાંબો સમય છટકી ન શકો નહીં તો તમે ઉઘાડા પડી જાવ. જેવા તમે બીજી વિદ્યાશાખાઓ તરફ વળો છો, ત્યારે હકીકતો મારફતે દુનિયા પર લાદવામાં આવતી વિદ્યાશાખાની

ચુસ્તતા ઘટી જાય છે. આપણી સમજણ ઘટે છે, સત્તામાં દિલચસ્પીનો પ્રભાવ વધી જાય છે. તેથી તમે જેનું વર્ણન કર્યું એ વધુ માત્રામાં મળવા લાગે છે. પરંતુ એનો સ્વીકાર કરવાનું કોઈ કારણ નથી. આપણે એનો આગ્રહ રાખવો જોઈએ. આ બહુ જ જીવંત મુદ્દો છે.

અત્યારના જ સમયનો દાખલો લો. આપણે જે મોટાં સંકટોનો સમાનો કરી રહ્યાં છીએ એમાંનાં સૌથી નાનાંનો દાખલો લઈએ. એવાં ઘણાં છે. સૌથી નાનું છે આ મહામારી. આપણે આ મહામારીમાંથી બહુ જ મોટા ખર્ચે, વ્યર્થ ખર્ચે, બહાર આવી જઈશું. જે દેશોએ મહામારી પ્રત્યે ધ્યાન આપ્યું હોય, એમના દેશના લોકોની વધુ દરકાર લીધી હોય અને બહાર આવી શક્યા હોય એવા દેશોના દાખલા પરથી આપણે જોઈ શકીએ છીએ. વિશ્વમાં નજર કરીએ તો અમુક કિસ્સામાં તો અચરજ પામી જવાય. અમુક સાવ નિષ્ફળ ગયા છે, યુનાઈટેડ સ્ટેટ્સની જેમ. એનો કિસ્સો સૌથી ખરાબ છે. શું કરવું જોઈએ એની સમજના અભાવે આમ બન્યું નથી. કોઈકે પગલાં લીધાં ને કોઈકે ના લીધાં. યુનાઈટેડ સ્ટેટ્સમાં જે બન્યું એ તરફ ધ્યાન આપીએ તો ઘણું શીખવા મળે અને ભવિષ્ય માટે એ બહુ મહત્ત્વનું છે. જ્યારે આખરે આપણે મહામારીમાંથી મુક્ત થઈશું, ત્યારે ૨૦૦૩માં હતી એવી પરિસ્થિતિ હશે આપણી સામે. ૨૦૦૩માં કોરોનાવાઈરસની મોટી મરકી થઈ હતી, SARSની મરકી, જેની પર કાબૂ મેળવી લેવાયો હતો. વૈજ્ઞાનિકોએ ત્યારે જ કહી દીધું હતું કે બીજી કોરોના-વાઈરસની મરકીઓ આવવાની જ છે જે આના કરતાં ગંભીર હશે. એનો સામનો કરવા માટે તમારે આટલું કરવું પડશે. તૈયારી રાખવી પડશે. આજે પણ એ જ વાત કરી રહ્યાં છે એ લોકો. કહી રહ્યાં છે કે આમાંથી બહાર આવીશું, પરંતુ વધુ આવવામાં છે. આનાથી પણ ખરાબ હશે એ. એમાંથી બહાર નીકળવા માટે આટલું કરવું પડશે. એ જ સૂચનાઓ. ૨૦૦૩માં શું થયું હતું? મૂળભૂત રીતે જ્ઞાન હતું, શું કરવું એ અંગેના વિચારો હતા પરંતુ કોઈએ દડો ઊંચકીને દોડવું પડેને? એ પહેલ કોણ કરશે? એ જ પ્રશ્નો અત્યારે પુછાઈ રહ્યા છે. મોટી દવાની કંપનીઓ હોઈ શકે છે. એમની પાસે મોટી લેબૉરેટરીઓ હોય છે, જબરદસ્ત સંસાધનો હોય છે, કાનમાંથી ઊભરાતો નફો હોય છે, જે ખૂબ જ રક્ષણ પૂરું પાડતા મુક્ત વેપારવિરોધી, મુક્ત વેપારકરારોને આભારી છે. બધું બરાબર સિવાય કે એક ચીજ, મૂડીવાદી તર્ક.

મૂડીવાદી તર્ક કહે છે કે આજથી દસ વર્ષ બાદ થોડો નફો થવાનો હોય એવી બાબત પર તમારે નાણાંનો વ્યય ના કરવો જોઈએ, પછી ભલેને તે વસ્તીને સર્વનાશથી બચાવી લેવાની હોય. એ મૂડીવાદી તર્ક નથી. મૂડીવાદી તર્ક તો આવતી કાલે નફો કરવામાં માને છે. એટલે દવા બનાવતી કંપનીઓ બહાર થઈ ગઈ, એમણે કશું કર્યું નહીં. પછી આવે છે સરકારો. સરકારો પાસે મોટી લૅબોરેટરીઓ હોય છે. વૅક્સિન અને દવાઓને લગતું મોટા ભાગનું સંશોધન આમેય જાહેર ક્ષેત્રમાં જ થતું હોય છે. આપણી પાસે એવા કાયદાઓ હોય છે કે જેના લીધે મૂળભૂત સંશોધન અને જોખમી પગલાં જનતાના ખર્ચે લેવાય છે. નફામાંથી જનતાને કોઈ હિસ્સો આપવામાં આવતો નથી. એક વાર કામ પતી જાય એટલે એને ખાનગી આપખુદોને સોંપી દેવાનું. એ લોકો માર્કેટિંગ કરે, નફો કમાય અને હા, ઉત્પાદનમાં થોડો ઘણો ફેરફાર કરે. દરેક ક્ષેત્રમાં આવું ચાલે છે. દા.ત., તમારું કમ્પ્યૂટર લઈ લો કે દવાઓ. પરંતુ વૅક્સિન સહિતનાં તમામ મૂળભૂત સંશોધન સરકારી ખર્ચે કરવામાં આવે છે. લોકો એમાંથી નફો નથી કમાવવાના પરંતુ વ્યવસ્થાપકો કમાશે. આવું છે આપણું સામાજિક અને રાજકીય તંત્ર. સરકાર સંકળાઈ શકી હોત પરંતુ એમાં એક અડચણ છે. એનું નામ છે નવ્ય ઉદારવાદ.

સરકાર પોતે સમસ્યા છે, નિરાકરણ નહીં. એટલે સરકાર સંકળાઈ નહીં. તેથી એમ કહી શકાય કે કોઈએ દડો ઉપાડ્યો નહીં. કરી શકાય એવી બાબતો હતી. ૨૦૦૯માં ઓબામા જ્યારે સત્તા પર આવ્યા, ત્યારે પ્રથમ એમણે પ્રેસિડેન્શિયલ સાયન્ટિફિક ઍડ્વાઇઝરી કાઉન્સિલની મિટિંગ બોલાવી અને એમણે મહામારીને પહોંચી વળવાનો કાર્યક્રમ (pandemic response programme) તૈયાર કરવાનું કાર્ય સોંપ્યું. થોડાંક અઠવાડિયાંઓમાં એ લોકો કાર્યક્રમ તૈયાર કરીને લાવ્યા અને ઓબામા સરકારે એનો અમલ કર્યો. ચીનમાં સંભવિત કોરોના- વાઇરસને ઓળખવાનો, એનાં લક્ષણો વિશે જાણવાનો કાર્યક્રમ અમેરિકન વૈજ્ઞાનિકોએ ગણતરીએ પાર પાડી રહ્યા હતા કે જો કદાચ આ વાઇરસ પ્રાણીમાંથી મનુષ્યમાં સંક્રમિત થાય અને મહામારી ફેલાય. ઓબામાના કાળ દરમિયાન જાન્યુઆરી ૨૦૧૭ સુધી આ ચાલુ રહ્યું. પછી પ્રેસિડન્ટ ટ્રમ્પ ચૂંટાયા. ઑફિસ સંભાળ્યાના પ્રથમ દિવસોમાં જ એમણે pandemic response programmeનો અંત આણી દીધો. પછીનાં વર્ષોમાં ચીનમાં કાર્ય કરી રહેલા અમેરિકન વૈજ્ઞાનિકોના કાર્યક્રમોને ખતમ કરી દીધા અને એમનો નિકાલ કરી દીધો. ત્યાર બાદનું પગલું, ખરેખર શરૂઆતથી, સેન્ટર ફોર ડીઝિઝકન્ટ્રોલને અપાતી નાણાકીય સહાય બંધ કરી દીધી. આવું સરકારના આરોગ્ય સંબંધી તમામ પાસાંઓ સાથે બન્યું. દર વર્ષે, દરેક બજેટમાં આ ચાલુ રહ્યું. કૉંગ્રેસે ક્યારેક એને અસફળ બનાવ્યું, પરંતુ વ્હાઇટહાઉસે હંમેશાં એની તરફેણ કરી. જનતાને રક્ષણ પૂરું પાડે એવી તમામ બાબતોની નાણાકીય સહાય બંધ કરવાના ને એનો વિનાશ કરવાના પ્રયત્નો થતા રહ્યાં વ્હાઇટહાઉસમાં. આવું છેલ્લે બન્યું ફેબ્રુઆરી ૨૦૨૦માં. મહામારી પૂરજોશમાં ચાલી રહી હતી. ટ્રમ્પના બજેટમાં સેન્ટર ફોર ડીઝિઝ અને સરકારનાં અન્ય આરોગ્યલક્ષી પાસાંઓ માટે કોઈ જોગવાઈ નહોતી કરવામાં આવી. આવતી ફેબ્રુઆરીમાં આપણે આ જ બાબતને નાણાં ફાળવીશું.

તમને ખ્યાલ છે એમ, આ સરકારે ચૂંટણીના પરિણામનો સ્વીકાર કર્યો નથી. (આ તબક્કે ૮ જાન્યુઆરીએ પરિસ્થિતિ સાવ જુદી છે-અનુ.) એ લોકો એવું વર્તન કરી રહ્યાં છે જાણે કે ફરીથી સરકાર એમની જ બનવાની છે. એમણે કરેલા વાયદાઓમાંનો એક એ છે કે આવતા વર્ષ માટેનું બજેટ જાહેર કરશે. હતું એવું ને એવું રહેશે એવી શક્યતા છે. બરાબર. જુદા-જુદા દેશોએ પ્રતિક્રિયા આપી, પછી જાણીએ છીએ એમ જ્યારે મહામારી ત્રાટકી ત્યારે દેશોએ જુદી-જુદી પ્રતિક્રિયાઓ આપી. પૂર્વએશિયા, દક્ષિણ કોરિયા, તાઇવાન, સિંગાપોર, હોંગકોંગ, ઓશિયાના, ન્યુઝિલૅન્ડ, ઑસ્ટ્રેલિયા, આફ્રિકા જેવા દેશોએ ખાસ્સું સારું કામ કર્યું. મહામારીને ઝડપથી કાબૂમાં લેવાનો એમણે સારો પ્રયત્ન કર્યો. સૌથી આશ્ચર્યકારક કિસ્સો વિયેતનામનો છે. અત્યંત ગરીબ દેશ, મહામારીના કેન્દ્ર ચીનની દક્ષિણ સરહદ પર આવેલો છે છતાં એકેય કેસ નોંધાયો નહોતો, પછી અડધો ડઝન કેસ થયા ને પાછળથી મુલાકાતીઓને લીધે મુઠ્ઠીભર કેસ થયા. સેનેગલ, કેન્યા જેવા દેશો પણ પહોંચી વળ્યા. યુરોપ ઢચુંપચું રહ્યું, ખાસ કરી શક્યું નહીં, પરંતુ અંતે ઠીકઠીક પહોંચી વળ્યું. અમુક દેશો વર્ણપટ પર હાજર જ નથી. યુનાઇટેડ સ્ટેટ્સ એમાંનું એક છે, એક પછી એક હોનારત. આખરે સરકારે હાથ અધ્ધર કરી દીધા છે. અમારાથી કાબૂમાં લઈ શકાય એમ નથી, વાત હવે રાજ્યો અને પ્રદેશોના હાથની

છે.

મારી પોતાની નિખાલસ શંકા એ છે કે લંગડી બતક જેવો વહીવટ આ બાબતથી ખૂબ ખુશ છે. જો દેશ વહીવટ કરવા-યોગ્ય રહે જ નહીં, સડેલી પરિસ્થિતિ થઈ જાય તો એમને આરામ થઈ જાય. બાઇડન સત્તા સંભાળશે તો એમને બહુ જ સમસ્યાઓનો સામનો કરવો પડશે. એના લીધે પરિસ્થિતિ વધુ વણસશે. અનિવાર્ય નિષ્ફળતાઓનો દોષ નવી સરકાર પર ઢોળી દેવાશે. માર-આ-લાગોમાં જે બીજી સરકાર, જેમના ખિસ્સામાં મિચ મૅકોનેલની સેનેટ હશે, પોતાને ખરી સરકાર કહેવડાવશે, ખોટી સરકાર નહીં, એ આ બધાંનો ફાયદો લઈ શકશે ને વાજતેગાજતે પાછા સત્તારૂઢ થઈને ૨૦૨૨-૨૦૨૪માં આવી શકશે. મને લાગે છે આ જ આયોજન થઈ રહ્યું છે. આ બધું કાયદાના વ્યવસાય મારફતે શક્ય બનાવવામાં આવશે, જે મૅકોનેલની એક માત્ર - સેનેટ હેતુપૂર્વકનું મંડળ હતું. તાજેતરનાં વર્ષોમાં એવું રહ્યું નથી. સદનમાંથી પ્રસ્તાવો સ્વીકારીને એના પર કામ કરતું નથી. એ બે ચીજો કરે છે. પહેલું, અતિ શ્રીમંતોને વધુ શ્રીમંત બનાવે એવા કાયદા ઘડે છે અને બીજા બધાને માથા પર મારે છે, ૨૦૧૭ જેવાં ટૅક્સગોટાળા, અને બીજું, ન્યાયતંત્રને ઉપરથી નીચે સુધી યુવાન, અતિ જમણેરી વકીલોથી સજ્જ કરવું, જે એક આખી પેઢી માટે કંઈ પણ રોકી દેવા સક્ષમ હોય. એટલે જનતાને ભલે ગમે તે જોઈતું હોય, આ અત્યંત પ્રતિક્રિયા કરનારી નીતિઓને ચાલુ રાખી શકાય. આ યોજના વિકસાવવામાં આવી રહી લાગે છે. તમારે એનો સ્વીકાર કરવાનો નથી, પરંતુ મહામારીના મુદ્દે પાછાં વળતાં, આપણી સામે એ જ વિકલ્પો છે. એવું થવાની શક્યતા છે કે બીજા મહામારીઓ આવી રહી છે. અત્યાર સુધી આપણે નસીબદાર રહ્યા છીએ. દરેક કોરોનાવાઇરસની મરકી અત્યંત ચેપી પણ પ્રવર્તમાન મહામારી જેવી બહુ ઘાતક નહીં અથવા ઈ-બોલાની માફક અત્યંત ઘાતક પરંતુ બહુ ચેપી નહીં એવી હતી. હવે એવું કઈ રીતે કહી શકાય કે આગામી મહામારી એવી નસીબદાર હશે? બની શકે કે એ ઘાતક અને ચેપી બન્ને હોય. વળી, ગ્લોબલવૉર્મિંગ અને હૅબિટેટ ડિસ્ટ્રક્શનને કારણે વાત વધુ વણસે. તેથી, આપણે આના કરતાં વધુ ગંભીર મહામારીની અપેક્ષા કરી શકીએ અને એ દિશામાં કશું કરી પણ શકીએ. ૨૦૦૩માં હતી એ સલાહ મુજબ ચાલી શકીએ. એનો અર્થ એ થાય કે આપણે મૂડીવાદી તર્કને, નવ્ય ઉદાર આક્રમણને અને સરકારી હસ્તીઓની દુષ્ટતા પર વિજય મેળવવો પડે. આ ત્રણ સમસ્યાઓ છે. એમને પહોંચી વળાય એમ છે. જ્યાં સુધી લોકો નહીં કરે ત્યાં સુધી એ થવાનું નથી.

**લહાવી :** આભાર, પ્રોફેસર ચૉમસ્કી, હવે શ્રોતાઓના સવાલ-જવાબ તરફ વળીએ. ઍના બિનચિંગરથી શરૂઆત કરીએ. તમે અનમ્યુટ કરીને સવાલ પૂછી શકો છો.

**ઍના :** હાય, પ્રોફેસર, અમારી સાથે વાત કરવા બદલ આભાર. પ્રથમ પ્રશ્નના વિષય પર પાછા ફરીએ તો, તમારા કાર્યના મોટા હિસ્સા સાથે સંબંધિત ભાષાવિજ્ઞાન સાથે કૉલેજકાળથી પ્રેમમાં પડેલી વ્યક્તિ તરીકે મારે તમને એ પૂછવું છે કે સૌપ્રથમ ભાષાવિજ્ઞાનનો અભ્યાસ કરવાનો વિચાર તમે શા માટે કર્યો અને આજ સુધી તમે એ અભ્યાસ શા માટે ચાલુ રાખ્યો છે?

**પ્રો. ચૉમ્સ્કી :** મને પ્રશ્ન બરાબર સંભળાયો નહીં. માઇકલ, જરા ફરીથી બોલી સંભળાવીશ? (લહાવી ફરીથી પ્રશ્ન કહી સંભળાવે છે.) મને મનુષ્યોમાં રસ છે. મેં જે શરૂઆતમાં કહ્યું ત્યાં પાછા ફરીએ. મનુષ્યો અંગે ઘણી આશ્ચર્યકારક બાબતો છે અને એમાંની લગભગ બધી એ હકીકતને આભારી છે કે આપણી પાસે ભાષા છે. એક આશ્ચર્યકારક બાબત છે કે આપણી પાસે વિચારો છે. મારા બે વહાલાં પાળતું કૂતરાં છે. હું એ શબ્દ બોલી નથી શકતો, નહીં તો દરવાજે ધસારો થશે - મારા ડેસ્ક નીચે. એમની પાસે વિચારો નથી. એમના મનમાં ઘણું બધું છે, પરંતુ મનુષ્યોના સંદર્ભમાં જેને વિચારો કહીએ છીએ, જેને માન્યતાઓ, દલીલો, અપેક્ષાઓ, યોજનાઓ, વગેરે તરીકે વ્યક્ત કરી શકીએ, એવાં નહીં. એવું બિલકુલ નથી. આપણે જેટલા જીવો વિશે જાણીએ છીએ, આપણા સૌથી નજીકના સંબંધીઓ - ગ્રેટ એઈપ્સ સહિત, એ બધાના સંદર્ભમાં આમ જ છે. તાલીમના ખૂબ તીવ્ર પ્રયત્નો છતાં એ પ્રાણીઓ ભાષાના સૌથી પાયાના, પ્રાથમિક સિદ્ધાન્તો પણ ગ્રહણ કરી શકતાં નથી. આપણામાં હોય છે એમ, સંવેદનાવાહક હલનચલન સંબંધી વિપદાને કારણે નહીં પરંતુ અંદર જે હોવું જોઈએ એ જ નથી હોતું એમનામાં. તેથી પૃથ્વી પર જીવસૃષ્ટિનાં લગભગ ચાર બિલિયન વર્ષો દરમિયાન ૫૦ બિલિયન પ્રજાતિઓની હયાતી રહી છે. માત્ર એક જ છે જે વિચાર ધરાવે છે. એ વિચારોનો આધાર છે ભાષા માટેની આપણી આશ્ચર્યકારક ક્ષમતા. મેં જેમ પહેલાં કહ્યું તેમ આખા બ્રહ્માંડમાં આ એક માત્ર છે.

અમેરિકન જીવવિજ્ઞાનની મહાન અને વરિષ્ઠ હસ્તી, હાવર્ડના જીવવિજ્ઞાની અર્નસ્ટ માયરે એક વખત કહ્યું હતું કે આપણી પાસે જે એક ઉદાહરણ છે એ જો આપણે લઈએ, પૃથ્વી પરની જીવસૃષ્ટિ, તો માલૂમ પડશે કે સૌથી સફળ પ્રજાતિઓ એ હોય છે જે જીવવિજ્ઞાનની દૃષ્ટિએ સફળ હોય. જેની સંખ્યા વિપુલ પ્રમાણમાં વધે છે ને જે જીવી જાય છે એ સાવ સામાન્ય હોય છે. બૅક્ટેરિયા, જંતુ, ભમરા, એને વાંધો આવતો નથી. બુદ્ધિના ધોરણ સંદર્ભે વાત કરીએ તો જેમ તમે ઉપરની તરફ વધો તો ઓછા ને ઓછા થતા જાય છે ને બહુ લાંબો સમય ટકી શકતા નથી. હકીકતે, નજીકના ભૂતકાળ સુધી એટલા બધા મનુષ્યો નહોતા. લગભગ છેલ્લાં ૧૦ હજાર વર્ષોથી આ એક જ પ્રજાતિ છે અને માયરનું કહેવું છે કે આખા બ્રહ્માંડમાં અનેકો ગ્રહો છે. ફૅરમીઝ પૅરેડૉક્સ વિશે તમે સાંભળ્યું હશે. ફૅરમી બહુ મોટા ભૌતિકશાસ્ત્રવિદ્ હતા. એ કહેતા કે બ્રહ્માંડ આખામાં આટલી મોટી સંખ્યામાં આપણા જેવા કેટલાય ગ્રહો છે તેમ છતાં એમના પર બુદ્ધિશાળી જીવની કોઈ જ નિશાની શા માટે નથી? માયરનું સૂચન છે કે એક પણ નથી. મૂળ વાત કહીએ તો, હૉશિયાર હોવા કરતાં મૂર્ખ હોવું સારું છે. ઉચ્ચ બુદ્ધિના વિકાસનો અવકાશ ઓછો છે અને જો વિકાસ થાય તો પ્રાણઘાતક પરિવર્તન થાય. એમણે કહ્યું નથી, પરંતુ હવે હું ઉમેરું છું કે એ પ્રાણઘાતક પરિવર્તન છે એ પુરવાર કરવાના પ્રયત્નની મધ્યે છીએ આપણે. પૃથ્વી પરની જીવનસૃષ્ટિનો વિનાશ થાય એવા વ્યવહારોથી ઘેરાયેલા છીએ આપણે. આપણે બહુ મોટા પાયે એવું કરી રહ્યા છીએ, છઠ્ઠા વિનાશનો (sixth extinction) દાખલો લઈએ તો આ બધાં જ અનેરા ગુણ, કદાચ બ્રહ્માંડના ઇતિહાસમાં એક માત્ર, ભાષાના અસ્તિત્વ પર આધારિત છે. એટલે તમારે ના કેવળ મનુષ્યોને પરંતુ બ્રહ્માંડની પ્રકૃતિ વિશે સમજ કેળવવી હોય તો આ વિષયનો અભ્યાસ રસપ્રદ બને છે.

**લહાવી :** આભાર, પ્રૉ. ચોમસ્કી. ખૂબ રસપ્રદ વાત કહી તમે. બીજા પ્રશ્ન તરફ વળીએ. ઍન્ડ્રૂ સૅન્ટૅના, તમે અનમ્યૂટ થઈને સવાલ પૂછી શકો છો.

**સૅન્ટૅના :** હલો, પ્રો. ચોમસ્કી, તમારો સમય ફાળવવા બદલ આભાર. આપના જાહેર વાર્તાલાપનું નિયંત્રણ કરતાં ઍલ્ગોરિધમ પર કેવી રીતે કાબૂ

મેળવી શકીએ, ખાસ કરીને જ્યારે એ ઍલ્ગોરિધમ મૂડીવાદી તર્કથી સર્જવામાં આવ્યાં છે? તર્કસગત, લોકતાંત્રિક વાર્તાલાપ મેળવવા માટે આપણે આ અધમ ચક્રને તોડવા માટે શું કરી શકીએ?

**પ્રો. ચૉમ્સ્કી :** બહુ સરળ છે. એમ કરવાથી. ઍલ્ગોરિધમથી દિગ્મૂઢ થવાની જરૂર નથી. સાંભળવામાં આકર્ષક અને વૈજ્ઞાનિક લાગે, પરંતુ એ માત્ર યુગોથી પ્રવર્તતા નિયંત્રણ અને વર્ચસ્વના રસ્તાની ધાર કાઢવાનું કામ કરે છે. કંઈ બહુ મોટો ફરક નથી પાડી શક્યા. હંમેશાં કરતાં આવ્યાં છો એ રીતે પ્રતિકાર કરતાં રહેવાનું. જે સમાજ ખરેખર નિષ્ઠુર અને અસભ્ય હોય છે એમાં ટકવું મુશ્કેલ બને છે. તમે ચીનમાં કે પછી સાઉદી અરબમાં કે ઈરાનમાં રહેતા હોવ, તો ઊભા થઈને હું સત્તાધીશોને પડકારીશ એવું કહેવું સહેલું નથી. કોઈક કરી બતાવે છે, જેવાં કે ચીનના આઈ વૅવે અને બીજાં. પરંતુ એ સહેજ પણ સહેલું નથી. આપણા જેવા સમાજમાં એટલું અઘરું નથી. જો તમે અમારા જેવા હોવ, વિશેષ હક્ક-અધિકાર ભોગવતા, તો તમને ઘણું રક્ષણ મળી રહે છે. એટલે કે તમને ઠાર મારવામાં નહીં આવે, તમને યાતના આપવામાં નહીં આવે, બની શકે કે તમને wild man in the wings કહેવામાં આવે. કદાચ તમને જોઈતી નોકરી તમને નહીં મળે, કદાચ તમને નૅશનલ પબ્લિક રેડિયો પરથી બાકાત રાખવામાં આવે, જેમ દા.ત., મને બાકાત રાખવામાં આવ્યો છે, પરંતુ એથી દુનિયાનો અંત નથી આવતો. બીજું ઘણું કરી શકો છો અને એવું કરવાથી ઘણો સંતોષ પણ પ્રાપ્ત થાય છે. તેથી, અમારા જેવી વિશેષ હક્ક-અધિકાર ભોગવતી વ્યક્તિઓ માટે અનેક તકો છે. દમનકારી વર્ગ સાથે જોડાઈને જે સવલતો મળે એ તમને નહીં મળે, જેમ ઇતિહાસમાં થતું આવ્યું છે, પરંતુ એનો અર્થ એ નથી કે તમે એવું ના કરી શકો. એટલે હું કહું છું ઍલ્ગોરિધમને ભૂલી જાવ, દમન ભૂલી જાવ અને આગળ વધો.

**લહાવી :** આભાર, પ્રો. ચૉમસ્કી. ત્રણ પર અટકવું પસંદ કરશો? ઘણાં લોકો પ્રશ્નો પૂછવા આતુર છે. આ છેલ્લી પળોનો શો ઉપયોગ કરવો જોઈએ, એ તમને પૂછવું યોગ્ય રહેશે. વધુ પ્રશ્નો લઈએ?

**પ્રો. ચૉમ્સ્કી :** હા, જરૂર. વધીએ આગળ.

**લહાવી :** ઠીક છે. કૅવિન વૅસકેઝ.

**વૅસકેઝ :** આભાર, માઇકલ અને હાય, પ્રો. ચૉમસ્કી. પ્રથમ મારે કહેવું છે કે હું તમારા કાર્યનો મોટો પ્રસંશક છું. તમારાં ડઝન પુસ્તકો વાંચ્યાં છે અને એથી દુનિયાનો જોવાનો મારો દૃષ્ટિકોણ બદલાઈ ગયો છે. તમને મળવું અને તમને સાંભળવા મારા માટે ગૌરવની વાત છે. મારે જે પ્રશ્ન પૂછવો છે એ અંગે મેં ઘણો સંઘર્ષ કર્યો છે, ઘણાં લોકો સાથે વાતચીત કરી છે ને જોવા જાવ તો મૂળભૂત છે, પરંતુ આ વર્ષ અને પાછલા અડધા દસકા દરમિયાન આપણે વંશીય ન્યાય માટેની મોટી ચળવળો ઊભી થતી અને વિકાસ પામતી જોઈ. ઘણી વખત આ ચળવળો કૉર્પોરેટ સત્તા કે મૂડીવાદની ટીકાથી કે અસમાનતા કે ગરીબી કે તમે જે બધી બાબતોની આજે વાત કરી એનાથી વિખૂટી હોય છે, પ્રતિનિધિત્વ સંબંધી હોય છે. એ કારણથી મને લાગે છે કે એ નવ્ય ઉદાર સત્તાના માળખાને સ્વીકાર્ય છે કારણ કે મૂળભૂત રીતે એમનો સંબંધ કૉર્પોરેટ બૉર્ડરૂમમાં કોણ સ્થાન પામે છે એની સાથે હોય છે, પરંતુ એ હકીકત નથી બદલી શકતા કે કૉર્પોરેટ બોર્ડરૂમનું અસ્તિત્વ છે. તમારા મત મુજબ વંશીય અન્યાય સંબંધી ચળવળો કેટલી હદે આપણને ડાબેરીઓને મદદરૂપ છે? શું આપણને વર્ગ આધારિત બહોળી રાજનીતિની જરૂર છે જે આર્થિક પ્રશ્નો, કૉર્પોરેટ સત્તા, રાજકીય ભ્રષ્ટાચાર અને તમામ વંશોના કામદારવર્ગને સ્પર્શતા મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરે છે?

**પ્રો. ચૉમ્સ્કી :** હમણાં જ ઊભી થયેલી મોટી સામાજિક ચળવળ, 'બ્લૅક લાઈવ્સ મૅટર'ની વાત કરીએ, બરાબર. ખૂબ ઉલ્લેખનીય ચળવળ છે. એમાંથી ઘણું શીખવા જેવું છે. પાછલાં કેટલાંય વર્ષોથી આયોજન થતું હતું જેના કારણે ફ્લોઇડની હત્યા પછી જે બન્યું એની પશ્ચાદ્દભૂમિકા તૈયાર થઈ. હવામાંથી બધું નહોતું થયું. ફ્લોઇડની હત્યા બાદ એક આશ્ચર્યકારક બાબત બની. અમેરિકાના ઇતિહાસમાં સૌથી મોટી ચળવળ ઊભી થઈ. ખૂબ મોટી સામાજિક ચળવળ, ખૂબ ભાગીદારી, શ્વેત-અશ્વેત હિતસંબંધ, જનતાનો ન ધારેલો કે પહેલા કદી ન નોંધાયેલો ટેકો, લગભગ ૨/૩ જેટલો ટેકો. માર્ટિન લૂથર કિંગે લોકપ્રિયતાની ટોચે મેળવી હતી, એના કરતાં અનેક ઘણી વધારે. માત્ર અહીં જ નહીં, બીજે પણ અસર થયેલી. કર્મશીલતા અને આયોજનની પશ્ચાદ્દભૂમિકામાંથી ઉદ્ભવેલી.

ત્યાર બાદ આવે છે ખરાબ પ્રત્યાઘાત. તમે કેવી યુક્તિઓ વાપરો છો, એનાથી બહુ મોટો ફરક પડે છે, બહુ મોટો ફરક. એ ચળવળમાંથી બહાર આવેલા નારા જોઈએ જેવાં કે 'ડિફન્ડ ધ પુલિસ' (પોલીસને નાણાંકીય સહાય બંધ કરો). જો તમારે કશું મેળવવું હોય, કોઈને પણ કર્મશીલ બનવું હોય તો તમારે પોતાની જાતને પૂછવું પડશે કે હું મારા પ્રસ્તાવો, માંગણીઓ અને નીતિઓને વ્યવસ્થિતપણે અને સ્પષ્ટપણે કેવી રીતે રજૂ કરી શકું કે જેથી જનતાની સમજણ અને સહકાર પ્રાપ્ત કરી શકાય? કે પછી એવી રીતે રજૂ કરું જેનાથી મને સારું લાગે ને લોકો વિમુખ થઈ જાય? આ પસંદગી હરપળ કરવાની આવતી હોય છે. ફિલ ગૂડની યુક્તિઓ અને ડુ ગૂડની યુક્તિઓ વચ્ચેની પસંદગી. બ્લૅક લાઇવ્ઝ મૅટરમાં બન્નેનો સમાવેશ હતો. ફિલ ગૂડની યુક્તિ પ્રેસિડન્ટ ટ્રમ્પ અને અતિ જમણેરીઓને મળેલી મોટી ભેટ હતી, જેનો નારો હતો 'પોલીસને દૂર કરો. અમારા પાડોસમાંથી હાંકી કાઢો એમને.' આવું કોઈ સ્વીકારવાનું નથી, ખરુંને. આ દુનિયામાં તો શક્ય જ નથી. કદાચ કોઈ બીજી દુનિયામાં આની કલ્પના કરી શકાય. 'ડિફન્ડ ધ પુલિસ'નું (પોલીસને નાણાકીય સહાય બંધ કરવાની) એક બહુ સમજદારીપૂર્ણ વૃત્તાંત હતું, જેને બ્લૅક લાઇવ્ઝ મૅટરના મુખ્ય ચળવળકારોએ તૈયાર કરેલું, જેને બર્ની સૅન્ડર્ઝે જેવા લોકોએ જાહેરમાં અને છટાદાર રીતે ટેકો આપેલો. એમણે સમજાવેલું કે 'ડિફન્ડ ધ પુલિસ' કરવાનો અર્થ થાય છે, એમની જવાબદારીઓ ઘટાડવી, જે એમને સોંપવી જ જોઈતી નહોતી. પોલીસની કામગીરીનો મોટો હિસ્સો એવો છે જેની ના તો એમની પાસે તાલીમ છે કે ના તો સાધન અને એમને કરવી પણ નથી ગમતી. ઘરેલું ઝગડા, માનસિક રોગની સમસ્યાઓ, ખોવાયેલ કૂતરાં, જે પણ આવું હોય એને પોલીસના હાથમાંથી લઈને સમાજસેવાના ક્ષેત્રને સોંપી દો. જે લોકો વધુ સારી રીતે એ કાર્ય કરી શકશે ને એને બંદૂકો લઈને લોકોને ધાકધમકી આપતા ફરવાનું મટે. આનાથી પોલીસને આપવી પડતી નાણાકીય સહાયમાં મોટા પાયે ઘટાડો થશે. પોલીસ પણ આની તરફેણમાં છે. પછી પોલીસના પગારો વધારો જેથી વધુ લોકો પોલીસની નોકરી કરવા પ્રેરાય. લોકો વધુ નિસબતથી જોડાશે, માત્ર આજીવિકા કે વધુ સારી તાલીમ માટે જ થઈને નહીં. 'ડિફન્ડ ધ પુલિસ'ની આવી નીતિને ઘણા બધા પોલીસકર્મીઓ આવકારશે અને એની તરફેણ પણ કરશે. સાથોસાથ, સામાન્ય જનતા પણ એને સ્વીકારશે. તમારી ચળવળ સફળ થશે કે નહીં તેનો આધાર તમે કયું પસંદ કરો છો એની પર છે. તમે જે પણ સામાજિક ચળવળ વિશે વિચારો એ તમામના સંદર્ભમાં આ સાચું ઠરશે.

મારા જીવનકાળ દરમિયાન આવી ડઝન ચળવળો સાથે જોડાયેલો છું,

અને આ સમસ્યા હંમેશાં ઊભી થાય છે. દા.ત., વિયેતનામ યુદ્ધનો વિરોધ લઈએ. ૧૯૭૦ની આસપાસ મુખ્ય વિરોધ તૂટવા લાગેલો, જેમકે સ્ટ્યુડન્ટ્સ ફોર અ ડૅમોક્રેટિક સોસાયટી તૂટી ગયું. એક જૂથ માઓવાદી બની ગયું. લિમમાં આવેલી જી.ઈ.ની ફૅક્ટરીની બહાર એક લાલ પુસ્તકની નકલો લઈને ઊભા રહેવાના હતા અને કામદારોમાં વહેંચવાનાં હતાં અને કહેવાનાં હતા 'ચાલો ક્રાંતિ કરીએ'. હવે તમે અનુમાન લગાવી શકો છો કે એ કેટલું સફળ થયું હશે. પરંતુ પ્રસંગવશાત્ એ મારા મિત્રો હતા, જેમાંના અમુક હાવર્ડના પ્રોફેસરો હતા. બીજું એક જૂથ બની ગયું વેધરમૅન. ચાલો, મુખ્ય માર્ગો પર બારીઓ તોડીએ અને સમાજનો કચ્ચરઘાણ વાળી કાઢીએ. એનાથી ક્રાંતિ આવશે. સમજ્યા? વિયેતનામીઓને આનાથી આઘાત લાગ્યો. મને યાદ છે હું વિયેતનામીઓને મળ્યો હતો, આ બધું બંધ કરવા લોકોને આજીજી કરેલી, કારણ કે એથી એમની મદદ નહોતી થતી, ઉપરથી હાનિ થતી હતી. ઊલટાનું યુદ્ધ ચાલુ રાખવા માટે સમર્થન વધતું જતું હતું. આથી લોકોનો ગુસ્સો વધે છે. પછી એ લોકો કહે કે 'સાલાઓને ખતમ કરો'. આવી રીતે યુદ્ધવિરોધી ચળવળ ભાંગી પડી. આવું અવારનવાર બનતું જાય છે.

તમે કોઈ પણ ચળવળનો દાખલો લો, એને ઝીણવટથી જુઓ તો આ જ બાબતો તમને વિકસતી દેખાશે. તમારે ગંભીર આયોજક અને કર્મશીલ બનવું હોય, તો એવા નિર્ણયો તમારે લેવા પડે. જે બાબતોથી 'ફિલ ગૂડ' થાય એ નકામી સાબિત થાય છે. તમને 'ફિલ ગૂડ' થાય એની કોઈને પડી હોતી નથી. સકારાત્મક પરિણામ લાવે એવું કંઈક કરો તો જ લેખે લાગે છે. એવી અનેક વસ્તુઓ છે, જે તમે કરી શકો છો. ગંભીર આયોજકોને આ વાતની ખબર જ છે, એમનાં લોહીમાં છે આ બધું. આ રીત છે કાર્ય કરવાની પરંતુ તમે જો ઉત્તેજના માટે ચળવળમાં જોડાવ છો તો, જો તમે કહે છો 'ચાલો કંઈક ઉત્તેજક કરીએ, થોડીક બારીઓ તોડીએ, પરાની કોઈ રેસ્ટોરન્ટમાં બ્લૅક લાઇવ્ઝ મેટરના નારા લગાવીએ' તો વિરોધ પક્ષને તમે મોટી ભેટ આપો છો. આના એક પાસાંને 'કૅન્સલ કલ્ચર' કહે છે. મને કોઈ વક્તા ગમતાં નથી અને કૅમ્પસ પર એમની હાજરી ઇચ્છતો નથી તો એમને કૅમ્પસથી દૂર રાખીશ. આમ કરીને વક્તાને ગમતી એવી અદ્ભુત ભેટ આપો છો, અને ત્યારબાદ એ પોતાને મહાન શૂરવીર તરીકે રજૂ કરશે ને ગુનેગાર ટોળીના સભ્યો સામે સ્વતંત્રતાનો બચાવ કરશે. જમણેરીઓને અદ્ભુત ભેટ. સમજણ વધારવામાં એ કોઈ અસર કરતું નથી. પ્રતિક્રિયા આપવાની ખરી રીત છે, 'સારુ, વક્તાને આવવા દો કૅમ્પસ પર, કાઉન્ટરમિટિંગો અથવા દેખાવોનું આયોજન કરીને એ મુદ્દાઓ પર ચર્ચા કરીએ, એ વ્યક્તિનો મનસૂબો શું છે, એને ખુલ્લો પાડીએ, ખરા પ્રશ્નો છે એની પર ધ્યાન આપીએ ને એ અંગે શું કરી શકીએ, એ વિશે વિચારીએ.' તમે એને શૈક્ષણિક તકમાં, કર્મશીલતા માટેના આધારમાં ફેરવી શકો છો અથવા જમણેરીઓ માટેની ભેટમાં ફેરવી શકો છો, સમજ્યા? આખો વખત લોકો આવી પસંદગીના પ્રકારોનો સામનો કરતા હોય છે. હું સંપર્કમાં આવ્યો હોઉં એવી દરેક કર્મશીલ ચળવળ માટે આ સાચું છે.

**લહાવી :** આભાર, પ્રોફેસર ચૉમ્સ્કી, આપણી પાસે હતો એના કરતાં વધુ સમય આપણે લીધો છે. આ પ્રસંગે ઉદારતાપૂર્વક તમારો સમય ફાળવવા બદલ તમારો આભાર. આયોજન બદલ સેક્શન ૫ની કમિટી અને જૉસેફ ઝંગનો આભાર. શો પૂરો કરીએ એ પહેલાં તમારા તરફથી HLSના વિદ્યાર્થીઓને કશું કહેવાની જરૂર લાગે છે તમને?

**પ્રૉ. ચૉમ્સ્કી :** ખૂબ પ્રાથમિક સંદેશ છે જે મેં અગાઉ કહ્યું છે ને અત્યારે ફરીથી કહું છું. પહેલાં કદી નહીં ઉદ્ભવેલા એવા નવા પ્રશ્નોનો સામનો તમારી પેઢી કરી રહી છે. મૂળભૂત રીતે આ પ્રશ્ન કે શું માનવપ્રયોગ કોઈ પરિચિત સ્વરૂપમાં અસ્તિત્વમાં હશે? આ પ્રશ્નનો સામનો કરનાર તમે પ્રથમ પેઢી છો. તમે એનો હકારાત્મક ઉત્તર નહીં વાળો, જે કરવું શક્ય છે, તો એનો સામનો કરવાવાળી છેલ્લી પેઢી પણ તમે જ છો. આપણે ઘણા મોરચે મોટાં સંકટો તરફ આગળ વધી રહ્યાં છીએ, એટલે માનવામાં ન આવે એવી જવાબદારી તમારા પર છે, પરંતુ ખૂબ ઉત્તેજક પડકાર છે. હું માનું છું કે તમે એને નજરઅંદાજ કરી શકો એમ નથી.

**લહાવી :** પ્રોફેસર ચૉમ્સ્કી, અમે રોમાંચ અને અહોભાવનો અનુભવ કર્યો. તમારા સમય બદલ ફરીથી તમારો આભાર. અવિશ્વસનીય તક હતી અમારા બધાં માટે. શ્રોતાઓનો પણ આભાર. અહીં પૂરું કરીએ.

**પ્રો. ચૉમ્સ્કી :** (સ્મિત સાથે) તમારો ખૂબ આભાર. આનંદ થયો તમારી વચ્ચે આવીને.

અનુ. **રૂપાલી બર્ક**

સ્રોત : https://youtu.be/Zs-k1npk0Q8

e.mail : rupaleeburke@yahoo.co.in

## આ તે કેવાં ટીચર! / પ્રવીણ દરજી

અરે, આ તે કેવાં ટીચર
વાત કરે છે સાધુ જેવી, પોતે છે વરણાગી
'મેં', 'મેં', 'હું', 'હું', રટણ રહે ને દુલારાના દાવા
ઉધામા તો એવા જાણે દુનિયાભરનો રાજા
ના ફિકર કે ફીચર તોયે લેખાયાં ટીચર
વર્ગખંડમાં કડપ દાખવે સોટીના ચમકારે
નીચું મસ્તક, આંખો નીચી રહેતાં બાળક ચૂપ
આ પણ જાણું, તે પણ જાણું કરતા બૂમબરાડા
શકટશ્વાનની કહેતી સમજો નિતનવેલાં રૂપો
ફેટિશ લેખી નમે પૂજે સૌ બાળ કતારે ઊભાં
ભક્ત જોઈને પોરસ ચઢતાં ખીલતાં ટીચર ઝાઝું
ભાષાના તો ધોધધધૂકા ચાલે ફેંકંફેકા
એ થાયે ને એ ઉથાપે લાજ-શરમ ના આવે
હું બોલું ને ચૂપ તમે-એ શસ્ત્ર રોજ ઉગામે
વર્ગખંડની બહાર નીકળી બાળક ચણભણી રહેતા
ધાકધોકે ટીચર પાછું બૂધે સીધું કરતાં
ઊભીઆડી ચાલ ચાલીને વર્ગખંડને વ્યાપે
ને બડેખાંજી જુએ ધ્યાનથી કોણ છે આછોપાછો?
દાવ નવો એ રોજ રમે ને તૂત નવું જન્માવે
પાડે તાળી બાળ બિચારાં ખેલ રાજી થઈ ન્યાળે
ઘંટ વાગતાં મરઘો થઈને દફતર ઘેરે દોડે
વળતેદહાડે ભોળું દફતર એ જ ટીચરને ખોળે!
અરે, આ તે કેવાં ટીચર!...

# ઇતિહાસનું ભાવિ / ગણેશ દેવી

૧૯૯૨માં યોશોહિરો ફ્રાન્સિસ ફુકુયામા નામના રાજ્યશાસ્ત્રના જાપાની-અમેરિકી વિદ્વાને એક ચર્ચાસ્પદ સિદ્ધાન્ત રજૂ કર્યો. જે પુસ્તકમાં તે પ્રકાશિત થયો તેનું શીર્ષક પણ ઉખાણા જેવું હતું, 'ધ એન્ડ ઑફ હિસ્ટરી ઍન્ડ ધ લાસ્ટ મેન' — ઇતિહાસનો અંત અને અંતિમ માનવ. તેમની દલીલ હતી કે લાંબા સંઘર્ષના અંતે માનવજાતે ઉદારમતવાદી લોકતાંત્રિક રાજ્ય પ્રાપ્ત કર્યું છે અને હવે આપણને કદાચ (રાજ્યતંત્રની વધુ સારી પદ્ધતિ માટે) આગળ જવાની જરૂર નહિ જણાય. હવેથી રાજ્યશાસ્ત્ર આખી સંસ્કૃતિનું પરિવર્તન કરી નાખી શકે એવા વિચારોના બદલે પરચૂરણ વિચારોનો જ વહેવાર કરશે. આ તો તેમની દલીલનો એક ભાગ હતો. બીજા ભાગમાં તેમનું માનવું હતું કે આપણી જૂની, ભુલાઈ ગયેલી જંગલી ટેવો ક્યારેક ફરી સપાટી પર આવી શકે છે અને લાંબા સંઘર્ષના અંતે જે લાભ પ્રાપ્ત થયા છે, તેના પર પાણી ફેરવી દઈ શકે છે. સૌની સમાનતા અને મુક્તિ માટે જે મહાન ચળવળો થઈ તે ભુલાઈ પણ જઈ શકે છે. દલીલના બે ભાગ ભેગા થઈને એકવીસમી સદીમાં ઇતિહાસની એકતરફી આગેકૂચનો બિલકુલ અંત પણ લાવી શકે છે. ફુકુયામાને સંસ્કૃતિઓના ભાવિ અંગે ભારે જિજ્ઞાસા હતી, અને તેનાથી પ્રેરાઈને તેમણે એવી આશંકા વ્યક્ત કરી કે એક સમયની બર્બરતાથી લિબરલ ડેમોક્રસી સુધીની પ્રગતિ પછી માનવજાત ક્યાંક ક્ષુલ્લક વિચારોમાં, અસ્થિરતામાં, પુરાણા ભયમાં અને જુનવાણી સંકુચિત માનસિકતાની જાણે કે આધુનિક આવૃત્તિમાં ગર્ત ન થઈ જાય.

જે વર્ષે ફુકુયામાનો નિબંધ અમેરિકામાં પ્રકાશિત થયો તે વર્ષે, ૧૯૯૨માં, હું ભારતીય સાહિત્ય- વિવેચનના ઇતિહાસના એક પુસ્તક પર કામ કરી રહ્યો હતો. મારો હેતુ ભારતે બે સહસ્રાબ્દીના લાંબા ગાળામાં પોતાના ઈતિહાસ અંગેની સમજ કેવી રીતે કેળવી છે તેનું સંશોધન કરવાનો હતો. લખાણ માટે એક દશક ઉપરાંત મેં જે સામગ્રી એકઠી કરી હતી, તેના આધારે એટલું સ્પષ્ટ થઈ રહ્યું હતું કે, સંસ્કૃત, તામિલ, પાલિ, પ્રાકૃત અને આધુનિક ભારતીય ભાષાઓ સહિતની ભારતની તમામ બૌદ્ધિક પરંપરાઓમાં જે ઇતિહાસનું મુખ્ય કામ છે, તે એટલે કે ભૂતકાળનો બોધ કેળવવાની રીતિ માત્ર એક જ નહોતી. પરિપ્રેક્ષ્યોની વિવિધતા એટલી ભારે હતી કે મારે મારા પુસ્તકને શીર્ષક આપવું પડ્યું, 'ઑફ મેની હીરોઝ'. તેના માટે મેં આંશિક પ્રેરણા દસમી શતાબ્દીના સિદ્ધાન્તકાર રાજશેખરમાંથી લીધી હતી. રાજશેખર રામાયણને એક નાયક ધરાવતી રચના ગણાવે છે, પણ મહાભારતને એકાધિક નાયકોવાળી કૃતિ કહે છે. આ તફાવતનો પ્રયોગ રાજશેખર ઇતિહાસની વિવિધ વિભાવનાઓનું વર્ગીકરણ કરવા માટે કરે છે. વળી, ભારતીય સંસ્કૃતિનો કોઈ એક જ આરંભ હોય એવું નક્કી કરવું અત્યંત મુશ્કેલ છે.

ભારતીય સંસ્કૃતિના ચોક્કસ આરંભ વિશે મને ભારે મંથન થયું હતું, એ હું ભૂલી ગયો હતો. એ ત્યારે યાદ આવ્યું જ્યારે કેન્દ્રસરકારના સંસ્કૃતિ મંત્રાલયે ભારતનાં છેલ્લાં ૧૨,૦૦૦ વર્ષના ઇતિહાસનું પુનરાલેખન કરવા એક સમિતિ રચ્યાની જાહેરાત કરી. તેની જાહેરાત ઑક્ટોબરમાં થઈ, પણ સમિતિ તો આ સરકારની પહેલી મુદતમાં ત્યારના સંસ્કૃતિપ્રધાન મહેશ શર્માએ નીમી હતી. તેની વિગતો સંસદમાં એક પ્રશ્નના ઉત્તરમાં રજૂ કરવામાં આવી. તરત જ જનતાદળ સેક્યુલરના એચ. ડી. કુમારસ્વામી અને ડીએમકેનાં કણિમોળી કરુણાનિધિએ તીખા પ્રત્યાઘાત આપ્યા. પણ પ્રત્યાઘાતમાં વિરોધ માત્ર એ મુદ્દે હતો કે સમિતિમાં માત્ર પુરુષો જ છે, એક પણ સ્ત્રી નથી અને મોટા ભાગના સભ્યો ઉત્તર ભારતના છે. આવી કોઈ સમિતિ રચવા પાછળ જે મૂળભૂત પૂર્વધારણા છે, તેના પર ધ્યાન અપાયું નથી.

એ પૂર્વધારણાના મૂળમાં રાષ્ટ્રીય સ્વયંસેવકસંઘની એક ખાસ દૃષ્ટિ છે. સંઘ ભારતને એવું રાષ્ટ્ર માને છે, જ્યાં સનાતન વૈદિક પરંપરા અંગે કોઈ મતમતાન્તરને અવકાશ જ નથી. જ્ઞાનની દરેક પરંપરામાં કંઈક ઊંડું ડહાપણ અને થોડાઘણા તર્કસંગત સિદ્ધાન્તો અવશ્ય હોય છે, પણ કોઈ જ્ઞાન- પરંપરા એવી નથી કે જેનાં તમામેતમામ પાસાં સર્વકાલીન સ્વીકૃતિ ધરાવતાં હોય. કોઈ પણ જ્ઞાન- પરંપરાના વિચારો અને સિદ્ધાન્તોને ભાવિ પેઢીઓ નવા પુરાવા અને નવી જાણકારીના આધારે બદલે, તેમાં પુરવણી ઉમેરે કે પછી સાવ ત્યજી પણ દે તે આવશ્યક છે, પરંતુ સનાતન જ્ઞાનના સમર્થકોને ભારતનાં પ્રાચીન શાસ્ત્રો સામે કોઈ આધુનિક જ્ઞાનના આધારે પ્રશ્નો ઉઠાવે તે પસંદ નથી. તેઓ એ હકીકત સ્વીકારવા તૈયાર નથી કે મધ્યકાળમાં અનેક નોંધપાત્ર સંતકવિઓ અને વિચારકો વેદશાસ્ત્રોથી આગળ વધી ચૂક્યા હતા અને 'દિવ્યજ્ઞાન'ને ધરતી પર લાવી માનવ- અનુભવના પરિઘમાં (જેને અંગ્રેજી ભાષામાં 'સેક્યુલર' કહે છે તેવા) મૂકી રહ્યા હતા. કોઈ આવા પ્રશ્ન ઉઠાવે તો તેઓ તેની પાછળ 'સંસ્થાનવાદી' અને 'પાશ્ચાત્ય' ઇરાદા જુએ છે, જે પ્રાચીન જ્ઞાનને જાણે કે અપવિત્ર કરી નાંખવા માગે છે.

વેદોની રચના સંસ્કૃત ભાષાના આરંભકાળમાં થયેલી, માટે તેઓ સંસ્કૃત ભાષાને એટલી પ્રાચીન ગણાવવા માગે છે, જેટલી આપણી સામેના ભાષાકીય પુરાવા પ્રમાણે તે છે નહિ. તેમની ગેરસમજનાં મૂળ ઓગણીસમી સદીના યુરોપીય ભાષાવિજ્ઞાનના એક વિશિષ્ટ પ્રકરણમાં છે. શરૂઆતમાં સર વિલિયમ જૉન્સે વિશ્વભરની પ્રાચીન ભાષાઓમાંની કેટલીકની વચ્ચેની સામ્યતાઓના આધારે એક પૂર્વધારણા રજૂ કરી હતી કે એ બધી ભાષાઓનો ઉદ્ભવ એક જ ભાષામાંથી થયો હોવો જોઈએ, જેને તેમણે 'પ્રોટો ઇન્ડો- આર્યન' નામ આપેલું. જૉન્સે 'ઇન્ડો-આર્યન' એવી સંજ્ઞાનો પ્રયોગ એ કારણસર જ કર્યો હતો કે તેઓ ઈસવી સનની પહેલી સહસ્રાબ્દીની સંસ્કૃત ભાષાથી તેને અલગ દર્શાવવા માગતા હતા. ઓગણીસમી સદીના યુરોપીય ભાષાશાસ્ત્રમાં 'આર્ય' શબ્દ એક પ્રજાવિશેષ માટે વાપરવામાં આવતો, પણ તે પ્રજા કાલ્પનિક હતી, વાસ્તવિક નહિ. યોગાનુયોગે એ જ સંજ્ઞા, 'આર્ય', સંસ્કૃતમાં સદ્ગૃહસ્થ કે સમ્માનનીય વ્યક્તિ માટે વપરાય છે, અને એ 'આર્ય'નું તરણું ઝાલી લીધું એવા અમુક ભારતીય વિદ્વાનોએ, જેમને હિંદુરાષ્ટ્રનો વિચાર આગળ ધપાવવો હતો. આટલા શાબ્દિક આધાર પર તેમણે અતિ પ્રાચીનકાળમાં સંસ્કૃતભાષી ભારતીયો ઉત્તર દિશામાં આગળ વધીને યુરોપ પહોંચી ગયા હોવાની કલ્પનાના કિલ્લા બાંધી લીધા.

પ્રાગૈતિહાસિક કાળમાં પ્રજાઓનાં સ્થળાંતર, પુરાતત્ત્વશાસ્ત્ર, પ્રાચીન ધાતુવિદ્યા, સાહિત્યિક લખાણો, તુલનાત્મક માઇથોલૉજી અને લોકકથાઓ — એ તમામના અસંખ્ય વૈજ્ઞાનિક અભ્યાસોમાંથી એક પણ અભ્યાસ એ ધારણાને સમર્થન આપતો નથી. પણ, સંસ્કૃત ભાષા પ્રાગૈતિહાસિક કાળમાં — ખાસ કરીને ઈસવી સનથી ત્રણ સહસ્રાબ્દીપૂર્વે — ઘણી ફેલાયેલી હતી, એવું સ્થાપિત કરવા માટે પહેલાં તો સિંધુખીણની સંસ્કૃતિને લગતા પ્રશ્નનો તાગ મેળવવો પડે. આ સંસ્કૃતિનો એક ઉત્તરકાલીન તબક્કો ૨૬૦૦-૧૯૦૦ ઈ.સ.પૂર્વે હતો, એમ નક્કર પુરાવા કહે છે. વિશ્વાસપાત્ર

વિદ્વાનોના મતે વેદોની રચનાનો કાળ ૧૪૦૦-૯૦૦ ઈ.સ.પૂર્વેનો હતો. વિશદ અભ્યાસો અને પુરાવાનાં કાળજીભર્યાં વિશ્લેષણોના આધારે આ જે કાળનિર્ણય થયા છે, તેને હિન્દુત્વવાદીઓ સ્વીકારવા તૈયાર નથી. મહાભારતમાં કાલ્પનિક અને પૌરાણિક રાજાઓની લાંબી વંશપરંપરા આપી છે, તેને હિન્દુરાષ્ટ્રવાદીઓ ઐતિહાસિક હકીકત તરીકે સ્વીકારે છે. માટે તેઓ છેલ્લા દસ કે વધુ સહસ્રાબ્દીના કાલ્પનિક 'ઇતિહાસ'ને ભારતનો વાસ્તવિક ઇતિહાસ હોવાનું ઠેરવે છે. વર્તમાન સરકારની જે વિચારધારા છે અને ભારત એક રાષ્ટ્ર તરીકે શું છે તે વિશેના તેના જે ખ્યાલ છે, તે જોતાં એવું માનવું ભૂલભરેલું નહિ રહે કે સંસ્કૃતિ મંત્રાલયે સ્થાપેલી સમિતિએ શું તારણો કાઢવાનાં છે તે નક્કી જ છે.

હજારો વર્ષોથી આપણે ભારતીયોએ એ વિચારને જીવનનો ભાગ બનાવ્યો છે કે આપણા વિશાળ ઉપખંડમાં રહેતી પ્રજાઓમાં ભારે વૈવિધ્ય છે અને તેમનું ઉદ્‌ગમસ્થાન એક જ ન હોઈ શકે. ભારતીય પ્રજાઓનો ઇતિહાસ આપણે તો જ સમજી શકીએ જો આપણે ઉદ્‌ગમો એકાધિક હોઈ શકે એમ સ્વીકારીએ. આશા રાખીએ કે ઇતિહાસ અને સંસ્કૃતિ બાબતની નવી સરકારી સમિતિ સંઘના મનોવિહારોને ઐતિહાસિક સત્ય તરીકેનો ઠપ્પો મારવા માટે નથી રચાઈ, પણ જો એમ જ બને, તો ભારતના ઇતિહાસનું ભાવિ, આપણા કમનસીબે, ફુકુયામાના વિચારને સાબિત કરીને રહેશે.

અનુ. **આશિષ મહેતા**

(દેવી સાહિત્ય-વિવેચનના અભ્યાસી અને સાંસ્કૃતિક કર્મશીલ છે.)

સૌજન્યઃ ધ ટેલિગ્રાફ

---

**રાજધાનીમાં ૨૬મી જાન્યુઆરી, એક રિપોર્તાજ** ● અનુ. પૃ. ૨થી...

જીન હોય એવી છાપ આપવાની સત્તાવાર કોશિશ હતી.

પરિણામે ૨૬મીએ શું બન્યું? કિસાનોનો દિશાહીન જમાવડો અને એના પર લાઠી ને ટિયરગેસ વરસાવતી પોલીસ. કિસાનોએ પણ હાજર સો હથિયારની રીતે પોલીસ પર વળતો હુમલો કર્યો એ સાચું - પણ એવા કિસ્સા પણ વાસ્તવમાં આંગળીને વેઢે ગણાય એટલા જ હતા. મારપીટ થઈ, પોલીસ ગાડીઓના કાચ તૂટ્યા પણ ક્યાંય બાળઝાળ ન થઈ, ગાડીઓ ન બળાઈ. સ્થળે સ્થળે એવા અનુભવી કિસાનો પણ મળી રહ્યા જે ઉન્મત્ત જુવાનોને વારતા હતા.

થાકેલા ને વળી ભરમાયેલા કિસાનોએ લાલકિલ્લા જતી સડકને કિનારે ટ્રેક્ટરો ખડાં કરી દીધાં હતાં. સંગરુરથી આવેલા એક કિસાનને મેં પૂછ્યું : "શું થયું, ભાઈ! આવો તો કોઈ કાર્યક્રમ નહોતો!" એણે કહ્યું : "લાલ કિલ્લા પર ઝંડો લહેરાવવાનો તો કાર્યક્રમ હતો જ". મેં કહ્યું કે હું જાણું છું ત્યાં સુધી તો શહેરમાં પ્રવેશ નહીં કરવાનો ને શાંતિથી નિશ્ચિત સ્થળે પણ ફરવાનો કાર્યક્રમ હતો. એવું ન કરી આંદોલને પોતાના પગ પર કુહાડી મારી છે. મારાં આ ટિપ્પણી પર સામાન્ય સંજોગોમાં આક્રમક પ્રતિભાવ અપેક્ષિત હતો પણ એણે મારી વાત શાંતિથી સાંભળી લીધી. ભલે એ બોલ્યો કશું નહીં પણ સહમતિમાં માથુયે હલાવતો રહ્યો.

ગાઝીપુરના કિસાન જમાવડાનું એક જૂથ જેને સતનામસિંહ પન્નુ જૂથ કહેવાતું હતું તેમજ દીપ સિધ્ધુ જેવા એકબે જૂથ જ જુદો રાગ આલાપતા હતા. આ એક મોટી ભૂલ થઈ એમ જ કહેવું જોઈશે, કેમકે સંયુક્ત કિસાન મોરચાએ એમને પોતાનાથી અલગ વિધિવત્ જાહેર નહોતા કર્યા. અલબત્ત આ જૂથો પણ એટલાં તો પ્રામાણિક હતાં જ કે એમણે કિસાન મોરચા સાથેની પોતાની અસહમતિ છુપાવી નહોતી. પોલીસ સાથેની સમજૂતી પણ એમને કબૂલ નહોતી. એમણે આંદોલન અને પોલીસ બેઉને કહી દીધું હતું કે અમે બંધાયેલા નથી : "અમે ૨૬મીએ દિલ્હીમાં પ્રવેશીશું અને લાલ કિલ્લા જઈશું." સંયુક્ત કિસાન મોરચાએ એમની આ રૂખની ખબર દેશને આપવી જોઈતી હતી અને પોલીસને પણ લેખી જાણ કરવી જોઈતી હતી. આમ ન થયું તે આંદોલનની ભૂલ હતી.

પ્રશાસનની ભૂલ એ થઈ કે એણે ૨૬મીના કાર્યક્રમ સાથે કામ પાડવાની કોઈ અલગ યોજના બનાવી નહોતી. એવું તો નથીને કે આંદોલનકારીઓ અને સરકાર બેઉના મનમાં ચોર હતો કે અલગ પડતા જૂથને પરિણામે આપણે 'ક્લિક' થઈ જઈશું – કાં તો આંદોલન 'સફળ' થશે કે પછી પોલીસ!

૨૬મીએ બધી ચેનલોએ અને છાપાંએ કહેવુંલખવું શરૂ કરી દીધું કે આંદોલન ભટકી ગયું છે. એનો ખરો ચહેરો ખુલ્લો પડી ગયો છે. ૨૭મીએ પણ આ વાજાં ચાલુ રહ્યાં. પણ કોઈને એટલું કહેવું કે લખવું ઠીક ન લાગ્યું કે દુનિયાભરમાં 'ક્રાંતિ' આમ જ થતી આવી છે. રક્ત નહીં તો ક્રાંતિ કેવી ? ફ્રાન્સ ને રશિયાની ક્રાંતિઓનાં ગીત ગવાય છે પણ એમાંયે શું થયું હતું? એ તો ગાંધીએ આવીને આપણને બીજો રસ્તો બતાવ્યો. એટલે સ્તો કિસાન આંદોલનની ટ્વેન્ટી ટ્વેન્ટી શૈલી અંગે આપણને પ્રશ્ન રહે છે. પણ જો ગાંધીની જ કસોટી પ્રિય હોય તો સરકાર અને એના સમર્થકો પોતાને એ કસોટીએ કેમ નથી મૂલવતા? સૌથી પહેલાં શરદ પવારે આ સમગ્ર ચિત્ર આપણી સામે મૂક્યું અને કહ્યું કે જે બન્યું એની જવાબદારી સરકારની છે. ગાંધીએ એકથી વધુ વાર અંગ્રેજોને કહ્યું હતું કે જનતાને હિંસા વાસ્તે મજબૂર કરવાના અપરાધી આપ છો.

લાલ કિલ્લા પર ખાલસા પંથનો ઝંડો લગાવાયો એ ખોટું જ થયું. કાં તો એ કોઈની નાદાની હતી કે પછી કોઈ એજન્ટની ચાલ, જે પણ હોય, આંદોલને પૂરી તપાસ અને જવાબદારી સાથે આ મુદ્દે બહાર આવવું જોઈએ. જોકે આ ઝંડો (નિશાન સાહેબ) લગાવાતો હતો ત્યારે નીચેના કિસાન સમુદાયમાંથી એનો વિરોધ કરનારાઓ પણ સ્પષ્ટ જણાઈ આવતા હતા. એક ગાઝીપુર સરહદ બાદ કરતાં બાકી બધા કિસાન જથ્થા શાંતિમય ને નિયમબધ્ધ પેશ આવ્યા. દેશમાં અન્યત્ર પણ એના સમર્થનમાં યોજાયેલ કાર્યક્રમો શાંતિમય રહ્યા. શું કિસાન આંદોલનને આપણે એ માટે શ્રેય નહીં આપીએ?

આ નોંધ લખાઈ રહી છે ત્યારે સડકો સૂની છે. અહીં તહીં કોઈ ટ્રેક્ટર પડ્યાં હોય તો ભલે. સડકો પર લાઠી ને હથિયારધારી પોલીસનો કબજો છે. ફ્લેગ માર્ચ જારી છે... જીવનનો પ્રાણવાયુ નહીં પણ આંતકની હવા!

૨૭-૧-૨૦૨૧

# 'બિહાર પછી દિલ્હી' / દક્ષા વ્યાસ

યુદ્ધની કથા રમ્ય ગણાઈ છે, તો ગાંધીકથા ભવ્ય છે. મહાત્મા ગાંધીજીએ જીવનભર જાતની સામે, નૈતિક અધઃપતનની સામે, જગતના કલ્યાણ માટે, માનવતાને ઉજાગર કરવા માટે જંગ ખેલ્યો. આ એકલપંથ પ્રવાસીની દિનચર્યા, એમનાં વિચારો-કાર્યો, એમનું તપ-સાધના... આ બધાં વિશે વાંચીએ, ત્યારે અભિભૂત થઈ વ્યાપકપણે, આટલી દૂરદેશિતાથી કોઈ પણ વિષય પર વિચારી શકે ? અખંડ આચરણ કરી શકે? 'બિહાર પછી દિલ્હી' ૪૪૦ પાનાંનો દળદાર ગ્રંથ છે; ૨૫-૫-૧૯૪૭થી ૩૧-૭ ૧૯૪૭ સુધીનો-બરાબર બે મહિના અને આઠ દિવસનો ગાંધીજીનો જીવનક્રમ એમાં વણાયો છે! ગાંધીજી જેના ખભાનો ટેકો લઈ ચાલતા તે, માત્ર સત્તર વર્ષની મનુએ આ પુસ્તકના ગાંધીજીના રોજબરોજના નિત્યક્રમની, મુલાકાતીઓ સાથેની વાતચીતની અક્ષરશઃ નોંધ લીધી છે. આઝાદીની પૂર્વસંધ્યાનો આ સમય છે જ્યારે સીધાં પગલાંની ઝીણાની જાહેરાત પછી હિંદુ-મુસ્લિમ કોમી કત્લેઆમથી દેશ ભડકે બળતો હતો અને આ એકલવીર નોઆખલી અને બિહારમાં ભાઈચારાનો સંદેશ ફેલાવીને પંજાબ જતાં દિલ્હીની આગ હોલવવા રોકાઈ ગયા હતા. રાજકીય આંટીઘૂંટીઓ, ભાગલાના બાબતે નેતાગીરી મૂંઝાયેલી હતી. દેશવાસીઓ ગેરસમજના ઘેરામાં અને નેતાગીરી મહત્ત્વાકાંક્ષાના ગઢમાં ઘેરાયેલાં હતાં. સૌનો સહિયારો કેવળ ગાંધી હતા—એવા ગાંધી, જેમની અવજ્ઞા કરીને ભાગલાનો નિર્ણય લઈ લેવાયો હતો!

બિરલાહાઉસને બદલે ભંગી કોલોનીમાં ઊતરેલા ગાંધીજીને ઊંડી વેદનાએ ઘેરી લીધા હતા. કોમી દાવાનળે એમને પોતે જેને શુધ્ધ-વીરની અહિંસા માની હતી, તે ખોખલી—નિર્બળની અહિંસા નીકળી હતી, તેનો સાક્ષાત્કાર કરાવ્યો હતો. નેતાગીરીની સ્વાર્થી મનોવૃત્તિ અને મહત્ત્વાકાંક્ષાએ એમને દેશના ભાવિ વિશે ચિંતિત કર્યા હતા. હિંદુ-મુસ્લિમ એકતાની એમની મથામણને અંતે દેશના ભાગલા પોતાની ઇચ્છા વિરુદ્ધ થઈ રહ્યા હતા, છતાં હિંમત હાર્યા વિના આવી પડેલી પરિસ્થિતિ સામે ઊંડી અંતરવ્યથા સાથે તેઓ વૃદ્ધવયે, નાદુરસ્ત તબિયતે, માન-અપમાનનો ખ્યાલ રાખ્યા વિના જે રીતે ઉકેલ દર્શાવે છે; ને જે પ્રયાસો અણથક રીતે કર્યે જાય છે, તેનો આપણા હૃદયને હચમચાવી મૂકે એવો દસ્તાવેજ આ પુસ્તકમાં અંકિત છે.

દેશસ્થિતિએ એમને જે દુઃસહ પીડા આપી હતી તેના ઉદ્ગારો હૃદયને સારી નાખે એવા છે : "મારી ચારેય તરફ અગ્નિની જ્વાળાઓ અહીં ઊઠી છે. એ જ્વાળાઓ અને ભરખી નથી જતી તેમાં શું ઈશ્વરની કરુણા છે કે તે મારી હાંસી કરે છે?" (પૃ. ૧૫) તો તે હું હમણાં-હમણાં અનુભવી રહ્યો છું." (પૃ. ૨૨) ભાગલાનાં ગંભીર પરિણામ તેઓ સ્પષ્ટ જોઈ શકતા હતા. તેમણે કહેલું, "દેશના ભાગલા થાય એ કલ્પના જ ધ્રુજાવનારી છે... ભાગલા પડે તે પણ કદાચ પોષાય, પણ આ ભાગલા બ્રિટિશરો પાડે એ જ મને વસમું લાગે છે. "(પૃ. ૧૬)..." ભાગલા પડ્યા તેનું મને દુઃખ છે તેના કરતાં જે રીતે ભાગલા પડ્યા એ રીત મને ગમી નથી." "આપણે આપણા દેશભાઈઓ સાથે સહકારથી, આનંદથી વર્તવાને બદલે પરદેશીઓ સાથે સહકારથી વર્તવા પ્રયત્ન કરીએ છીએ. અને એનો તો તાદૃશ દાખલો પરમ દહાડે વાઇસરૉયને વચ્ચે નાખીને ભાગલા પડ્યા તેનો જ છે. '(૫-૬-૪૭)'

આપણે બે બિલાડી અને વાંદરાની વાર્તા બાળપણથી સાંભળીએ છીએ, પણ આજેય સમજ્યા નથી! ભાગલાને અંતે સર્જનાર ગંભીર પરિસ્થિતિને તેઓ જોઈ શકતા હતા, તેથી માન મૂકીને વારંવાર ઝીણાને મનાવતા-સમજાવતા રહ્યા. એમણે કહ્યું, "તમે ભાગલાની, વસ્તીબદલીની વગેરે વાતો કરો છો, તેમાં કરોડો નિર્દોષો તો માર્યા જવાના, પણ દેશની સંસ્કૃતિ બરબાદ થશે અને અંગ્રેજો તેમજ દુનિયાની પ્રજા આપણી પર થૂંકશે. એ ન કરવાની વિનવણીની ભિક્ષા માંગવી છે." (પૃ. ૧૪૩)

નિર્મમ કત્લેઆમ સંદર્ભે પોતાનું દર્શન સ્પષ્ટ કરતાં તેઓ કહે છે : "આ અશાંતિ કેવળ સહિષ્ણુતાના અભાવને લીધે જ છે. સહિષ્ણુતા દોષો જોતી વેળા ખૂબ કોમળ બની જાય છે, નાની-નાની બાબતોને મોટું સ્વરૂપ આપીને શાંતિ નહીં, પણ અશાંતિ ઊભી કરીએ છીએ. અમારા દેશમાં હમણાં હમણાં જે અશાંતિ ઊભી થઈ છે-તે કેવળ ધર્મને નામે 'દાઢી' અને 'ચોટલી'ના ભેદભાવને ખાતર જ આવી અમાનુષી કત્લેઆમ ચાલી રહી છે." (પૃ. ૬૪) આ અસહિષ્ણુતાની સાથે એમને ચિંતા હતી નૈતિક અધઃપતનની. ચારિત્ર્યની શુદ્ધિનો એમનો આગ્રહ સ્પષ્ટ હતો. તેમણે કહ્યું, "આપણું નૈતિક ધોરણ એ ગુલામીના જમાનામાં કેટલું ઊંચું હતું! તેનાથી વધારેમાં વધારે પતનની દશા 'મહામૂલી આઝાદી'ના નામે જેને સહુ સંબોધે છે, તે આવી રહી છે ત્યારે છે." (પૃ. ૨૮૪) દેશના સળગતા પ્રશ્નો સામે આંખ આડા કાન કરીને સત્તાના લાલચુઓ ઠેઠ ગાંધીજીની પણ વગ લેવા દોડી જતા હતા. આવા ભ્રષ્ટ નેતૃત્વ સામે એમણે જાહેર ચેતવણી આપી હતી કે "થોડાક સ્વાર્થ ખાતર આખા સમાજને નૈતિક અધઃપતનમાં મૂક્યાનું પાપ દેશના કહેવાતા કાર્યકરો જ કરશે? આમ થયા કરશે તો કૉંગ્રેસ જેવી બળવાન સંસ્થા હલી ઊઠશે... એથી દેશમાં ન કલ્પેલું કૌભાંડ જાગશે." (પૃ. ૨૪૯)

આ બધાંમાંથી પસાર થવા છતાં તેઓ સતત હિંદની એકતા માટે મથતા રહ્યા. એ કરુણામૂર્તિ હતા. પોતાની અવહેલના-માનહાનિને ગણકાર્યા વગર એમણે કહ્યું કે "મા પોતાના બાળકને પ્રેમથી ધવડાવે છે, અને દૂધ પિવડાવતી વખતે તેનું પોતાનું બાળક પોતાના દૂધ વડે તંદુરસ્ત હૃષ્ટપુષ્ટ બને એ જ મનોકામના સેવે છે. આપણે આજના આવી પડેલા કાર્યને એ રીતે વિચારવાનું રહે છે. તેઓ અંગ્રેજોની કપટનીતિને સ્પષ્ટ સમજ્યા હતા," 'અહીંથી જતાં પહેલાં એક કોમને બીજી કોમની સામસામે મૂકી આપવાની નીતિ પર તે પોતાની મંજૂરીની મહોર લગાવતા જાય છે (પૃ. ૨૯૧)..." હમણાં-હમણાં દેખાતાં આ લક્ષણો એવાં અપશુકનિયાળ છે કે અંગ્રેજોની દાનતને વિશે સહેજેય વહેમ પડે. પણ સાચેસાચ મડદું થઈને પડીએ તે પહેલાં જ મરી જવાની કલ્પનાની વાત મને મંજૂર નથી" (પૃ. ૨૯૨)

જીવન પ્રત્યેનો આ વિધાયક અભિગમ અને અહિંસામાં અવિચળ શ્રદ્ધા એમનામાં છેવટ લગી અકબંધ રહ્યાં. તેઓ કહે છે," હિંદીઓ નબળા છે, અથવા હિંદીઓને શસ્ત્રોની તાલીમ નથી મળી, માટે મેં અહિંસા નથી શોધી કાઢી. પણ જગતની પ્રજાનો ઇતિહાસ તપાસતાં જણાય છે કે, વેરની સામે વેર વાળવાથી 'વેરની ન્યાત' વધતી ચાલી છે અને માનવીની શાંતિ જોખમાઈ છે. અને જો વેરઝેરને નાબૂદ કરવાં હોય તો પ્રેમ અને અહિંસા સિવાય કોઈ કીમિયો નથી." (પૃ. ૧૨૦) "એ સમય આવવાનો

જ છે કે જગને અહિંસ-સત્યને જ માર્ગે જવાનું રહેશે.'' (પૃ. ૨૦૩).

પુસ્તકમાં એવા અનેક પ્રસંગો મળે જે ટાંકવાનું પણ થાય; પણ ગાંધીજીના સૌજન્ય, સંસ્કારિતા, વિનમ્રતાને પ્રગટ કરતો એક પ્રસંગ માણી લઈએ. સમયપાલનના તેઓ આગ્રહી હતા હિંદુ મહાસભાના આગેવાન રામધરની મુલાકાત ગોઠવાઈ હતી; પરંતુ તે વેળા તેમની તબિયત નરમ હતી. ઝાડા થવાને કારણે નબળાઈ લાગતી હતી ને ઘડી પર આંખ મીંચાઈ ગઈ. બે-પાંચ મિનિટમાં જ આંખ ખૂલતાં તેમણે રામધર વિશે પૂછપરછ કરી. મનુએ કહ્યું, ''બાપુ, તમારી તબિયત સારી નથી, એટલે તેમને બહાર બેસાડ્યા છે.'' બાપુ કહે, આ તો બેવડો ગુનો થયો. માણસ દૂરથી મળવા આવે ને તેને મુલાકાત ન આપવી અને આપણે સમય આપેલો છતાં ચૂક થઈ. રામધરને એમણે કહ્યું, ''માફ કરના આપકો બહુત દેર તક બૈઠે રહના પડા. ઉસ બેચારી છોટી લડકી કો મેરે પર દયા આ ગઈ. લડકી કો લગા કી આપકી સજ્જનતા કા લાભ લે… ઈશ્વર કી મેરે પર કિતની કૃપા હૈ કિ આપ યહીં હૈ. મગર આપ ચલે ગયે હોતે તો મુઝે બહુત હી દુઃખ હોતા, લેકિન ઈશ્વરને મેરી લાજ રાખી. રામધર કહે, ''મહાત્માજી! મૈં માનતા થા કિ ધર્મ ઔર ઈશ્વર કે લિયે ભલે હી આપ વ્યાખ્યાન તો બહુત દેતે હૈં મગર વહ સબ કહને કે લિયે હોગા, મગર મુજે આજ અબ કુછ ભી ચર્ચા નહીં કરની હૈ, ક્યોંકિ આજ મૈંને તો આપકા ઔર હી સ્વરૂપ મેં દર્શન પાયા. ઔર આપકે પાસ ધર્મ કી જો વિશાલ દૃષ્ટિ હૈ ઉસસે બઢકર ઈશ્વરભક્ત આજ કે સંસાર મેં શાયદ હી કોઈ હો સકતા.'' જતાં-જતાં મનુને કહે, અરે બેટી, તુમને તો સચમુચ આજ મેરી સેવા હી કી હૈ. મૈંને આજ તક ઇસ મહાપુરુષ કો સમજને મેં બડી ભારી ગલતી કી થી. (પૃ. ૨૧૪) આજે પણ ગાંધીજીને વાંચ્યા વિના-સમજ્યા વિના આપણે એમને વિષે ગેરસમજ કરતા જ રહીએ છીએ! પૃ. ૯૭ પર કસ્તૂરબાનું એમણે કરેલું પુણ્યસ્મરણ અને એમને આપેલુ શ્રેય તો અપૂર્વ છે.

ગાંધી શાથી મહાત્મા હતા, તેનો અહીં ડગલે ને પગલે પરિચય મળે છે. ૭૮ વર્ષની વયે, જ્યારે સેવા લેવાનો સમય છે, ત્યારે તેઓ કેવા સેવારત હતા, તે જોઈ વિસ્મય થાય. ત્રણ-સાડા ત્રણે દિવસ શરૂ થાય તે રાત્રે ૧૦, ૧૧ વાગ્યે પૂરો થાય.

નિત્ય ૧૮થી ૨૦ કલાક કામ, કામ ને કામ. નિયમિતતા એવી કે આંખે ઊડીને વળગે. પળેપળની કિંમત, પોતાની જ નહીં, સામી વ્યક્તિની પણ. સ્નાન કરતા હોય ને પંડિતજી આવે તો તેમનું આસન બાથરૂમ પાસે મુકાવે, જેથી એમનો સમય ના બગડે ને જરૂરી ચર્ચા થઈ શકે. નિયમિત પ્રાર્થના, ચાલવા જવાનું, કાંતવાનું તે સતત અસંખ્ય મુલાકાતો સાથે. આ બધાં વચ્ચે મનુની તબિયતની માતૃવત્ કાળજી. અસંખ્ય પત્રોનો જવાબ આપવાનો વિચાર-વાણી-વર્તનમાં ક્યાંય કટુતા, સંદિગ્ધતા નહીં-નહી પારદર્શકતા; અખંડિતતા; એકરૂપતા… જેટલા બહિર્મુખ દેખાય તેટલા જ અંતર્મુખ-આત્મશોધક-જન જન સાથે એકાત્મતા-આત્મીયતા… એમને મૂલવવા શબ્દો વામણા પડે… ગાંધીજી ખરેખર જીવનકલાધર હતા.

અહીં દર્શાવેલ પૃષ્ઠ ક્રમાંક 'બિહાર પછી દિલ્હી' એ નવજીવન પ્રકાશનના ૨૦૧૮ના સંસ્કરણ મુજબ છે.

---

## દલિતજીવનનો અધિકૃત દસ્તાવેજ : 'જ્યોં કી ત્યોં ધર દીની ચદરિયાં' ● અનુ. પૃ. ૨૩થી…

અપનાવેલો હતો, તેથી હિન્દુ વણકર એક રીતે લઘુમતીમાં હતો.' આગળ લખે છે : 'વણકરસમાજ પર ખ્રિસ્તી-ધર્મનો દબદબો વધતો ચાલ્યો. વણકરસમાજ તૂટતો ગયો. વણકર આગેવાનોની સમાજ પરની પકડ ઢીલી થતી ગઈ'. લેખક એમ પણ લખે છે કે, 'મારા ગામમાં ખ્રિસ્તીધર્મ ખાસ પ્રવેશી શક્યો નહિ. અહીં લોકોમાં હિન્દુધર્મની ભાવનાને ટકાવી રાખવાનું પુણ્ય અહીંના નેકદિલ અને સાચા ભક્તિભાવને વરેલા પ્રવાસી સાધુ-સંતોને જાય છે.'

સંતરામમંદિરના સંતો અને દલિત-સમુદાયની વિટંબણાઓ પરના લેખકના પુસ્તક 'સમરસતાનું સરનામું : શ્રી સંતરામમંદિર'ને આજે પણ વ્યાપક આવકાર મળેલો છે. આ સંતોએ દલિત-સમુદાયને સમયે-સમયે જે હામ પૂરી પાડેલી તેની વિગતો પણ આ પુસ્તકમાં છે.

આભડછેટના કારણે ગામની શાળામાં દલિત બાળકોને પ્રવેશ નહોતો મળતો ત્યારેય, મિશનની શાળામાં પ્રવેશ આપવા આવેલા શિક્ષકને 'માસ્તર, હું ખ્રિસ્તી નથી', એવું બાળવયે પણ લેખક કહી શકેલા ! (પૃષ્ઠ-૨૬)ને તે સાંભળી હિન્દુપરંપરાને વરેલા પરિવારના મોભી એવા પિતાએ પણ એ શિક્ષકને, દીકરાને વધુ આગ્રહ ન કરવા જણાવી દીધેલું.

હિન્દુધર્મના પ્રબળ પ્રભાવ હેઠળના જીવનસાથેય, લેખક ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવા હિન્દુધર્મના કઠોર આલોચકના જીવન-આદર્શો સાથે જે સુમેળ સાધી શક્યા, તે ચુસ્ત આંબેડકરવાદીઓ-બુદ્ધિસ્ટો માટે મોટા અચરજની વાત હોઈ શકે !

કાન્તિભાઈ લખે છે કે, મારી જીવનકથાને મેં ચાદર સાથે સરખાવી છે. તેના તાણાવાણા જાળવીને ઝીણવટપૂર્વક તેને વણીને મેં જેમની તેમ વાચકો સમક્ષ રજૂ કરી છે, ત્યારે એ કેવી છે, એ વાચકોએ નક્કી કરવાનું છે.

કાન્તિભાઈને જીવન જે રીતે જીવવા મળ્યું, જે સારા-ખરાબ અનુભવો થયા, તેનાં સંભારણાં- સંસ્મરણો માત્ર છે આ કથા.

પોતાને એક પ્રતિબદ્ધ દલિત સર્જક પુરવાર કરવાનો કે એમની આ જીવનકથાને નીવડેલી દલિત આત્મકથાઓની પંગતમાં બેસાડવાનો ન તો કાન્તિભાઈનો પ્રયાસ છે, ન આશય. તેથી જ તેઓ એને 'આત્મકથા' નહિ ને 'જીવનકથા' કહે છે.

કાન્તિભાઈની આ જીવનકથા એમના સમયના દલિતજીવનનો એક અધિકૃત દસ્તાવેજ છે. પોતાની વાત કહેતાં એમણે ક્યાંય દંભ, છળ, ચતુરાઈ, બનાવટ કે અતિશયોક્તિનો આશરો લીધો નથી. કેટલુંક સત્ય ટાળીને એટલું જ અસત્ય ઉમેરવાની ચાલાકી તેમણે કરી નથી. એવો કસબ એમને સાધ્ય પણ નથી. એમણે માત્ર એમના સત્યને પૂરી પ્રામાણિકતાથી વાચકો સમક્ષ મૂક્યુ છે. લેખનમાં પ્રામાણિકતા આગવું મહત્ત્વ ધરાવે છે, ત્યારે એમની આ પ્રામાણિકતાનો મહિમા કરીએ.

**'જ્યોં કી ત્યોં ધર દીની ચદરિયા'**(જીવનકથા); **લેખકઃ** કાન્તિભાઈ મકવાણા - **સંપાદક :** બીરેન કોઠારી; **પ્રકાશકઃ** રતનમંગળ પ્રકાશન; **પ્રાપ્તિસ્થાનઃ** ધૈવત મકવાણા, ૧૮, સિદ્ધાર્થનગર સોસાયટી, રેલવે-સ્ટેશન પાછળ, નડિયાદ : ૩૮૭૦૦૨, જિ. ખેડા; મૂલ્ય : રૂ. ૪૪૦/-; સંપર્ક : કાન્તિભાઈ મકવાણા, મો. ૭૩૮૩૯૮૭૦૫૮.

# ચોથી ઔદ્યોગિક ક્રાંતિ અને ગિગ ઇકોનોમી / પ્રો. હેમન્તકુમાર શાહ

## પ્રસ્તાવના

ચોથી ઔદ્યોગિક ક્રાંતિ એટલે ભૌતિક(physical), ડિજિટલ અને જૈવિક(biological) જગતની સરહદો ભૂંસાઈ જવી તે. તેમાં કૃત્રિમ બુદ્ધિ(AI), રૉબોટિક્સ, ઇન્ટરનેટ ઑફ થિંગ્સ, થ્રીડી છાપકામ, જનીન-ઇજનેરી, ક્વૉન્ટમ ગણતરી અને એવી બીજી ટેક્નોલૉજીથી થતા વ્યવહારોનો સમાવેશ થાય છે. આ ક્રાંતિથી આપણે જે રીતે જીવીએ છીએ, કામ કરીએ છીએ અને એકબીજા સાથે જે વ્યવહાર કરીએ છીએ તેમાં મૂળભૂત ફેરફારો આવે છે. માનવજાતે ભૂતકાળમાં કદી અનુભવ્યા ના હોય તેવા બહોળા પ્રમાણમાં જટિલ રીતે પરિવર્તન આવી રહ્યું છે. ખાનગી ક્ષેત્ર, સરકાર અને નાગરિકસમાજ ત્રણેયે તેનો સંકલિત અને સર્વગ્રાહી પ્રતિભાવ આપવો પડે તેમ છે.

પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિમાં પાણી અને વરાળની શક્તિનો ઉપયોગ વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન માટે થયો. દ્વિતીય ઔદ્યોગિક ક્રાંતિમાં વીજળીનો ઉપયોગ ઉત્પાદન માટે થયો. તૃતીય ઔદ્યોગિક ક્રાંતિમાં વીજાણુ સાધનો અને માહિતી ટેક્નોલૉજીનો ઉપયોગ થયો. ચોથી ઔદ્યોગિક ક્રાંતિ ત્રીજી ક્રાંતિના પાયા પર ઊભી છે. ચોથી ક્રાંતિમાં અનેક પ્રકારની ટેક્નોલૉજી ભેગી થઈ છે કે જે ભૌતિક(physical), ડિજિટલ અને જૈવિક(biological) જગતની સરહદો ભૂંસી નાખે છે. આ ક્રાંતિએ ઝડપ, કાર્યાવકાશ અને વ્યવસ્થાઓ પર તેના પ્રભાવની બાબતમાં મોટી અસરો ઊભી કરી છે. નવી ટેક્નોલૉજી અને નવી ચીજો અગાઉ કરતાં અનેક ગણી ઝડપથી બજારમાં આવતી જ જાય છે. દરેક દેશમાં અને અર્થતંત્રના એકેએક ક્ષેત્રમાં તથા વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન, સંચાલન અને શાસનવ્યવસ્થામાં બહુ જ ઝડપથી તે વિક્ષેપ ઊભો કરે છે.

મોબાઈલફોનથી કરોડો લોકો એકબીજાના સંપર્કમાં આવ્યા છે, તેઓ માહિતી પર પ્રક્રિયા કરવાની, તેનો સંગ્રહ કરવાની અને જ્ઞાન પ્રાપ્ત કરવાની અમર્યાદ તાકાત ધરાવે છે. ડ્રૉન, સ્વયંચાલિત કાર અને અનેક પ્રકારનાં સૉફ્ટવેર આવી ચૂક્યાં છે અને આવી રહ્યાં છે. આ બધું જ માનવજાતની સંસ્કૃતિ પર પ્રભાવ પાડે છે.

## નવા સ્વરૂપના બજારમાં પડકારો અને તકો

ચોથી ઔદ્યોગિક ક્રાંતિથી વૈશ્વિક સ્તરે આવક વધી શકે છે અને જીવનની ગુણવત્તામાં સુધારો થઈ શકે છે. ગ્રાહકોને પોસાય તે ભાવે નવું ડિજિટલ જગત મળે છે, નવી વસ્તુઓ અને સેવાઓ ઉપલબ્ધ થાય છે કે જે અંગત જીવનમાં કાર્યક્ષમતા અને ખુશાલી વધારે છે. અનેક વસ્તુઓ અને સેવાઓ ખરીદવાનું ડિજિટલ થઈ ગયું છે. બજારમાં જેમ માંગપક્ષે ફેરફાર થયો છે તેમ પુરવઠાપક્ષે પણ ફેરફર થઈ શકે છે. ભવિષ્યમાં પરિવહન અને સંચારકર્મનું ખર્ચ ઘટી શકે છે અને ઉત્પાદકતા વધી શકે છે તેમજ આંતરાષ્ટ્રીય અને દેશીય વ્યાપાર માટે થતું ખર્ચ ઘટી શકે છે.

બીજી તરફ, અર્થશાસ્ત્રીઓ બ્રિન્જોલ્સન અને એન્ડ્રુ મેકાફી કહે છે તેમ ચોથી ઔદ્યોગિક ક્રાંતિને લીધે આર્થિક અસમાનતા વધી શકે છે, કારણ કે શ્રમબજારમાં તે વિક્ષેપ ઊભો કરે છે. દુનિયાભરમાં ઑટોમેશન વધી રહ્યું છે, તેથી મૂડીને મળતું વળતર વધે છે અને શ્રમને મળતું વળતર ઘટે છે; એટલું જ નહિ પણ તે બે વચ્ચેનો તફાવત વધતો જાય છે. જોકે, જે નોકરીઓ સલામત છે, તેમાં વળતર વધે છે. કોનામાં કેટલી પ્રતિભા ટેક્નોલૉજીના સંદર્ભમાં છે તેના પર બધો આધાર રહે છે. ઉત્પાદનમાં પણ મૂડી કરતાં વ્યક્તિગત પ્રતિભાનું મહત્ત્વ વધી જાય એમ બને. ઓછી કુશળતા અને ઓછો પગાર તથા વધુ કુશળતા અને વધુ પગાર — એવી રીતે બે ભાગમાં શ્રમનું બજાર વહેંચાઈ જાય એમ બની રહ્યું છે. તેનાથી સામાજિક તનાવો વધશે.

નિષ્ણાતો એમ કહે છે કે ચોથી ઔદ્યોગિક ક્રાંતિમાં બૌદ્ધિક અને ભૌતિક મૂડી જેની પાસે છે, તેવા સંશોધકો, શૅરધારકો અને શોધકોને સૌથી વધુ લાભ થશે. તેને લીધે જ અસમાનતા વધી શકે છે. જેઓ મોટે ભાગે શારીરિક શ્રમ પર આધાર રાખે છે, તેઓ સમાજમાં નીચલી પાયરી પર જ રહેશે. અત્યંત કુશળતા ધરાવતા લોકોની માંગ વધારે છે અને ઓછી કુશળતા ધરાવતા લોકોની માંગ ઓછી છે. ધનવાન દેશોમાં પણ અસમાનતા વધી રહી છે તેનું કારણ એ જ છે. કામદારોની વાસ્તવિક આવક લગભગ સ્થિર થઈ રહી છે અને તેથી તેમનામાં ભારે અસંતોષની લાગણી જન્મી છે. દુનિયાની ૩૦ ટકા વસ્તી સામાજિક માધ્યમોનો ઉપયોગ કરે છે અને કામદારોનો અસંતોષ તેમાં છતો થાય છે. તેઓ માહિતીની આપલે કરે છે અને એકબીજાના સંપર્કમાં રહે છે. આને પરિણામે સંસ્કૃતિઓનું આદાનપ્રદાન વધ્યું છે, એકબીજા વિશેની જાણકારી વધી છે. જે ઝડપે નવી નવી શોધો થઈ રહી છે, નવી-નવી વસ્તુઓ બજારમાં આવી રહી છે અને તેને લીધે જે વિક્ષેપો ઊભા થઈ રહ્યા છે, તે સમજવાનું અને કે તેમની ધારણા કરવાનું પણ અઘરું થઈ પડ્યું છે. એ બધાની વેપારધંધાઓ પર મોટી અસર થઈ રહી છે.

સંશોધન અને વિકાસ, ખરીદ-વેચાણ અને વિતરણ માટેનાં ડિજિટલ પ્લૅટફૉર્મ વધી ગયાં છે અને ગુણવત્તા, ગતિ અને ભાવ પર તે અસર કરી રહ્યાં છે. ગ્રાહકોનું વર્તન બદલાઈ રહ્યું છે અને તેઓ તેમને સામાજિક માધ્યમો પર મળતી માહિતી પર વિશેષ આધાર રાખતા થયા છે. તે મુજબ વસ્તુઓ અને સેવાઓની ડિઝાઇન અને બજાર ગોઠવાય છે. આમ, ગ્રાહકોની અપેક્ષાઓ, ઉત્પાદનમાં વધારો, સહયોગી સંશોધન અને સંગઠનોનું સ્વરૂપ એ બધા ઉપર આ નવી ડિજિટલ ટેક્નોલૉજીની અસર થઈ રહી છે. ગ્રાહકો વધુ માહિતગાર બની રહ્યા છે, કારણ કે દરેક વસ્તુ કે સેવામાં નવું ડિજિટલ તત્ત્વ ઉમેરાયું છે. વ્યક્તિગત પ્રતિભા, સંસ્કૃતિ અને સંગઠનની વ્યાખ્યાઓ બદલાઈ રહી છે. તેને લીધે જ કંપનીઓના સંગઠનમાં મોટા ફેરફારો થઈ રહ્યા છે. ઘરે બેઠા-બેઠા ઑફિસનું કામ કરવાની શક્યતાઓ વધે છે અને એ રીતે જાણે કે ઔપચારિક સંગઠનની આવશ્યકતા જ ઘટી જાય છે.

## સરકારો પરની અસરો

ચોથી ઔદ્યોગિક ક્રાંતિમાં સરકારો પર મોટી અસરો નીચેની રીતે પડી રહી છે અથવા પડી શકે છે :

(૧) સરકારો માટે લોકો પર નિગરાની રાખવાનું બહુ સરળ બની ગયું છે. કારણ કે ડિજિટલ વ્યવહારોને લીધે સર્વેલન્સ વધી શકે છે અને માળખાગત સવલતો પર સરકારનો અંકુશ પણ વધી શકે છે. તેથી પોલીસ-રાજ ઊભું થવાની શક્યતાઓ વધી જાય છે. આ રીતે સરકારોમાં સરમુખત્યારી વલણોને વેગ મળે એમ પણ બને. લોકશાહી દેશોમાં પણ સરકારો વધુ ને વધુ સરમુખત્યાર વલણો અખત્યાર કરે એમ બની શકે છે.

(૨) બીજી તરફ, નવી ટેક્નોલૉજી સરકારમાં લોકોની ભાગીદારી વધી શકે છે. સરકારે આ ભાગીદારી વધારવા માટે પ્રયાસ કરવો પડે અને

ટેક્નોલોજીનો ઉપયોગ કરવો પડે. અમેરિકન પત્રકાર અને લેખક એલ્વિન ટોફ્લર દ્વારા ૧૯૮૦માં લખાયેલા પુસ્તક 'The Third Wave'માં સેટેલાઇટ ટેક્નોલૉજી સાથે મહાત્મા ગાંધીનો વિકેન્દ્રિત સમાજ કેવી રીતે શક્ય બની શકે તેમ છે, તેની છણાવટ કરવામાં આવી છે. સરકારની નિર્ણયપ્રક્રિયામાં અને કાયદાના કે નિયમોના ઘડતરમાં લોકોની સામેલગીરી કેવી રીતે વધારવી તેના રસ્તા ડિજિટલ ટેક્નોલૉજીને લીધે વધુ ખૂલી ગયા છે. સત્તાનું વિકેન્દ્રીકરણ આ રીતે શક્ય છે.

(૩) સામાજિક માધ્યમોએ લોકશાહીને વધુ વિકેન્દ્રિત કરી છે. દરેક વ્યક્તિ પોતાનો અભિપ્રાય અન્ય અનેક લોકો સુધી પહોંચાડી શકે છે કે જે અગાઉ અશક્ય હતું. સરકારોએ પણ આ અભિપ્રાયોને ધ્યાનમાં લેવા પડે છે.

(૪) સરકારની યોજનાઓનો અમલ સારી રીતે થાય તેમાં સરળતા ઊભી થાય છે અને લાભાર્થીઓની સાચી ઓળખ શક્ય બને છે.

(૫) સરકાર વિશેની માહિતી બહુ ઝડપથી લોકો સુધી પહોંચે છે અને તેથી વધુ પારદર્શિતા ઊભી થાય છે. સરકારોએ બહુ ઝડપથી નવી ટેક્નોલૉજીને અપનાવવી પડે છે અને તેથી પણ પારદર્શિતા વધવી સંભવ બને છે. જો સરકારો આધુનિક ના બને તો તેમને લોકોના અસંતોષના ભોગ બનવું પડે છે. તેને માટે સરકારોએ નાગરિકસમાજ અને ઉદ્યોગ-જગત સાથે વધુ સંપર્કમાં રહેવું પડે છે.

(૬) રાજ્યની અને લોકોની સલામતીના ખ્યાલમાં સાયબર-સલામતીનો ખ્યાલ પ્રવેશ્યો છે. યુદ્ધ અને તેની સાથે સંબંધિત વ્યૂહરચનાઓમાં પણ સાયબર-સલામતી અને સાયબર-હુમલાના ખ્યાલો વધુ મજબૂત બનતા જાય છે.

## લોકો પરની અસરો

ચોથી ઔદ્યોગિક ક્રાંતિ આપણે બજારમાં ગ્રાહક તરીકે અને રાજ્યમાં નાગરિક તરીકે શું કરીએ છીએ તેને જ બદલે છે, એવું નથી પણ આપણે ખરેખર શું છીએ તેને વિશેના ખ્યાલો પણ બદલે છે. તે આપણી ઓળખ અને તેની સાથે જોડાયેલા પ્રશ્નોને પણ અસર કરે છે. અંગતતા વિશેના ખ્યાલો અને તેના અધિકારોને પણ તે બાબત સ્પર્શે છે. કામ કરવાની શૈલી તથા પદ્ધતિ, ચીજવસ્તુઓના વપરાશની તરાહ, આરામ માટેનો સમય કેવી રીતે વિતાવીએ છીએ તે, આપણી કારકિર્દી ઘડવાની અને કુશળતા વિકસાવવાની તૈયારી, લોકોને મળવાની અને લોકો સાથે સંપર્કમાં રહેવાની તથા સંબંધો નિભાવવાની આપણી ઇચ્છા અને શૈલી વગેરે તમામ બાબતોને એ અસર કરે છે. આપણા આરોગ્ય ઉપર અને બીમારીમાં થતી સારવાર ઉપર પણ આ નવી ટેક્નોલૉજી અસર કરે છે. આયુષ્ય, આરોગ્ય, બોધાત્મક અને શારીરિક ક્ષમતા વગેરે બદલાય છે અને તેથી નૈતિકતાના ખ્યાલો બદલાય છે.

પરસ્પર હળવામળવાની આપણી રીતો અને સહકાર સાધવાની આપણી જીવનશૈલી ઉપર તે અસર કરે જ છે. ચિંતન અને મનન જાણે કે દૂરની અને અલભ્ય ચીજો બની જાય છે. પ્રેમ અને લાગણીઓને તે ટેક્નિકલ બનાવે છે અને સાથે સાથે વિશ્વાસભંગ કરવો અને દગો દેવો એ સામાન્ય ઘટના બની જાય છે, કારણ કે માનવસંબંધો અવૈયક્તિક બને છે. મનુષ્યો વધુ ને વધુ ક્રૂર અને ઘાતકી બની રહ્યા છે કે શું? તેથી જુઠ્ઠાણાં પર અપાર વિશ્વાસ કરવો, અસત્ય આચરનારની ભક્તિ કરવી અને તેને આધારે પોતાની જિંદગીને આકાર આપવો એ સામાન્ય બાબત બની ગઈ છે. પ્રેમ અને દગો બંને ટેક્નિકલ બની ગયાં છે.

કદાચ સૌથી મહત્ત્વનો પ્રશ્ન અંગતતાના અધિકાર(right to privacy)નો છે. આપણા પોતાના વિશેની માહિતી પર આપણો પોતાનો કોઈ અંકુશ રહ્યો નથી અને રાજ્ય એની કોઈ ખાતરી આપવા માટે પણ મોટે ભાગે તૈયાર નથી. રાજ્ય જ વ્યક્તિઓ પર નિગરાની રાખે છે અને જાસૂસી કરે છે એવું નથી પણ માહિતી ટેક્નોલૉજીએ ખાનગી વ્યક્તિઓ અને સંસ્થાઓ માટે પણ બીજા લોકોની જાસૂસી કરવાનું શક્ય બનાવી દીધું છે. સરકારી કે ખાનગી રાહે ફોન હેકિંગ એ જાણે કે સામાન્ય બાબત બની ગઈ છે. તેને પરિણામે લોકોમાં ડર જન્મે છે અને તેઓ પોતે સ્વતંત્રતા ભોગવી શકતા નથી.

બજાર આ નવી ટેક્નોલૉજીથી અસમાનતા વધારે તો રાજ્ય તે દૂર કરવા માટે પ્રયાસ કરવો પડે. ટેક્નોલૉજી માણસ માટે છે, માણસ ટેક્નોલૉજી માટે નથી એ ત્યારે જ સમજાય કે જ્યારે આપણે ટેક્નોલૉજીને માનવમૂલ્યોની દૃષ્ટિએ તટસ્થ ના સમજીએ. જોખમો અને તકોથી ભરપૂર એવી આ નવી ટેક્નોલૉજી જો માનવ-અધિકારોને મહત્ત્વ ના આપે તો તે વધુ ને વધુ અસમાનતા, અન્યાય અને પર્યાવરણનું ધોવાણ સર્જશે તથા તે નાનાં કે મોટાં વિનાશક યુદ્ધો તરફ દોરી જશે.

જોકે, એવી કોઈ ટેક્નોલૉજી હોઈ શકે નહિ કે જેના પર મનુષ્યનો અંકુશ ના હોય કે અંકુશ ના રહી શકે. ટેક્નોલૉજી પેદા કરનાર મનુષ્ય છે અને મનુષ્ય જ તેનાથી અંકુશિત થઈ જાય તે તો તેની ઇચ્છા વિના શક્ય ના બને. એટલે રાજ્યમાં નાગરિકો તરીકે તથા બજારમાં ગ્રાહકો અને રોકાણકારો તરીકે જે નિર્ણયો આપણે લઈશું, અને સમાજમાં માનવસંબંધો અંગે જે વ્યવહાર કરીશું તે જ ચોથી ઔદ્યોગિક ક્રાંતિમાં મનુષ્યની જીવનશૈલીને નક્કી કરશે.

## ગિગ ઇકોનૉમી

'ગિગ ઇકોનૉમી' શબ્દસમૂહ સામાન્ય રીતે એવી કાર્યસ્થિતિ માટે વાપરવામાં આવે છે કે જેમાં મજૂરો કે કર્મચારીઓ કોઈક કંપની, સંગઠન કે સરકાર માટે ટૂંકા ગાળા માટે કામ કરે છે કે હંગામી કરાર પર કામ કરે છે. ડિજિટલ અર્થતંત્રમાં દરેક વ્યક્તિ સાથે કામ માટે સ્વતંત્ર કરાર કરવા એ કંપનીઓ માટે સામાન્ય બાબત બની ગઈ છે. ટેક્નોલૉજી પ્લૅટફૉર્મ્સ પર આ 'ગિગ ઇકોનૉમી' વધુ કામ કરે છે. આમ, 'ગિગ ઇકોનૉમી'માં કામનું સ્વરૂપ બદલાઈ ગયું છે અને કામનું પરંપરાગત સ્વરૂપ પરિવર્તન પામ્યું છે. એક અભ્યાસ એમ કહે છે કે અમેરિકામાં ૨૦૨૦ સુધીમાં ૪૩ ટકા કામદારો કે કર્મચારીઓ આ રીતે કરાર આધારિત ટૂંકા સમયનું સ્વતંત્ર કામ કરનારા હશે. યુરોપીય સંઘના ૧૪ દેશોમાં ૨૦૧૭માં ૯.૭ ટકા કામદારો આ રીતે કરાર પર જુદું-જુદું કામ કરીને આવક રળતા હતા. દુનિયાના અનેક દેશોમાં ડિજિટલ અર્થતંત્રને પરિણામે આ પદ્ધતિ દાખલ થઈ રહી છે. દરેક વ્યક્તિને તેનું નિશ્ચિત કામ સોંપવામાં આવે છે અને તે કામપૂરતું જ તે વ્યક્તિ જે-તે સંગઠન કે કંપની કે સરકાર સાથે જોડાય છે. 'ગિગ'નો અર્થ છે વ્યક્તિગત કામ કે સોંપવામાં આવેલું કામ. 'ગિગ ઇકોનૉમી'નાં લક્ષણો નીચે મુજબ છે :

(૧) મજૂરો કે કર્મચારીઓ ક્યાંય કોઈ આર્થિક સાહસ કે એકમમાં કાયમી ધોરણે કામ કરતા નથી. બધે જ કરાર આધારિત કામથી જ જોડાય છે.

(૨) વ્યક્તિની કુલ આવકમાં કોઈ એક કામમાંથી થતી આવકનો ફાળો નજીવો હોય છે. આવાં નાનાં નાનાં અનેક કામો કરીને વ્યક્તિ તેની આવક રળે છે કે જે તેની કાયમી નોકરીના કામમાંથી મળતી આવક

જેટલી થઈ જાય કે ના પણ થાય.

(૩) કંપનીઓને કાયમી કર્મચારી તરીકેના લાભ વ્યક્તિને આપવા પડતા નથી. એટલે કે સાપ્તાહિક રજા, પ્રોવિડન્ટફંડની કપાત, ઈજાના સંદર્ભમાં વળતર કે પેન્શન જેવા કોઈ પણ લાભ કામદારને આપવામાંથી કંપનીને મુક્તિ મળે છે. પરિણામે કંપનીનું વહીવટી કામ ઘટી જાય છે. કંપનીનો નફો વધવાની સંભાવના પણ તેથી વધી જાય છે.

(૪) વ્યક્તિને કામમાં લવચીકતા મળે છે, તે પોતાની ઇચ્છા અને સમય અનુસાર કામ મેળવે છે અને પોતાને અનુકૂળ હોય તે સમયે કામ કરે છે. કામ દિવસના કયા સમયે કરવું તે વ્યક્તિ જાતે નક્કી કરે છે. જેઓ સ્વતંત્ર રીતે કામ કરવા માગે છે, તેમને આ વ્યવસ્થા વધુ અનુકૂળ આવે છે. જોકે, વ્યક્તિએ જુદાં-જુદાં કામો વચ્ચે સંકલન કરવું પડે છે અને બધાં કામો સમયસર પૂરાં થાય તે માટે ધ્યાન આપવું પડે છે.

(૫) કરારમાં નિશ્ચિત કરેલા કામ માટે નિશ્ચિત કરેલી રકમ કામદારને કે કર્મચારીને કંપની તરફથી મળે છે.

(૬) આવકમાંથી વેરો ચૂકવવાની જવાબદારી વ્યક્તિની પોતાની હોય છે. કંપની કે કોઈ આર્થિક એકમ તે જવાબદારી લેતાં નથી.

(૭) જ્યારે કોઈ કર્મચારી કે કામદાર કોઈક સંગઠન સાથે કાયમી ધોરણે જોડાતા નથી, ત્યારે તેમની સંગઠન પ્રત્યે કોઈ જવાબદારીની ભાવના પેદા થતી નથી કે તેમની કોઈ વફાદારી પણ પેદા થતી નથી.

(૮) કોઈ પણ કંપની કોઈ કામદાર પર અમુક કામ કરવા માટે ફરજ પાડી શકતી નથી. કામદારને તે કામ અનુકૂળ હોય તો જ તે કામ કરવાનું સ્વીકારે છે.

(૯) કોઈ પણ કંપની કે સંગઠન કે સરકાર કોઈ પણ નિષ્ણાત વ્યક્તિ પાસેથી ગમે ત્યારે કરાર આધારિત કામ લઈ શકે છે. તેને લીધે ખર્ચ ઘટે છે અને છતાં કુશળ વ્યક્તિની સેવાઓ પ્રાપ્ત થાય છે.

(૧૦) કામની ઝડપ વધે છે. વસ્તુઓ અને સેવાઓ ઝડપથી ઉત્પન્ન થાય છે અને કાર્યક્ષમતાથી એટલે કે ઓછા ખર્ચે પેદા થાય છે.

(૧૧) 'ગિગ ઇકોનૉમી'માં કામદાર કે કર્મચારી માટે કામની કોઈ સલામતી નથી, તેથી તેના માથે સતત અસલામતીની તલવાર લટકતી રહે છે. પણ કોઈક કામ બંધ થાય, તો કોઈક કામ ચાલુ રહે છે અથવા નવું કામ મળે છે અને તેથી બધી આવક ગુમાવવાનો વારો આવતો નથી.

પુસ્તક-પરિચય

# દલિતજીવનનો અધિકૃત દસ્તાવેજ : 'જ્યોં કી ત્યોં ધર દીની ચદરિયાં' / નટુભાઈ પરમાર

'જ્યોં કી ત્યોં ધર દીની ચદરિયાં' લેખક - કર્મશીલ - અનુવાદક અને આજીવન શિક્ષક એવા નડિયાદનિવાસી કાન્તિભાઈ મકવાણાની જીવનસફર વર્ણવતું પુસ્તક છે.

કાન્તિભાઈ કહે છે કે તેમની આ જીવનસફરના આલેખનનો ઉદ્દેશ તેમના સમયનો, ત્યારના સામાજિક જીવન - રીતરિવાજોનો વર્તમાન અને ભવિષ્યની પેઢીને એક સંદર્ભ સંપડાવવાનો અને તેની સરખામણીએ વર્તમાન પેઢી ક્યાં ઊભી છે અને તેનું ભવિષ્ય કેવું હશે, તેનો એક અંદાજ પૂરો પાડવાનો છે. તો તે સાથે જ આ જીવનસફરનું સંકલન-સંપાદન કરનાર જાણીતા પત્રકાર-લેખક બીરેન કોઠારીનો મત છે કે, લેખક કાન્તિભાઈની જીવનસફરનો માર્ગ ઊબડખાબડ અનેક ચડાવઉતારથી - કાંટાઓ સાથેનાં ફૂલોથી સભર છે અને તે જ તેમણે આલેખ્યું છે.

લેખક અને સંપાદક બેય તેમનાં આ નિવેદનોમાં સાવ સાચા છે, તેની પ્રતીતિ, 'જ્યોં કી ત્યોં ધર દીની ચદરિયા'માંથી પસાર થનાર હર કોઈને થશે.

ત્રણ વિભાગો હેઠળ બાવીસ પ્રકરણોમાં પથરાયેલ, ચિત્રો-પ્રશસ્તિપત્રો સાથેના બસ્સો જેટલાં પૃષ્ઠોમાં સમાયેલ આ જીવનગાથા, ખેડા જિલ્લાના ચરોતરપ્રદેશના દલિતજીવન અને વિશેષ કરીને લેખક જે સમાજમાંથી આવે છે, તે વણકરોના દોહ્યલા જીવનનો પણ પરિચય કરાવે છે.

જીવનસફર લખનાર ખુદ દલિત હોય ત્યારે જાતિવાદી પીડાની લોહીઝાણ વેદનાઓ જે એણે વેંઢારી છે, તેનો ને તેમાંથી તેને મુક્તિ અપાવનારા મુક્તિદાતા ડૉ. ભીમરાવ આંબેડકરનો ઉલ્લેખ એના લેખનમાં સહજપણે વણાતો જતો હોય છે.

માતા-પિતાએ વેઠેલી જાતિગત વેદનાનો વારસો કાન્તિભાઈ સુધી પણ પહોંચેલો છે. લેખક ટુંડેલની પ્રાથમિક શાળામાં હતા, ત્યારે કેવી હતી એ સમયની સામાજિક પરિસ્થિતિ ? લેખક લખે છે : 'ગામમાં આભડછેટનું રાજ હતું. કોઈ પણ દલિતને ગામમાંથી પસાર થતી વખતે ફરજિયાત ટોપી પહેરવી પડતી. ગામ વચ્ચેથી સાઇકલ પર બેસી દલિત નીકળી શકતો નહીં. સાઇકલ દોરીને જ જવું પડતું. ગામનાં મંદિરોમાં દૂર ઊભા રહીને જ દલિતોએ દર્શન કરવા પડતા. દુકાને દૂર ઊભા રહીને જ ખરીદી કરવી પડતી. ભૂલેચૂકે કોઈ (દલિત) આગળ સહેજ વધી જાય, તો ગાળો સાંભળવી પડતી.... અમારા ગામના ભાથીજી મંદિરના તળાવના આરા પર દલિતોને કપડાં કે વાસણ ધોવાની છૂટ ન હતી..... હું શિયાળામાં સ્કૂલે જવા ગામમાંથી પસાર થતો, ત્યારે ગામના ઉજળિયાતો જો સામે મળી જતા તો એવી હાડ થીજવી દેતી ઠંડીમાંય મને જોતાંવેંત તેઓ તેમની જાતને મારાથી દૂર કરી દેતા.'

૪-૪-૧૯૪૪ના રોજ ટુંડેલ (તા. નડિયાદ, જિ. ખેડા)માં જન્મેલા કાન્તિભાઈને જીવનમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવા મહામાનવનો પ્રથમ પરિચય થયો, જ્યારે તેઓ બાર વર્ષના હતા. એ દિવસ હતો ૬ ડિસેમ્બર, ૧૯૫૬ - ડૉ. બાબાસાહેબ નિર્વાણદિન. કાન્તિભાઈ લખે છેઃ 'પિતાજી સાંજે મિલમાંથી ઘેર આવ્યા ને મહોલ્લાના સૌને તેમણે ભેગા કર્યા ને કહ્યું કે આપણા પછાતવર્ગના મહાન નેતા ડૉ.બાબાસાહેબ આંબેડકરનું અવસાન થયું છે અને તે નિમિત્તે મિલમાં આજે કામ બંધ છે. બસ આ વાત મેં પહેલી વાર સાંભળી ને મને બહુ જિજ્ઞાસા થઈ આવી કે કોણ હશે આ ડૉ. બાબાસાહેબ આંબેડકર ?'

બાર વર્ષની સાવ કિશોર વયે ઘર કરી ગયેલી એ જિજ્ઞાસા લેખક જ્યારે આજે ઉંમરના ૭૭મા વર્ષના પડાવે ઊભા છે, ત્યારે કેવો રંગ લાવી છે ? લેખકને એણે કઈ હદે પ્રેરિત કર્યા છે ? તેનો એક સુરેખ આલેખ આપણને કાન્તિભાઈની જીવનકથામાંથી મળે છે.

૧૯૬૬માં ૨૧ વર્ષની યુવાન વયે અમદાવાદના સરકારી પ્રેસમાં ક્લાર્કની નોકરી મળી ને એ નિમિત્તે અમદાવાદની આંબેડકરમય ચાલીઓમાં રહેવાનું થયું અને અહીં યોજાતા મેળાવડાઓમાં ડૉ. આંબેડકર

અને આંબેડકરીય - દલિતસાહિત્યનો કાન્તિભાઈને વિશેષ પરિચય મળ્યો. લેખક એ હદે આંબેડકરીય વિચારધારાને અનુસરતા ગયા કે બાબાસાહેબના દળદાર પુસ્તકનો 'જીવનસંઘર્ષ' હેઠળ ગુજરાતી અનુવાદ, ધ્યાનસંદેશ ભાલેકરના પુસ્તકનો વધુ એક અનુવાદ 'આંબેડકર : ઓશોની આંખે', જ્યોતિબા ફુલે પરના પુસ્તકનો અનુવાદ, બુદ્ધવિચારશરણીને વ્યક્ત કરતું સ્વતંત્ર પુસ્તક 'મંગલપથ' સુધી એમની આ શબ્દયાત્રા પહોંચી. લેખનથી જ નહિ અટકીને એક સાચા દલિત કર્મવીર-કર્મશીલ બની ચૂકેલા કાન્તિભાઈએ, ૧૪ એપ્રિલ, ૧૯૭૩ - ડૉ. બાબાસાહેબના જન્મદિને એમના નાના એવા ગામ ટુંડેલમાં, ખુદ બાબાસાહેબના જ્યેષ્ઠ પુત્ર એવા ભૈયાસાહેબ - યશવંતરાવને નોતર્યા ને તેઓ આવ્યા પણ !

આંબેડકરી આદર્શોને વરેલા છોટુભાઈ બુદ્ધિસ્ટ નામના ગામના સજ્જનનું પણ લેખકના વિચારોના ઘડતરમાં બહુમૂલ્ય યોગદાન છે.

ક્લાર્કની નોકરી છોડી શિક્ષક બનેલા ને તે પછી આજીવન શિક્ષક જ રહેલા કાન્તિભાઈએ, સ્વજનોની વિદાય, પારિવારિક આફતો, આર્થિક બેહાલીના એ દિવસોમાં પણ સમાજ માટે કંઈ કરી છૂટવાના ધ્યેય સાથે, પરિવાર કે સમાજસેવા એવા બે વિકલ્પો વચ્ચે માર્ગ કાઢતા રહી, સમાજ પ્રત્યેના પોતાના દાયિત્વને જે કુનેહ અને જુસ્સા સાથે નિભાવ્યું છે, ખરેખર તો તેની આ કથા છે, જે નવી દલિત પેઢીને પ્રેરણાદાયી છે.

વતનના ગામે ભાદરવા સુદ ચૌદશે, ગામની પરિક્રમા અને મહાયજ્ઞનો રિવાજ. એ માટેનાં લાકડાં એકઠાં કરવાનું કામ પરંપરાથી ગામના વણકરોએ કરવાનું રહેતું. આવા જ એક દિવસે ૧૯૬૫માં ૨૧ વર્ષની ધગધગતી યુવાન વયે આગેવાની લઈને આ કામનો ઇન્કાર કર્યો. પરિણામ, વણકરો તમામનો બહિષ્કાર, તીક્ષ્ણ હથિયારોથી હુમલો ને ભર્યાભાદર્યા ઘર, ખેતર, ખોરડાં છોડીને રાતોરાત વણકરોની ટુંડેલથી નડિયાદ હિજરત. પોલીસ-ફરિયાદ, વિધાનસભા સુધી આ બનાવનો પડઘો અને જીવસટોસટના સંઘર્ષ પછી-સરકારી ખાતરી પછી વતનના ઘરે સૌની વાપસી.

આ સનસનીખેજ ઘટના આ યુવાન એના આવનાર જીવનમાં શું કરવાનો છે યા શું કરી શકે તેમ છે ? તેનો જ અણસાર આપતી હતી.

ત્યારે એ દિવસો હતા જ્યારે સામાજિક રીતે નિઃસ્વાર્થભાવે સક્રિય રહેનારાઓની શાસકો, અધિકારીઓ ને રાજકારણીઓ પણ નોંધ લેતા. કાન્તિભાઈની સક્રિયતાને કારણે 'ખેડા જિલ્લા શિક્ષણસમિતિ'માં તેઓ કોઑપ્ટ સભ્ય નિમાયા અને આ સંસ્થાના મુખપત્ર 'શિક્ષણસુવાસ'ના સંપાદક પણ નિમાયા. એમની આ સક્રિયતાની કૉંગ્રેસી આગેવાનોએ વિશેષ નોંધ લઈ એમને કૉંગ્રેસપક્ષમાં જોડ્યા, રાજ્ય સ્તરના પ્રાથમિક શિક્ષણ બોર્ડના બિનહરીફ સભ્ય બનાવ્યા અને ૧૯૮૧માં ગુજરાત રાજ્યમાં જ્યારે સૌપ્રથમ વાર 'ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ'ની રચના થઈ, ત્યારે ત્યાં પણ તેમની બોર્ડ ઑફ ડિરેક્ટર્સમાં નિયુક્તિ થઈ. જ્યાં કાન્તિભાઈએ ૧૯૮૧થી ૧૯૯૦નો પૂરો દાયકો નિષ્ઠાભરી સમાજસેવા બજાવી.

પોતાના ભાઈઓ એવા વણકરો માટે વતનના ગામે ગાલીચા વણાટકેન્દ્રને ભારે આર્થિક મુશ્કેલીઓ વચ્ચે પણ તેમણે ચલાવ્યું ને તેની જમીન હજી હમણાં ૨૦૧૯માં સરકારશ્રીને અનુદાનમાં આપી દઈને તેમણે સમગ્ર દલિતસમાજના છાત્રો માટેના છાત્રાલયનો માર્ગ મોકળો કરી આપ્યો છે.

જીવનકથા લખવાને પૂરતા એવા અનુભવો સાથે એક પક્વ ઉંમરે તેને લખી રહેલા લેખક, સમાજબંધુઓની સેવા કરવાને ઊભી થતી સંસ્થામાં પત્ની શારદાબહેને પોતાના ઘરેણાં ગીરવે મૂક્યાં, નોકરી નહિ મળતા આ ગાલીચાકેન્દ્રને તૂટતું નહિ બચાવી શકેલા દીકરા નિરંજનની અણધારી વિદાય, પોલિયોગ્રસ્ત પુત્રને કારણે પૂરા પરિવારની વ્યથા, ઑસ્ટ્રેલિયા જઈ વસેલા ને 'કલર્સ ઑફ ડાર્કનેસ' (રંગભેદ / જાતિવાદને Juxtapose કરતી) ફિલ્મ દ્વારા આંતરરાષ્ટ્રીય સન્માન પામેલા ગિરીશ મકવાણાના એ ઓચ્છવમાં સપરિવાર હાજરી, છેક લંડન જઈ ત્યાંના દલિતસમુદાયની રેલીમાં ઉપસ્થિતિ, નાટક-ટીવી વાર્તાલાપો-કવિતા ને અનેક પુસ્તકો દ્વારા અવિરત રહેલી સર્જનયાત્રા, મળેલ સન્માનો - પુરસ્કારો, 'હિન્દછોડો ચળવળ'ના એક લડવૈયા એવા પિતા, ઘરના ખૂણે ઘંટી પર અનાજ દળતી વાત્સલ્યમૂર્તિ મા, ભાઈઓ-બહેનો, દાદા-દાદી સાથે લેખકનાં સંસ્મરણો તેમજ સ્વતંત્રતા પછી તુરત ૩૦ મે, ૧૯૪૭ના રોજ રચાયેલા 'ચરોતર વણકર સમાજ'ના બંધારણ, તેની જોગવાઈઓ અને તેની આજની પરિસ્થિતિ વિશેનાં અવલોકનો પણ અહીં વાચનક્ષમ અને ધ્યાનાકર્ષક બની રહ્યાં છે.

સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકાના રણમલપુરા ગામે ૧૯૭૪ની ૨૨ જૂને બનેલા જઘન્ય દલિત-અત્યાચારના સ્થળની કેતન મહેતા ('ભવની ભવાઈ' ફેમ), મનીષી જાની, રૂપા મહેતા અને પત્ની શારદા સાથે મુલાકાત લઈ, ત્યારે નવા-નવા શરૂ થયેલા દૂરદર્શન કેન્દ્ર (પીજ-નડિયાદ) દ્વારા તેની વ્યાપક પ્રસિદ્ધિ અને દલિતજાગૃતિ ક્ષેત્રે કાન્તિભાઈએ જે યોગદાન આપ્યું છે, તે ચિરસ્મરણીય છે. કાન્તિભાઈ દારૂબંધી અને કુરિવાજો સામે પણ લડનારા આજીવન યોદ્ધા છે.

યૉસેફ મેકવાન, રમણ માધવ,અનિલ વાઘેલા, રમણ મેકવાન, શૈલેષ ક્રિસ્ટી, રમણ નડિયાદી, હરીશ મકવાણા, હસમુખ વાઘેલા જેવા અનેક સર્જકોએ ખેડા જિલ્લો અને ખાસ કરીને ચરોતરી પ્રદેશને તેમના સર્જનમાં રજૂ કર્યો છે. કાન્તિભાઈ મકવાણા તે માંહેના જ એક છે. આ લખનાર પોતે પણ ખેડા જિલ્લાનો મૂળ વતની હોઈ, કાન્તિભાઈની આ કથા વાંચવાનો અને તેના વિશે કંઈક લખવા તેનો ઇરાદો બન્યો !

હમાર મારવી, પંજેઠી, કરકુંવાસીઓ, ફડચિયું, વળગણી, નેયો જેવા ચરોતરી લોકબોલીના અનેક શબ્દો આ જીવનકથામાં સહજ પ્રયોજાયા છે.

જીવનકથાના લેખક આંબેડકરીય આદર્શોને વરેલા છે અને બૌદ્ધધર્મ પર એમણે 'મંગલપંથ' પુસ્તક લખ્યું હોવા છતાં, પોતે બૌદ્ધધર્મ સ્વીકારવાના નથી, તેવી હિંમતભરી સ્પષ્ટતા પણ કરે છે ! લેખકના પૂરા જીવનમાં નડિયાદ સ્થિત સંતરામ- મંદિર અને તેના સંતોનો ખૂબ મોટો પ્રભાવ રહ્યો છે, જે આજ પર્યંત જળવાઈ રહ્યો છે. દીકરી મનીષાનાં લગ્ન પણ આ મંદિરમાં જ લેવાયાં હતાં. વારતહેવારે એમના ઘરે સંતોની ઉપસ્થિતિ થતી રહે છે.

દલિતોમાંથી અને વિશેષ કરીને વણકરોમાંથી મોટા પાયે ખ્રિસ્તીધર્મમાં ધર્માંતર થયું એમાં ખેડા જિલ્લો મોખરે રહ્યો છે. એનાથી લગ્નો વખતે ઊભી થતી સામાજિક સમસ્યાને પણ વર્ણવવાનું લેખક ચૂક્યા નથી. તેઓ લખે છે : 'અમારી દીકરી મનીષાના સંબંધ માટે અમે તપાસ શરૂ કરી હતી, પણ ચરોતરનાં મોટા ભાગનાં વણકર કુટુંબોએ ખ્રિસ્તીધર્મ

*અનુ. પૃ. ૧૯*

Reg.under RNI NO. GUJGUJ/2009/29656, Registered under Postal Registration No. GAMC-777/2021-2023 valid upto 31st December-2023 issued by the SSPO's Amdavad City Division, Permitted to Post at Amdavad PSO on 1st & 16th of every MonthPublish on 1st & 16th of every Month..

**શબ્દલીલા**

# સ્ત્રીયાર્થ : વાંધાવિરોધથી વધામણી સુધી

ઉર્વીશ કોઠારી

અસમાનતાને ઓગાળવા માટે પ્રયોજાતા નવા શબ્દોની વિચિત્ર નિયતિ હોય છે. અસમાનતા સામેની આગ ચળવળને બળતણ પૂરું પાડે છે, તો ક્યારેક એ આગમાં સૂકા ભેગું લીલું પણ બળતું હોય છે. તેનો એક નમૂનો રજનીકુમાર પંડ્યા સાથે થયેલી વાતચીત અને તેમની પાસેથી મળેલી વિગતોમાંથી જાણવા મળ્યો.

રજનીકુમાર પંડ્યાએ તેમની બેહદ વખણાયેલી નવલકથા 'કુંતી'માં એક પાત્રના મોઢે સંવાદ મૂક્યો હતો, 'હિંમતકુમાર, ઘણાંને પુરુષાર્થ ફળે છે. તમને સ્ત્રીયાર્થ ફળ્યો.' વર્ષ ૧૯૮૯-૯૦ દરમિયાન આ નવલકથા 'ચિત્રલેખા'માં હપતાવાર પ્રગટ થઈ, ત્યારે 'સ્ત્રીયાર્થ' શબ્દ ચલણમાં ન હતો. એ નિતાંત રજનીકુમારની સર્જકતાનું પરિણામ હતો. અભિવ્યક્તિના ધસમસતા પ્રવાહમાં, નીપજાવવા ખાતર નહીં, પણ સ્વાભાવિક ક્રમમાં નીપજી આવતા નવા શબ્દો રજનીકુમારના લેખનની ખાસિયત છે. તેમણે યોજેલા 'સ્ત્રીયાર્થ' પાછળનો તર્ક સ્પષ્ટ હતો : પુરુષ કરે તે પુરુષાર્થ, તો સ્ત્રી કરે તે સ્ત્રીયાર્થ કેમ નહીં?

૧૯૯૦ના અરસાના નારીવાદી વિમર્શમાં આ શબ્દ પોંખાય ને ચલણી બને એવી પૂરી સંભાવના હતી. પણ બન્યું તેનાથી સાવ ઊલટું. બકુલાબહેન ઘાસવાલાએ 'સ્ત્રીયાર્થ' શબ્દ સામે વાંધો ઉઠાવતું ચર્ચાપત્ર સુરતના દૈનિક 'ગુજરાતમિત્ર'માં લખ્યું. ત્યાર પછી બીજી કેટલીક બહેનોએ પણ તેમના વાંધાને સમર્થન આપતાં ચર્ચાપત્રો લખ્યાં. એ વાતનાં આઠેક વર્ષ પછી,૧૯૯૮માં 'ટીવીના પડદે રજૂ થતું નારીરૂપ' એ વિષય પર નવલેખિકાઓ માટેની એક શિબિર તીથલમાં યોજાઈ હતી. તેમાં વક્તા તરીકે રજનીકુમારે સ્ત્રીગૌરવના હેતુથી—એ સંદર્ભે 'સ્ત્રીયાર્થ' શબ્દ પહેલી વાર પ્રયોજ્યાનો ઉલ્લેખ કર્યો, ત્યારે તેમના પર નવેસરથી પસ્તાળ પડી. એક બહેને કહ્યું કે 'અમારે એવા સદ્‌ભાવની જરૂર નથી', તો બીજાં બહેને કહ્યું,' તમારી આ સાઇકોલૉજી એમ બતાવે છે કે તમે પુરુષો સ્ત્રીઓને નિર્માલ્ય ગણો છો.' બે-ચાર બહેનોએ તો વળી, ખબર નહીં શું સમજીને, 'તમારે પણ મા-બહેન-પત્ની-પુત્રી હશે', એવું આક્રમકતાથી કહ્યું—જાણે, 'સ્ત્રીયાર્થ' શબ્દથી સ્ત્રીજાતિનું અપમાન થતું હોય.

તીથલની એ શિબિરમાં બીજાં બહેનોની સાથે ભાવનગરનાં પ્રતિભાબહેન ઠક્કર પણ હાજર હતાં. વર્ષો પછી, ૨૦૧૫માં પ્રતિભાબહેને લેખિકાઓનું એક વૃંદ સ્થાપ્યું અને તેનું નામ આપ્યું 'સ્ત્રીયાર્થ'. તેમાં ઘણી બહેનો ઉત્સાહભેર સામેલ થઈ. અત્યાર લગીમાં 'સ્ત્રીયાર્થ' વૃંદ તરફથી એ જ નામે કેટલાંક પ્રકાશનો પણ થયાં છે. ત્યારે એવો સવાલ સહજ થાય કે ૧૯૯૦માં ને ૧૯૯૮માં 'સ્ત્રીયાર્થ' શબ્દનો ઉગ્ર વિરોધ કરનારાં બહેનોનો 'સ્ત્રીયાર્થ' વિશે અભિપ્રાય હવે બદલાયો હશે કે અગાઉ એ શબ્દ કોઈ પુરુષ દ્વારા યોજાયો, તેની સામે વાંધો પડ્યો હશે સાચું કારણ તો ત્યારે વાંધો પાડનારાં અને હવે તે શબ્દનો ઉત્સાહભેર સ્વીકાર કરનારાં બહેનો જ કહી શકે.

રજનીકુમારે નીપજાવેલો શબ્દ ઝુંબેશના ભાગ રૂપે નહીં, સર્જકતાની અભિવ્યક્તિ રૂપે હતો. સમાનતાના ઊંચા આદર્શની દૃષ્ટિએ ઇચ્છનીય તો એ ગણાય કે પુરુષો 'પુરુષાર્થ' ન વાપરે, સ્ત્રીઓ 'સ્ત્રીયાર્થ' ન વાપરે અને બંને 'મનુષ્યાર્થ' જેવો કોઈ સર્વસામાન્ય શબ્દ અપનાવે—જેમ, ગુજરાતી 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના ટૂંકા ગાળાના તંત્રી-અવતાર દરમિયાન, 'નિરીક્ષક'તંત્રીએ મહિલાઓના આત્મકથાનકની કૉલમ માટે 'પ્રથમ પુરુષ એકવચન'ને બદલે 'પ્રથમ વ્યક્તિ એકવચન' જેવું શીર્ષક પ્રયોજ્યું હતું. (તેમના મતે, વ્યાકરણની દૃષ્ટિએ સ્ત્રી+અર્થ = સ્ત્ર્યર્થ વધુ યોગ્ય ગણાય.)

પરંતુ મનુષ્યાર્થ જેવું કંઈ તો થાય ત્યારે ખરું. ત્યાં સુધી 'સ્ત્રીયાર્થ'ના આરંભે આક્રમક અસ્વીકાર અને પછી ઉલ્લાસભેર સ્વીકાર પાછળનું રહસ્ય, કોઈ પણ ભાષાપ્રેમીને કે સમાજના પ્રવાહોના વિદ્યાર્થીને મૂંઝવે એવું નથી?

**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h. Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone : 079-26562806 E-mail : prakash.nireekshak@gmail.com
**Printed at** Shardul Printing Press, B/6, Rambha Complex, Income Tax, Ashram Road, Ahmedabad-14. E-mail : shardulpress@gmail.com